॥संगीतगीता-भाषांतर॥

રચનાર
સાધ્વી કસ્તુરબાઈ (विमला.)
થાણા કાઠિયાવાડ.

પ્રસિદ્ધ કરનાર
ગોપીનાથ વૈજનાથ યાજ્ઞિક.
કોંટ્રાકટર.
ઉમરડ—કાઠિયાવાડ

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦
સંવત ૧૯૬૯ સને ૧૯૧

શ્રી"સત્યપ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસમાં શા પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું.
બાદીઆ—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦-૬-૦



પરમકૃપાલુ પૂજ્યપાદ સદ્ગુરુ પરમાત્મા શ્રીમન્નાથશર્મા.

The Bombay Art Printing Works, Fort.

॥ सं[illegible]गीता-भाषांतर॥

રચનાર

સાધ્વી કસ્તુરબાઇ (विमला.)

ટાણા. કાઠિયાવાડ.

પ્રસિદ્ધ કરનાર

ગોપીનાથ વૈજનાથ યાજ્ઞિક.

કંટ્રાકટર.

ઉસરડ—કાઠિયાવાડ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

સવત્ ૧૯૬૯. સને ૧૯૧૩

શ્રી "સત્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યુ.

ખાડીઆ—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦-૬-૦

ॐ

अर्पण पत्रिका.

દ્વિજોને તેમના શુભ ધર્મોમાં યોજી તેમને સન્માર્ગે ચઢાવનાર, મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનનું રહસ્ય સમજાવનાર, અધિકારી જનોને યોગમાર્ગનું જ્ઞાન કરાવનાર, જિજ્ઞાસુઓને ભક્તિનો સરલ રસ્તો બતાવનાર, અને અન્ય સજ્જનોને શુદ્ધવ્યવહારનું ભાન કરાવનાર પૂજ્યપાદ, કૃપાસિંધુ સદ્‌ગુરુપરમાત્મા શ્રીમન્નાથ યોગીશ્વર.

હે પ્રભો ! જ્યારથી મેં આપ કૃપાલુશ્રીનું અનન્ય શરણ ગ્રહણ કર્યું છે ત્યારથી મારા સર્વ સંશયો છેદાઇ ગયા છે, અને પૂજ્ય ગુરુશ્રીની કૃપાથી મારી વૃત્તિ પ્રાયશ સમભાવવાળી બની રહી છે. પ્રભો ? હું અલ્પજ્ઞ આપ સર્વજ્ઞની કેવી રીતે સ્તુતિ કરૂં ? મહાન્ ઋષિગણો પણ શ્રીસદ્‌ગુરુપરમાત્માની યથાર્થ સ્તુતિ કરી શક્યા નથી તો મારા જેવી એક અબળા વિશેષ શું કરી શકે ? શ્રી સદ્‌ગુરુ પરમાત્માના વિશાળ પ્રદેશમાં મન પહોંચી શકતુ નથી, અને પોતાની અલ્પજ્ઞતાથી શ્રીસદ્‌ગુરુપરમાત્માના અલૌકિક ભૌતિકસ્વરૂપને બીજાં શરીરોજેવું તે શરીરને કલ્પી શ્રીસદ્‌ગુરુપરમાત્માતરફથી કૃપાકટાક્ષનો લાભ મેળવી શકતા નથી.

હે પ્રભો ! આ અબળાને આપે વિવિધ ઉપદેશ કરી તેના અંત.કરણને આપશ્રીના પારમાર્થિક સ્વરૂપમાં ભક્તિભાવવાળું બનાવ્યું છે, જે વિભુતિના મધુરપ્રસાદથી તેણે આ સંગીતગીતાભાષાંતર નામનુ પુસ્તક બુદ્ધિ અનુસાર બનાવ્યું છે, અને તે પુસ્તક આપશ્રીના ચરણકમલમાં પ્રણામપૂર્વક અર્પણ કરે છે તે સ્વીકારી કૃતાર્થ કરશો.

લી.

આપશ્રીની આશ્રિત

કસ્તૂર.

પ્રસ્તાવના.

ગીતાનું સંગીત ભાષાંતર કેટલાક વિદ્વાનોએ કરીને આર્યપ્રજા ઉપર મહત્ ઉપકાર કર્યો છે. સાધ્વી કસ્તૂરબાઇ કે જેઓ વિમલાના નામથી કેટલાક મુમુક્ષુઓને પરિચિત છે તેમણે ગીતાનું સંગીત ભાષાંતર કરી મુમુક્ષુ-જનોને હિતાર્થે પ્રકટ કરાવ્યું છે. ગીતાશાસ્ત્ર સર્વે ધર્મોવાળાને માટે આંધળાની લાકડી જેવું છે. આખી પૃથિવીમાં ગીતાશાસ્ત્ર એ અગ્રગણ્ય પુસ્તકમાંનું એક છે. આ ગીતાશાસ્ત્રનું પાશ્ચાત્ય વિદ્વાનોએ ઇંગ્રેજી ભાષામાં પણ ભાષાંતર કર્યું છે એ વિવેકીઓની દ્રષ્ટિબહાર નથી. વર્તમાનમાં સ્ત્રી પુરુષોનો ગાયનમાં વિશેષ અભિરુચિ જણાય છે, એવા હેતુથી ગીતાનું સંગીત ભાષાંતર કરી તેને પુસ્તકના રૂપમાં જનસેવાર્થે બહાર પાડવામાં આ તપસ્વીની બાઇ કે જેમનું જીવનચરિત્ર આ સાથે પ્રકટ કર્યું છે તેમણે શ્રમ લઇ ગુજરાતી ભાષા જાણનારાઓ ઉપર એક ઉપકાર કર્યો છે. આ સાધ્વીબાઇની કવિત્વશકિત કેટલી છે તથા તેમની કવિત્વશકિતમાં કેટલી માધુર્યતા છે તેનો અનુભવ આ બાઇ તરફથી રચીને પ્રકટેલ થયેલ કસ્તૂર-કૃતિ નામનું પદ્યાત્મક પુસ્તક જેમણે વાચ્યું છે તેમને થયો છે જેમને સંગીતનું જ્ઞાન છે તેઓ આવાં પુસ્તકો ખરીદી, તેનું વાચન મનન કરે છે, તથા આવાં પુસ્તકોનું કેટલું માહાત્મ્ય છે તે યથાર્થ રીતે સમજી શકે છે. ગાયન એવી વસ્તુ છે કે જો તે ગાયનને તેના રાગમાં બરોબર ગાય છે તો તેના અંતઃકરણમાં તે ગાયનના વિષયની બરોબર છાપ પડે છે એટલુંજ નહિ પરંતુ જેઓ તે વિશુધ્ધ ગાયનોનું શ્રવણ કરે છે તેમના અંતઃકરણમાં પણ શુધ્ધ છાપ પડી સાંભળનારના પાપસંસ્કારો ઓછા થાય છે. આ સંગીતગીતામાં તેના કર્તાએ જુદા જુદા રાગોમાં ગીતાના અઢારે અધ્યાય ગુંથ્યા છે જેથી રસિક સ્ત્રી પુરુષોને આ સંગીતગીતા

ખાંડના નાળિએર જેવું અનુભવાય એમ કહેવાય તો તે અતિશયોક્તિ ભરેલું નજ ગણાય.

આ સંગીતગીતાની ૧૦૦૦ પ્રતો કઢાવી છે અને તેનું મૂલ્ય રૂ. ૦–૬–૦ રાખ્યું છે. આર્યપ્રજા તરફથી આ પુસ્તકનો એકદમ ઉઠાવ થઇ જાય અને બીજી આવૃત્તિ વખતે તેની વિશેષ સંખ્યામાં પ્રતો નીકળે તો તેનું મૂલ્ય ઓછું કરી શકાય. બીજી આવૃત્તિ વખતે વિશેષ પ્રતો નીકળે એ આર્યપ્રજાના વિવેક ઉપર આધાર રાખી શકાય છે આ સાધ્વીબાઇના સહવાસમાં આવેલા વિવેકીસજ્જનોએ આ પુસ્તકની શક્ત્યાનુસાર પ્રતો ખરીદી બ્રાહ્મણોને પુણ્યાર્થે આપી આ બાઈના શ્રમને આદર આપવો યોગ્ય છે.

આ પુસ્તકનું ખર્ચ જતાં જે રકમ વધશે તે બીલખા આનંદાશ્રમમાં આપવાની છે. કેટલાક મનુષ્યો કે જેઓએ પુસ્તક છપાવવાના કામમાં ચંચુ પ્રવેશ કર્યો છે તેઓ ઝટ હીસાબ ગણીને બેસે છે કે એક ફારમે ૦–૦–૩ પાઇ કે ૦–૦–૪ પાઇ છપામણી વગેરે થઇને થાય, પરંતુ તેમનો આવો હીસાબ નકામો છે જ્યારથી આવાં પુસ્તકો રચવાનો આરંભ કર્યો હોય ત્યારથી તે પુસ્તકો ખપવાના સમયનો અડસટ્ટો બાંધી તથા તેની પ્રતો તરફ દૃષ્ટિ કરી પુસ્તકોની કીંમત રાખી શકાય છે એ હીસાબે અડસટ્ટો બાંધી તેની રૂ. ૦–૬–૦ કીંમત રાખી છે, છતાં એટલું તો સાચું છે કે આવાં પુસ્તકોની બીજી આવૃત્તિ વખતે પુસ્તક રચવાનો શ્રમ દૂર થયેલો હોવાથી તેની કીંમતમાં ઘટાડો થઇ શકે.

પ્રકટ કરનાર.

ૐ

શ્રી ગીતાજીનું ગુજરાતીમાં સંગીતમાં ભાષાંતર કરનારનું ટુંક જીવન વૃત્તાંત.

આ સાધ્વી કાઠીઆવાડ મધ્યે ભાવનગર તાબાના સીહોર ગામમાં સહસ ઔદીચ્ય સીહોર સંપ્રદાયના વેદમૂર્તિ દેવશંકર નામના બ્રાહ્મણને ત્યાં સંવત્ ૧૯૨૪ના માઘ વદિ ૧૧ ને ભોમવારના રોજ જન્મ્યાં હતાં. તેમનાં માતુશ્રીનું નામ અજુબા હતું. આ તેમના માતપિતાનો વ્યવહાર પણ ઈશ્વર ભક્તિમાંજ આયુષ ગાળી પ્રારબ્ધનો ક્ષય થતાં પંચત્વને પામ્યાં. સાધ્વીનાં માતપિતાને તેમના જન્મ પછી અને પહેલાં એમ બે પુત્રો હતા તેમાં વડીલ પુત્ર વ્યવહાર કુશળ અને જ્ઞાન કુશળ હતા, અને નાનો પુત્ર ઉદાસીનવત્ વ્યવહાર થોડો ચલાવી ફક્ત એક દિવસની તાવની બીમારી ભોગવી રામરામની ધુન લગાવી પોતાની મેળે શબાસન કરી પ્રાણનો ત્યાગ કરી સદ્ગતિને પામ્યા. વડીલ બંધુ પણ નાની ઉમરમાંજ એક પુત્રને પાછળ મૂકી સ્વર્ગસ્થ થયા. તેમનો પુત્ર થોડી મુદત વ્યવહારમાં રહી વર્તમાનમાં પરમહંસદશાને ભોગવી દેશાન્તરમાં વિચરે છે. કનિષ્ટ બંધુનો પુત્ર રામાનુજ સંપ્રદાયમાં ખાખીની દીક્ષા લઇ હાલમાં ખાખી સ્વરૂપે રહે છે. તેનો વૈરાગ્ય પણ યોગ્ય છે.

૨ સાધ્વીનાં માતાપિતા મુંબઇમાંજ રહેતાં હતાં અને તેઓ એવા વિચારનાં હતાં કે પોતાનો વ્યવહાર પરમાર્થ સુધર્યો તેવો પોતાની સંતતીનો પણ સુધરે તો સારૂં. આવા વિચારથી તેઓ સાધ્વીને વારંવાર શિક્ષણ આપતાં, અને સાધ્વીનો અભ્યાસ ગુજરાતી બીજી ચોપડી સુધીનો ગોકળદાસ તેજપાલની સ્કુલમાં હેડમિસ્ટ્રેસ જમનાબાઇના હાથ તળે થયો હતો.

૩ પૂણ્યવાન્ સાધ્વીનાં માતપિતાદિની યોગ્ય કેળવણીથી બાલ્યાવસ્થાથીજ સાધ્વીના હૃદયમાં વૈરાગ્યના અંકુરોનો ઉદય થવા લાગ્યો. એક સમય નેપાળથી કોઇ જમનાબાઇ કરીને યોગિની મુંબઇ ગિરગામમાં આવ્યાં હતાં તેમના દર્શનાર્થે તેમનાં માતપિતાની જોડે સાધ્વી પણ ગયાં. ત્યાં લોકોનો સમૂહ વિશેષ હોવાથી સાધ્વીને દર્શનની આતુરતા ઘણી છતાં વખત ન મળવાથી એકદમ ધાડેસ્વરે રડવા લાગ્યાં. આ સ્વર યોગિનીના કાને પડતાં પોતાની પાસે બોલાવ્યાં અને આશ્વાસન આપ્યું. આ વખત સાધ્વીની ઉંમર ૮ વરસની હતી સાધ્વીએ યોગિનીને સાષ્ટાંગ દંડવત્ કરી, ચરણ પકડી રાખ્યાં, અને પોતાનાં માતપિતાને કહ્યું કે હવે તમો ઘેર જાઓ, અને મારે તો આ સંસારરૂપી અંધારા અને ઉંડા કુવામાં નહિ પડતાં મારા પરમશ્રેયનો માર્ગ શોધવા આ યોગિની સાથે જવું છે, આમ કહી હઠ પકડી બેઠાં. પછી તેમને બલાત્કારે ઘેર તેડી લાવ્યા. ઘર આગળ તેમના પિતાના ગુરૂ આવ્યા, અને કહ્યું કે, સાધ્વી કેમ રીસાયાં છે? ત્યારે તેમના માતપિતાએ ઉપરનું વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારે ગુરૂએ કહ્યું કે, બેટા તું રડમાં, અને તારા ભવિષ્યમાં ૩૭ મે વરસે ત્યાગ છે તે તું સ્મરણમાં રાખજે, અને તારાં માતપિતાની આજ્ઞાથી જે જે શુભ વ્યવહાર હોય તે પ્રારબ્ધને વશ થઇને ભોગવેજા. આ પ્રમાણે બાલ્યાવસ્થાથીજ પ્રારબ્ધ ભોગવતાં ક્રમે ક્રમે જે સ્થિતિએં આવ્યાં તેનું વૃત્તાંત હવે આવશે.

૪ સાધ્વીનું વેવિશાળ ભાવનગર તાબાના ટાણા ગામમાં ધર્મ પરાયણ શ્રદ્ધાવાન પુરૂષોત્તમ નામના બ્રાહ્મણના પુત્ર જયરામ જોડે બચપણથીજ થયું હતું.

૫ સાધ્વીનાં લગ્ન ૯ મું વરસ બેસતાં થયાં હતાં. કારણ કે કદાચ બે વરસ લગ્નને વિલંબ કરવાથી સાધ્વીની વૃત્તિમાં ફેર પડે. આમ

તેમના માતપિતાને વિચાર થયો, અને ૧૬ મે વરષે સાધ્વી લૌકિક રીતે પોતાના સ્વસુરવાસમાં આવ્યાં. ત્યાં પણ પોતાના ગૃહકાર્ય અને વ્યવહાર કાર્યમાં કુશળ હોવાથી અને સાસુ સ્વસુરની સારી આજ્ઞા પાળવાથી તેમનું સ્વસુર કુટુંબ અને સંબંધી જનોને અતિ પ્રિય થઇ પડયાં હતાં. સાધ્વીના પતિ બ્રહ્મચર્ય પાળી નડિયાદમાં સંસ્કૃત અભ્યાસ કરતા હતા અને ૨૪ વરસની વય થતાં ૯ સર્ગ રઘુવંશ અને ત્રણ વૃત્તિ સારસ્વતનો અભ્યાસ કરી જાફરાબાદ આદિ ગામોમાં શ્રીમદ્ભાગવતની સપ્તાહો કરતા હતા.

૬ આવી રીને ચાલતા વ્યવહારમાં મધ્યાવસ્થામાં અન્યોન્યના નિઃસ્વાર્થ અને શુદ્ધ પ્રેમથી યોગ્ય વ્યવહાર કરતાં અને વખતો વખત શાન્ત વિનોદથી સાધ્વી પોતાના પતિને કહેતાં કે હે સ્વામીન્! આપણે અનેક જન્મથી અજ્ઞાન દશામાં પુરૂષ તથા સ્ત્રી શરીરમાં ભોગ્યપણાની બુદ્ધિ ધારી હશે અને ધારીએ છીએ માટે આપ હવે પ્રભુના અનુગ્રહથી આપ વિશુદ્ધ પ્રીતિવાન પતિ મને પ્રાપ્ત થયા છો તેથી હું મારાં અહોભાગ્ય માનું છું કે જેથી મને આપણા પરમપૂજ્ય પરમાત્માશ્રીની ભકિતમાં સહાયકારી થશો અને નાના પ્રકારની વાસનાઓ રૂપી નદીથી પાર ઉતારવા મને આપ નાવરૂપ થશો. હે પ્રાણનાથ! હું આપના પાસે વસ્ત્રાલંકાર વગેરે અન્ય કાંઇ ઇચ્છતી નથી માત્ર આપણો વ્યવહાર તથા પરમાર્થ શોભે એવાં ભૂષણો ઉભયને ગ્રાહ્ય છે માટે નીચેના શ્લોકોકત ભૂષણો ધારણ કરાવશો.

हस्तस्य भूषणं दानं सत्यं कंठस्य भूषणम् ।
श्रोतस्य भूषणं शास्त्रं भूषणं किं प्रयोजन ॥

વળી લૌકિક રીતે એક પુત્ર અને એક દોહીતા થાય એટલે આ સંસારની અયોગ્ય અને નિષ્ફળ પ્રવૃત્તિથી ઉપરામ થવું એજ ઇચ્છા છે.

૭ સાધ્વીએ વિચાર્યું જે શંકર ભોગ અને મોક્ષ ઉભયપ્રદ છે. આમ ધારી અડગ શ્રદ્ધા રાખી શ્રીશંકરનું ઉપાસન કર્યું. જે કોઇ પદાર્થમાં તન્મય થવાય તો તે પદાર્થ તેને અવસ્ય પ્રાપ્ત થાય છે આમ સાધ્વીને વિશ્વાસ હતો. એક વખત તેમના પતિ જાફરાબાદ તરફ ગયા હતા અને સાધ્વી પોતાના પીયર સીહોર ગયાં હતાં ત્યાં એક દિવસ તેને સવારના ચાર વાગતાં સ્વપ્ન થયું તેમાં શ્રીશંકરે આવી સોપારી જેવડું લીલુ શ્રીફળ આપીને કહ્યું કે આ શ્રીફળની પુજા કરજે અને જ્યાં પુજન ગૃહ હોય ત્યાં મેલી આવ. તો તેજ અવસ્થામાં પુજામાં મેલી આવ્યાં એટલામાં શંકર અદ્રસ્ય થઇ ગયા તેથી સાધ્વી રડવા લાગ્યાં ને તુરત જાગ્રતીમાં આવ્યાં. અને પ્રાતીભાસીક સત્તા સમજી ઘરકાર્યમાં પ્રવૃત્ત થયાં. અને એમનાં માતુશ્રી સ્નાનાદિકથી પરવારી પુજન કરવા બેઠાં એટલામાં તે શ્રીફળ જોયુ અને સાધ્વીને બોલાવ્યાં ને કહ્યું. તે ચમત્કાર જોતાં તેમને આનંદાવેશથી પાંચ મીનીટ સુધી મુરછા રહી અને પછી સ્વસ્થ થઇને સ્વપ્નનો વૃત્તાંત જણાવ્યો એટલે તેમનાં માતુશ્રીને પણ આશ્ચર્ય ઉત્પન થયુ તે સભવીત છે આ વાંચકવર્ગો પણ સ્વતઃ સમજશે.

૮ ઉપરની વાતને ચારેક દિવસ થયા એટલે તેમના પતિ જાફરાબાદ તરફથી આવ્યા અને દંપતી શ્રી મુબઇ ગયાં અને ત્યાર બાદ દશ માસે મુંબઇમાં સં. ૧૯૪૬ ના શ્રાવણ વદી ૧૨ ને ભોમવારે પુત્રનો જન્મ થયો તેમનું નામ શંકરની કૃપાનું ફળ છે આમ માની કૃપાશંકર નામ રાખ્યુ. ત્યાર બાદ સંવત ૧૯૫૧ ના ફાલ્ગુન વદી ૮ શનીવારે એક પુત્રીનો જન્મ થયો તેમનું નામ મુક્તાગવરી રાખ્યુ. જે શ્રીફળ પુજનમાં રાખવામાં આવ્યું હતું તે કૃપાશંકરનો જન્મ થતાં અદ્રસ્ય થઇ ગયું.

૯ આ પ્રમાણે પુત્ર અને પુત્રીનો જન્મ થયા બાદ દંપતી વાનપ્રસ્થ ગાળવા લાગ્યાં અને ધર્મ ઉપર પ્રબળ ઇચ્છા થવા લાગી અને

ઘર આગળ સાધુઓનો ઉતારો થવા લાગ્યો. સાધ્વીનું સંગીત જ્ઞાન સારૂં અને સ્વર પણ આનંદજનક અને તે બધો વખત ભજનમાંજ ગાળવા લાગ્યાં અને વ્યવહારની પ્રવૃત્તિ તમામ કાઢી નાખી તેથી કહેવત પ્રમાણે ભક્ત જગતને વૈર છે આ પ્રમાણે સ્વજ્ઞાતીમાં સાધ્વીની નીંદા થવા લાગી. પરંતુ જેમ જેમ નિંદા વધતી ગઇ તેમ તેમ સાધ્વી વિશેષ આનંદ માનતાં ગયાં અને લોકોના ઉદ્‌ગારોના જવાબ સંગીતમાંજ દેવા લાગ્યાં કે જેનું સાધ્વીએ એક વિજ્ઞાનચંદ્ર નામે પુસ્તક બહાર પાડેલ છે તેમાં સર્વ હકીકત છે.

૧૦ પૂર્વના કોઇ ઉગ્ર પૂણ્ય પ્રભાવનો ઉદય થવાથી દંપતીનો ઐક્ય વિચાર હોવાથી સાધ્વીના વચનમાં તેમના પતિને દ્રઢ વિશ્વાસ હતો તેથી તેનું વચન માન્ય રાખતા. એક વખત સાધ્વીએ કહ્યું કે કૃપાશંકરને ઉપવિત ધારણ કરાવો. આ સાંભળી તેમના પતિએ કહ્યું કે આવતા માઘમાસમાં રાખીએ તો ? ત્યારે સાધ્વીએ કહ્યું કે આવતા માઘમાસમાં કદાચ વિઘ્ન આવશે આમ સાંભળી તેમના પતિએ તુરતજ ઉપવિત આપવાનું કબુલ કર્યું અને ત્યાર પછીના આશ્વીન માસમાં સાધ્વીનાં માતુ તથા પોષમાસમાં તેમના ભાઇ આ બેઉ સ્વર્ગવાસી થયાં.

૧૧ સાધ્વીને મુક્તાગૌરીનાં લગ્ન જલદી કરી નાખવાની ઘણી ઉત્કંઠા હોવાથી ૭ મે વરસે તેનાં જલદી લગ્ન કરી નાંખ્યાં. પછી સાધ્વી એક દિવસ તેમના પતિને કહેવા લગ્યાં કે જગત્‌માં બાળકની જ્ઞાન શક્તિ પ્રથમ કાચી અને કુણી હોય છે તેને જ્યાં સુધી સંસાર સંબધી બ્યસનોના તાપો ન લાગ્યા હોય ત્યાં સુધી જેવું વલણ આપીએ તેવું આપી શકાય છે. પણ ઉપરોકત તાપો લાગવાથી જ્ઞાનશકિત કઠણ થઇ ગયા પછી તેને બીજી વ્યુત્પતિ આપી શકાતી નથી. એટલા માટે એ જ્ઞાન શકિત કુણી હોય ત્યાંજ તેને બ્રહ્મભાવની વ્યુત્પતિ આપવી યોગ્ય ગણાય પણ જીવપણા અદિમિથ્યાભાવનું શિક્ષણ આપવું

તે આપ જેવા તેમના પિતાને યોગ્ય ન ગણાય. અને આ જઠરાગ્નિમ તપ્યા પછી ભવિષ્યમાં જઠરાગ્નિમાં ન તપાય તોજ .તેમનું જીવનનુ ખરૂં સાર્થક કહેવાય. માટે તેને કોઇ યોગ્ય સ્થાનકે રાખી સારૂ શિક્ષણ અપાય તો યોગ્ય ગણાય કે જેથી તેના મનુષ્ય જન્મનુ સાર્થક થઇ મોક્ષ પ્રાપ્તિની મહાદશાને પામે. ઉપરનો વિચાર દપતીને પરસ્પર યોગ્ય લાગતાં તુરતમાંજ કૃપાશંકરને ભાવનગર તાબામાં શ્રી મોટા ગોપનાથ-જીના બ્રહ્મચારીજીની પાસે મૂકયા ત્યાં સસ્કૃત અભ્યાસ સંહીતાના ૪૦ અધ્યાય આદિ બીજો પણ સાધારણ અભ્યાસ કર્યો સાધ્વીનું જવું આવવું કોઇ કોઇ વખત શ્રી મોટા ગોપનાથજી થતુ અને કૃપાશકરને કહેતાં કે હે પ્રીય પુત્ર ! આ પંચભુતાત્મક શરીર મલીન પદાર્થના સમુહ રૂપ છે આમ સમજી રાજ્ય કાર્યની ખટપટરૂપ પ્રવાહમાં ન તણાતાં જેમ માતાપિતાદિથી મમત્વક્ષીણ થયો છે તેમ તેમાંથી પણ શન શનૈ અહં મમત્વનો ત્યાગ કરવો અને સંસારથી અત્યંત ઉદાસ થઇ બ્રહ્મરૂપને જાણવાની તીવ્ર ઇચ્છાવાળા થવુ એ જીવનનુ સાર્થક છે.

૧૨ સાધ્વી કૃપાશકરને શ્રી મોટા ગોપનાથજીની જગોમાં ત્યાંના બ્રહ્મચારીજીને સુપ્રત કરી આવ્યા બાદ મુક્તાગૌરીને કહ્યું કે બ્હેન તમને વૈશાક માસમાં આણું વળાવીએ તો ? ત્યારે તેમણે ગભીર હૃદય રાખી વિનય વચનથી કહ્યું કે હે માતુશ્રી ! હુ જાણુ છું કે આપ હવે જે કાર્ય કરો છો તે તદન ઉદાસીનતાથીજ કરો છો અને આ વખત આપને આ દુખરૂપી સંસાર ત્યાગ કરવાની તિવ્ર લાગણી થઇ છે તેથી મને હાલ ફાગણમાસમાંજ આણું વળાવી દીયો અને મારી એટલી વિજ્ઞપ્તિનો આપ સ્વીકાર કરો કે જે મને કાંઇ લૌકિક રીવાજ પ્રમાણે કરીયાવરમાં આપ આપવા ધારતાં હો તો ફકત એટલુંજ કરો કે અમારો ઉભયનો વ્યવહાર પરમાર્થ સુધારે એવું આશીર્વચન આપો એજ ઇચ્છું છું. આવાં અમુલ્ય વચનોથી સાધ્વીને ઘણો આનંદ થયો અને તેજ માસમાં આણું વળાવી સાસરે મોકલ્યાં.

૧૩ હવે સાધ્વી પોતાના પતિને વિજ્ઞપ્તિ કરી કહેવા લાગ્યા કે હે સ્વામીનાથ ! હવે આપણે સંસારમાં ઉપયોગી કાર્યોથી પરવાર્યા છીએ અને હવે મારૂં ચિત્ત ટોળામાંથી છુટા પડેલા મૃગની માફક ક્યાં જાઉં અને શું કરૂં ? એવા પ્રકારની ચિંતાથી બહુજ ગભરાય છે. આ સાંભળી તેમના પતિએ કહ્યું કે હે દેવી ! જેમ તમારી મરજી હોય તેમ કરો. હું લોકલાજ નહિ રાખતાં તમારી ઇચ્છાનુસાર થવા દેવા ખુશી છું. ત્યારે સાધ્વીએ કહ્યું કે દેહેષ્ણા લોકૈષ્ણા અને શાસ્ત્રૈષ્ણા એજ મનુષ્યને સ્વરૂપ લાભમાં વિઘ્નરૂપ છે માટે હું જે લોકોના સમુહમાં લાજ મર્યાદાથી વર્તું છુ તેજ ગામ અને તેજ સમુહમાં કફની પહેરી છુટા કેશ મૂકી હાથમાં તુંબીપાત્ર લઇ ભર બજાર વચ્ચે આપણા માનેલ કુટુંબમાં ભીક્ષા લેવા જાઉં અને હાલ બે માસ નદી કિનારે જે શિવાલય છે ત્યા રહું અને મેં કફની શીવી રાખેલ છે તે આપશ્રી મને પહેરાવો. કારણ કે આપ પણ ગુરૂ તુલ્ય છો. આ સાંભળી અન્યોઅન્ય દંપત્તિનો વિશુદ્ધ પ્રેમ હોવાથી તિરોહિત થતાં બે બંધુઓનો ભાવ ઉદય થયો અને હાથમાં કફની લઇ શિવાલયમાં જઇને સાધ્વીને કફની પહેરાવી પોતે ઘર આગળ આવ્યા અને સાધ્વીને કહેતા ગયા કે મારા વડીલ બંધુને ત્યાં પ્રથમ ભીક્ષા કરવા જજો. સાંજના પાંચ વાગતાં સાધ્વીનાં જેઠાણી શંકરના દર્શનાર્થે આવ્યાં અને ઉપરની સ્થિતિ જોઇને કહેવા લાગ્યાં કે આવી રીતે લાજમર્યાદા છોડીને બેઠાં છો તેથી તમારા જેઠ ખીજાશે. ત્યારે સાધ્વીએ જવાબ આપ્યો કે બહેન ! સંબંધતો સ્વપ્ન સમાન છે. તે સંબંધની વાત છોડી દો અને મારે ભીક્ષાર્થે તમારે ત્યાં પ્રથમ આવવું છે માટે ઘેર જાઓ અને તમારા પતિને કહો અને સાથે આ ઉદ્‌ગારો પણ કહેશો કે તેણે કહ્યું છે કેઃ—

"કુળ મારૂં તમે છો ક્યાંજ કરૂં હું લોકો કેરી લાજ" (આ વાંચવાની ઇચ્છા થાય તો વિજ્ઞાનચંદ્ર બીજી આવૃત્તિના છેલા ભાગમાં ૧૩૨ મે પાને જોવું.)

સાધ્વીના ઉદ્‌ગારો તેમનાં જેઠાણીએ તેમના પતિને કહ્યા તે સાંભળી તેમના પુત્રને તેડવા મોકલ્યો અને પ્રથમની ભીક્ષા ત્યાંથી લાવ્યાં. સાધ્વીના જેઠ પણ કાશીમાં વિદ્યાભ્યાસ કરી સારી વિદ્વતા સંપાદન કરી છે. સાધ્વી ઉપર પ્રમાણે તેના દીયર આદિ કુટુંબમાં ઘણી પ્રસન્નતાથી અને ઉત્સાહથી ભીક્ષા લેવા જતાં અને સર્વે આનંદથી લેવરાવતાં તે પ્રમાણે ત્યાં ૨॥ માસ રહ્યાં

૧૪ સાધ્વીની પ્રબળ ઇચ્છા હતી કે કોઇ શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ શ્રીસદ્‌ગુરૂની દીક્ષા લેવી તેટલામાં સંવત્ ૧૯૬૩ ના જેઠ માસમાં પરમકૃપાળુ પૂજ્યપાદશ્રી પરમાત્મસ્વરૂપ સદ્‌ગુરુ શ્રીમન્નાથ પ્રભુ શ્રી ભાવનગર પધાર્યા તેથી તેમના પતિને કહ્યું કે મારે દીક્ષા લેવા માટે શ્રી ભાવનગર જવું છે આપની પણ ઇચ્છા હોય તો આ તક પછી મળવી નથી. આથી બેઉજણ ભાવનગર આવ્યાં અને દીક્ષા લીધી અને ત્યાર પછી તે ચાતુર્માસ સીહોરમાંજ કર્યો. કાર્તિક માસમાં સાધ્વી શ્રી આનંદાશ્રમ બીલખે ગયાં અને ત્યાંથી આજ્ઞા થતાં પોરબંદર ગયાં અને તેમના પતિ શ્રી ગોપનાથજી ગયા. સાધ્વી ૮ માસ ત્યાં રહ્યાં અને તે ચાતુર્માસ શ્રી આનંદાશ્રમ બીલખામાંજ કર્યો

૧૫ સાધ્વીની પોરબંદર સ્થિતિ હતી તે વખત શ્રી લીંબડી દરબારશ્રીનાં રાણીના આગ્રહથી એક વખત અને મહારાજશ્રી દોલતસિંહજીના રાજ્યાભિષેકના વખતમાં તેમના આગ્રહથી એક વખત એમ લીંબડી દરબારમાં જતાં અને તેજ પ્રમાણે લાઠી દરબારશ્રીનાં રાણી સાહેબોના આગ્રહથી ત્યાં પણ જતાં.

૧૬ સાધ્વીની વૃત્તિ સમુહમાં રહેવાથી પ્રતિકૂળતાવાળી હતી તેથી પરમકૃપાળુ પૂજ્યપાદ શ્રી સદ્‌ગુરૂને વિજ્ઞપ્તિ કરી કે આજ્ઞા હોય તો હવે તો સીહોરની ગુફામાં રહેવા ઇચ્છા છે. તેથી આજ્ઞા મળવાથી સીહોર ગુફામાં આવી રહ્યાં. આ વખત સાધ્વી ફક્ત દુધથીજ નિર્વાહ કરતાં હતાં.

१७ સાધ્વી ગુફામાં હતાં તે વખતે પોતાના પતિ વખતો વખત ત્યાં આવીને સાધ્વીની સ્થિતિ જોતા એક વખત તેમના પતિએ સાધ્વીને કહ્યું કે મારી ઇચ્છા હવે સંન્યસ્ત લેવાની છે. પરંતુ સાધ્વીને તે વખત લાગ્યું કે હજુ સંન્યસ્તની સ્થિતિને પ્રાપ્ત થયા નથી તેથી તે વખત ના કહી અને કહ્યું કે જ્યારે હું કહુ ત્યારે તમારે સન્યસ્ત લેવું. આ પ્રમાણે વખતો વખત કહેતાં કહેતાં દોઢ વરસ ગયા પછી સાધ્વીને જણાયું કે હવે સન્યસ્ત લેશે તો ઠીક છે આમ ધારી સાધ્વી ભાવનગર આવ્યાં અને પોતાના પતિને ઘણી ઉત્સાહથી સન્યસ્ત ધારણ કરાવ્યું. અને તેઓનો પ્રથમ ચાતુર્માસ ભાવનગરમાં કરી બીજો ચાણોદ કરનાલી કર્યો અને ત્રીજા ચતુર્માસ માટે શ્રી કાશી વિચર્યાં.

૧૮ કૃપાશંકરને શ્રી ગોપનાથજીની જગોમાં વિશેષ પ્રવૃત્તિવાળું લાગવાથી અને વ્યવહારના જેવી ક્રીંવા તેથી વિશેષ ખટપટ ત્યાં તેમને લાગવાથી તેમજ સાધ્વીના હમેશાંનાં બોધવચનોનું સ્મરણ આવવાથી તેમને ત્યાં રહેવાની ઇચ્છા ક્ષીણ થઇ ગઇ અને તેને એમ લાગ્યું કે જ્યારે મેં સંસાર ત્યાગ કર્યો છે ત્યારે મોક્ષનો માર્ગ કાં ન પકડવો. આમ ધારી સાધ્વીની આજ્ઞા મેળવી શ્રી કાશીક્ષેત્રમાં અભ્યાસ કરવા ગયો કે જ્યાં તેમના પૂર્વાશ્રમના પીતા (સન્યાસી) ની સ્થિતિ હતી. કાશી ગયા બાદ અભ્યાસમાં લાગતાં સ્વામીજીની શારીરિક પ્રકૃતિ બગડવાથી તેમની સેવામાં રહેવું થયું.

૧૯ એક વખત સ્વામીજીએ કૃપાશંકરને કહ્યું કે આ સ્થૂલને આ સ્થિતિએ લાવનાર દેવીનાં દર્શન જો એક વખત થાય તો સારૂં. આવી ઇચ્છાથી ભાવનગર આવવા વિચાર કર્યો પરંતુ શરીર ઘણું જરજરીભુત થવાથી તે વ્યર્થ હતું તેથી તાર કરીને સાધ્વીને ત્યાં શ્રી કાશીમાં બોલાવ્યાં અને સાધ્વીની સાથે આઠ દિવસ સમાગમમાં રહી સં. ૧૯૬૮ ના જેઠ વદ ૯ ના રોજ દેહનો ત્યાગ કર્યો.

સાધ્વી ત્યાંથી હરદ્વાર વગેરે સ્થળે યાત્રા કરી પાછાં આવીને આનંદાશ્રમ બીલખામાં પરમકૃપાળુ પૂજ્યપાદ શ્રી સદ્ગુરુશ્રીના દર્શનાર્થે ગયાં. તે વખત કૃપાશંકરની સ્થિતિ વિષેની હકીકત વિદીત કરતાં કહ્યું કે આપશ્રીના ચર્ણાવિંદમાં રાખશો આમ મારી વિજ્ઞપ્તિ છે. કારણ કે તેનાં જીવનનું સાફલ્ય અન્ય સ્થળે નથી. આ પ્રમાણે વિજ્ઞપ્તિથી આજ્ઞા થઇ કે આનંદાશ્રમમાં રહેવાને અડચણ નથી તેથી કાશીથી બોલાવીને તુરત શ્રી સદ્ગુરુશ્રીના ચરણાવિંદમાં મૂકયો.

૨૦ સાધ્વીની દ્રઢ ભકિતના ચમત્કારીક પ્રભાવો ઘણા છે તેમાંના એકાદ બે નીચે જણાવેલા યોગ્ય ધારી જણાવુ છું:—

૧ એક વખત સાધ્વી ભાવનગર જવા સારૂ ટાણાથી નીકળ્યા તેવામાં રસ્તામાં વરસાદ થવાથી સમઢીયાળું કરીને ગામ છે ત્યાં રોકાણાં. ગામમાં પટેલ રહેતો હતો તેને ઘેર ઉતરવા ગયાં તો ત્યાં તે ઘરનાં બધાં માણસો ઘણાં ઉદાસ નજરે પડયાં તેથી સાધ્વીએ પૂછ્યું કે તમે બધાં આમ ઉદાસમાં કેમ છો ? તેથી તેઓએ કહ્યું કે કાલે પાંચ ઢોર દર્દથી મરી ગયાં છે અને આજપણ આ ૧ ભેંશ અને પાંચ બળદ ઘડી પળ થઇ રહ્યાં છે તેથી અમો દુઃખી છીએ. સાધ્વીને પ્રથમમાં તો ઘરે પટેલ ઉતરવાની પણ ના કહેતા હતા. સાધ્વીને તે વખત એક ઉપાસ્ય દેવની ઉપાસના હોવાથી દરરોજ સાંઝ સવાર લોબાનનો ધુપ કરતાં. તે પ્રમાણે તે રાત્રે પણ ત્યાં તેમણે ધુપ કર્યો એટલે તુરત છએ જનાવરો ઉભાં થઇને ઘાસ ખાવા લાગ્યાં. આ ચમત્કારથી પટેલનાં ઘરનાં માણસો સાધ્વીને પગે લાગવા માંડયાં અને સાધ્વી ટાણામાં હતાં ત્યાં સુધી દરશાલ અમુક મણ અનાજ ઘરે પહોંચતું કરતાં.

૨ કફની પહેરવાને સુમારે અઢી માસ થયા તેટલો સમય સાધ્વી ટાણા ગામમાંજ શ્રીશંકરના દેવાલયમાં નિવાસ સ્થાન કરી રહ્યાં હતાં. મહાશંકર કરીને પ્રશસ્ય રાજગર બ્રાહ્મણ સાધ્વીના

સમાગમમાં હરખત આવતા તેથી લોકો તેને કહેવા લાગ્યા કે શું દરરોજ તે બાઇના સમાગમે જાય છે માટે તું તેને કહે કે ગામમાં ન રહે અને અલશી પહેરી ગામમાં ન આવે. કારણ કે ગામની સ્ત્રીયોને બોધ આપી બગાડશે. આવાં ગામનાં લોકોનાં વચનોથી તે માહાશંકરનુ મન ઉશ્કેરાયાથી તે સાધ્વી પાસે આવીને કહેવા લાગ્યો કે તું આ પ્રમાણે ગામમાં નિર્લજ થઇને બેઠી છો તેથી મને ગામના લોકો ઠપકો આપે છે અને તેં મારૂં નાક કપાવ્યું. આવાં ક્રુર વચનો સાંભળીને સાધ્વીના હૃદયને મોટો આઘાત થયો. તે શિવાલયનું દ્વાર બંધ કરી રડવા લાગ્યાં અને પરમાત્માનું ધ્યાન ધરી આર્તસ્તુતિ કરવા લાગ્યાં. તેવામાં રાત્રે બાર વાગતાને સુમારે સાક્ષાત્ શ્રીસદ્દગુરૂ પરમાત્મા સ્વરૂપનાં દર્શન થયાં કે જે વખત ગુરૂદીક્ષા પણ લીધી ન હતી તેમ અગાઉ કોઇ વખત પણ શ્રી સદ્દગુરૂશ્રીનાં દર્શન પણ થયાં નહોતાં. જે વખત આંહી દર્શન થયાં તેજ વખતના સુમાર પર રાત્રે માહાશંકર રાજગરનું કોઇએ નાક કાપ્યું અને જે જખમથી તે ત્રણ દિવસ સુધી બેભાન રહ્યો. સાધ્વી તુરત ભાવનગર આવ્યાં અને દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી એક આંટો સાધ્વી ટાણે ગયાં ત્યારે તે પગે પડીને કહેવા લાગ્યો કે તમે તો સાક્ષાત્ દેવી છો પણ મારાં કૃત્ય મને નડયાં છે. કારણ કે દુષ્ટ લોકોના કહેવાથી મેં તમારા જેવા મહાત્માનું મન દુઃખાવ્યું તેનું પ્રાયશ્ચિત મારે જ ભોગવવુ જોઇએ.

૩ ભાવનગર નજીક તાતણીયા ધરાવાળાં ખોડીયાર માતાની જગ્યા છે ત્યાં અનુષ્ટાનમાં તેમના પતિ ગયેલા તેથી તેમને રસોઇ કરી આપવા સાધ્વી ગયેલાં ત્યાં એક દિવસ ભાવનગર દરબાર શ્રી તરફથી માતાજીને બોકડો ચડાવવાનો દરસાલના નિયમ પ્રમાણે માવજી કરીને ખવાસ તે પ્રમાણે બોકડો લઇ માતાજી પાસે આવ્યો તે ખબર સાધ્વી-

ને પડતાં તુરત માતાજીના મંદિર પાસે આવીને બોકડાને ગળે બાઝી પડ્યાં અને કહ્યું કે મારૂં ગળું કાપો પણ આ બોકડાનું ગળું કાપવા નહિ દઉં. અને ભલે તમે સ્ત્રીહત્યા કરો. તમે જાઓ અને દરબારશ્રીને પણ કહો કે આ પ્રમાણે બાઇએ તોફાન કરેલ છે. ઉપર પ્રમાણે સાધ્વીનાં નિડરપણાનાં વચનોથી તે ખવાસને પણ વિચાર થઇ પડયો અને બોકડાને માર્યા વિના ચાલ્યો ગયો અને દરબારશ્રી પાસે ગયો. ત્યારે માવજી ખવાસને દરબારશ્રીએ પૂછ્યું કે તું જે કામ કરવા સારૂ ગયો હતો તે કરી આવ્યો? તેના ઉત્તરમાં માવજી ખવાસે ઉપર પ્રમાણેની હકીકત દરબારશ્રીને કહી સમજાવતાં દરબારશ્રી માવજી ખવાસના ઉપર પ્રસન્ન થઇ તેનો પગાર હતો તેમાં વધારો કર્યો. સાધ્વી શ્રીગીતાજીનો પાઠ કરતાં તેમાં દશમા અધ્યાયમાં એમ આવે છે કે મનુષ્યમાં રાજા એ મારૂં સ્વરૂપ છે આમ હોવાથી એક વખત સાધ્વીને મહારાજાશ્રીનું પૂજન કરવાની ઇચ્છા થતાં માવજી ખવાસને કહ્યું કે મારે મહારાજાશ્રીનું પૂજન કરવુ છે. તેથી માવજી ખવાશે મહારાજા સાહેબને અરજ કરી કે જે બાઇએ બોકડો મારવો બંધ કરાવ્યો તે બાઇને આપશ્રીનું પુજન કરવું છે તેથી ઘણી ખુશીથી તેઓશ્રીએ હા પાડવાથી સાધ્વીએ મહારાજા સાહેબનું પુજન કર્યું હતું.

આ પ્રમાણે ઘણાં છે પરંતુ લંબાણ થાય જાણી થોડાંજ જણાવું છું.

૨૧ હાલમાં સાધ્વી મુમુક્ષુ સ્ત્રીયોને બોધ આપવાને અર્થે વઢવાણ ભાવનગર પોરબંદર જુનાગઢ વગેરે સ્થળે જાય છે અને વખતોવખત ઘણે ભાગે તેમના વર્તમાનના ગુરૂભાઇ કે જેણે આ છપાવવાને માટે ઇચ્છા જણાવી છે તે પૂર્વાશ્રમના તેમના મામાને ત્યાં હાલમાં જુનાગઢ રહે છે.

ઇતિ.

श्रीसद्गुरुपरमात्मनेनमः

॥ श्रीमद्भगवद्गीता संगीत भाषांतर ॥

॥ अथ ध्यानम् ॥

राग वनजारो.

અર્જુનને કર્યો ઉપદેશ, સમજાવી શ્રીહૃષીકેશ;
પ્રાચીન મુનિ શ્રીવ્યાસ, રચિયાં છે ગીતા ખાસ. ૧
મહા ભારત મધ્યે સાર, રચિયા અધ્યાય અઢાર;
બ્રહ્માંડ સર્વ બ્રહ્મરૂપ, એ વિણુ નહિ અન્ય સ્વરૂપ. ૨
અદ્વૈતરૂપ જે સાર, કરી અમૃતવૃષ્ટિ ધાર;
સમજાવા આનો સાર, કરવા નિવૃત્ત સંસાર. ૩
ગાયેલાં કૃષ્ણ સ્વરૂપે, ઈશ્વરની શક્તિરૂપે;
(૧) એવાં હે ભગવદ્ગીતે ! ધરૂં ધ્યાન આપનું પ્રીતે. ૪
હે વિશાલ બુદ્ધિમાન ! નેત્રો છે કમલ સમાન;
હે વ્યાસ પ્રભુ સર્વાંગે, હું નમન કરૂં સાષ્ટાંગે. ૫
મહાભારતરૂપી તૈલ, પૂરી દીવો પ્રકટેલ;
(૨) આ ભગવદ્ગીતારૂપ, વિજ્ઞાન દીપ અનુપ. ૬

શરણાગતના અમૂલ્ય, જે કલ્પવૃક્ષને તુલ્ય;
હય હાંકવા પ્રભુ નાથ, લીધેલ પરોણો હાથ ૭
ગીતારૂપામૃત ધાર, એ જ્ઞાનમૂર્તિ દેનાર;
(૩) નમું વારંવાર હે નાથ, જોડીને હું બેઉ હાથ. ૮
સર્વે ઉપનિષદ રૂપ, જે આવી ગાય અનુપ;
ગોપાળપુત્ર મોરાર, એ ગાયોતણા દોનાર. ૯
થઇ અર્જુન વત્સ સ્વરૂપ, કરતા તે પાન અનુપ;
(૪) ગીતારૂપી પય જેહ, છે ઉત્તમ અમૃત તેહ. ૧૦
વસુદેવતણા સુત જેહ, ચાણુર કંસારી તેહ;
દેવકીને પરમાનંદ, દેનાર આનંદકંદ. ૧૧
છો અખિલ જગતના ઇષ્ટ, સર્વેને શિરે શ્રેષ્ઠ;
(૫) એવા શ્રીકૃષ્ણ પ્રભુને, વદું વિશ્વેશ વિભુને. ૧૨
ભીષ્મ ને દ્રોણરૂપ તીર, છે જયદ્રથરૂપી નીર;
ગાંધારરૂપ શીલાળી, ને શલ્યરૂપ ઝુડ વાળી. ૧૩
ને કૃપાચાર્યરૂપ જેહ, છે પ્રવાહવાળી તેહ;
કર્ણરૂપ વ્યાકુલ પૂર, આ નદી વહે ભરપૂર. ૧૪
વિકર્ણ ને અશ્વત્થામા, એરૂપ મગરમચ્છ આમાં;
ને દુર્યોધનરૂપી જે, જળ ચક્રિવાળી છે તે. ૧૫
આ યુધ નદી અનાયાસે, શ્રીપ્રભુ રહીને પાસે;
(૬) પાંડવને પાર ઉતાર્યા, શ્રીકૃષ્ણ સુકાનીદ્વારા. ૧૬
શ્રીવ્યાસ પ્રભુના મુખથી, વાણીરૂપી સર ત્યાંથી;
ઉપજ્યું નિર્મતાવાળું, ગીતાર્થરૂપ સુગંધાળું. ૧૭
વિધવિધ વ્યાખ્યાનો રૂપ, કેસરવાળું અનુપ;
પ્રભુ કથન પ્રબોધ સ્વરૂપ, પ્રફુલીત જે પંકજરૂપ. ૧૮

સજ્જનરૂપી ભ્રમરાને, આનંદથી રસ પીવાને;
કલિયુગનો મલ હરનારૂં, અત્યંત નિવૃત્ત કરનારૂં. ૧૯
એવું મહાભારતરૂપ, ઉપજી અર્વિંદ અનુપ;
(૭) કલ્યાણ સદા કરનાર, અમતણું થાઓ આ વાર. ૨૦
મુંગા નવ બોલી શકતા, જે કૃપાવડે થયો વક્તા;
પર્વત પંગુને જેહ, ઓળંગાવો છો એહ. ૨૧
લક્ષ્મીજીના છો સ્વામી, એવા હે અંતર્યામી;
(૮) પરમાનંદ મૂર્તિ આપ, પ્રણમું છું થઇ નિષ્પાપ. ૨૨
બ્રહ્મા વરૂણ ને ઇંદ્ર, મળી મરૂતગણો ને રૂદ્ર;
દિવ્ય સ્તોત્રોથી સ્તુતિ, જેની કરતા ધરી પ્રીતિ. ૨૩
જ્યાં સામવેદનું ગાન, કરતા મુનિયો ધીમાન;
અંગો ક્રમ પદની રીત, ને ઉપનિષદો સહિત. ૨૪
વેદોથી કરતા ગાન, ધરતા સ્થિર થઇને ધ્યાન;
યોગી સમાધિદ્વારા, પરમાત્મામાં રહેનારા. ૨૫
મનથી અનુભવ છે જેનો, આત્મામાં પૂરણ તેનો;
સુર અસુર ન જાણે અંત, તે પ્રણમું દેવ અનંત. ૨૬
આ પૂર્ણ થયું છે ધ્યાન, શ્રીગીતાજીનું જ્ઞાન;
તેમાં દ્યો બુદ્ધિદાન, પ્રણમું છું હે ભગવાન. ૨૭

॥ इति श्रीकस्तुरविरचिते संगीत गीताध्यानं समाप्तम् ॥

ॐ

॥ अथ श्रीगीतामाहात्म्य ॥

રાગ. રૂક્ષ્મણી વિવાહનો.

[illegible] ॥

અવનિ પૂછે છે અખિલેશને, મને સમજાવોને સાર;
હે ભગવંત પ્રભુ મહેશ્વર, વંદુ હું વારંવાર. ૧
પુરૂષ જે પોતાતણું, પ્રારબ્ધ ભોગવનાર;
(૧) તેને તો ભક્તિ આપમા, અનન્ય કેમ થનાર. ૨
વિષ્ણુ કહે વસુધા સુણો, સદા ગીતાભ્યાસમાં પ્રીત;
(૨) મુક્ત મનુષ્ય એ જાણવો, કર્મ બંધ કરે નહિ નિત્ય. ૩
ગીતાજીના તત્ત્વનું વિધિવત્ કરશે જે ધ્યાન;
(૩) પાપ તેને સ્પર્શે નહિ, જલકમલ પત્ર સમાન. ૪
જે ઘેર ગીતા શાસ્ત્રનો, પાઠ શ્રદ્ધાપૂર્વક થાય;
(૪) પ્રયાગ આદિ તીર્થ તો, ત્યાં અનાયાસે જાય. ૫
જે ઘેર ગીતા શાસ્ત્રનો, નિત્ય ચાલે છે વિચાર;
નારદ ઉદ્ધવ દેવ પાર્ષદ, સહિત મળી તે વાર. ૬
ઋષિ યોગી સર્પ ને વળી, ગોપી ને ગોવાળ;
(૫) તે સર્વે ત્યાં સહાય કરવા, આવીને લે સંભાળ. ૭
ગીતા વિચાર ભણાવવું, ને શ્રવણ અધ્યયન થાય;
(૬) નિવાસ હું અવનિ કરૂં, અવશ્ય એ ઘરમાંય. ૮
ગીતાના આશ્રયમાં રહું ને, એજ ઉત્તમ ઘર મુજ;
(૭) આશ્રય ગીતા જ્ઞાનનો, કરી ત્રિલોક પાળું હુંજ. ૯

ગીતા છે બ્રહ્મરૂપ મારી, પરમ વિદ્યા જાણ;
નિ:સંશય થઇ માનજે, સત્ય એજ વાત પ્રમાણ. ૧૦
અર્ધમાત્રારૂપ ને, નિત્યઅક્ષરરૂપ પ્રમાણ;
(૮) અનિર્વાચ્ય પદરૂપ છે, અનંત એ તુ જાણ. ૧૧
ચિદાનંદઘન શ્રીમુખે, અર્જુનને છે જે કહેલ;
ત્રણ વેદસ્વરૂપ ગીતા, શ્રીકૃષ્ણે વર્ણવેલ. ૧૨
પરમાનંદસ્વરૂપ ને વળી, યથાસ્થિત જે માંય;
(૯) તત્ત્વના અર્થનું જ્ઞાન છે, એવાં (આ) ગીતાજી કહેવાય. ૧૩
નિશ્ચય મનવાળો થઇ, જે પુરુષ નિત્ય આ સાર;
પાઠ કરે ગીતાતણો, આ જે કહ્યા અધ્યાય અઢાર. ૧૪
તેજ પુરુષ પામશે, જ્ઞાન સિદ્ધિ સહુથી સાર;
(૧૦) તેથીજ પ્રેમ કરે પછી, એ પરમપદ નિરધાર. ૧૫
પાઠ અશક્ત સંપૂર્ણ કરવા, જો હોય અઢાર અધ્યાય;
(૧૧) તો નવ અધ્યાયનો પાઠ કરતાં, ગૌદાનનું પૂણ્ય થાય ૧૬
ત્રીજા ભાગનો પાઠ કરે, ફલ ગંગાસ્નાનનું થાય;
(૧૨) છઠ્ઠા ભાગના પાઠથી, સોમયાગના ફલને પમાય. ૧૭
ભક્તિપૂર્વક એક અધ્યાયનો, પાઠ કરે જન કોય;
(૧૩) પામી તે શિવ લોકને, ચિરકાલ તે શિવગણ હોય. ૧૮
હે વસુધા ! નિત્ય એક અધ્યાય કે, ચર્ણનો પાઠ કરાય;
(૧૪) મન્વંતર તો એક સુધી, નરપણાને પમાય. ૧૯
ગીતાના દશ શ્લોક કે, કાં સાત પાંચ કે ચાર;
ત્રણ કે બે એક કે, કાં અર્ધજ શ્લોકનો સાર. ૨૦
પાઠ કરે પુરુષ જે, આ કહ્યા પ્રમાણે ધાર;
(૧૫) દશ હજાર વર્ષોલગી, રહે ચંદ્રલોક મોઝાર. ૨૧

પ્રીતિપૂર્વક ગીતાનો, નિત્ય પાઠ પુરુષથી જો થાય;
મૃત્યુ થયા પછી પાછું, આ મનુષ્ય લોક અવાય. ૨૨
પાછો ગીતાભ્યાસ કરીને, ઉત્તમ મુક્તિ પમાય;
(૧૬) ગીતા એજ ઉચ્ચારથી, મરતાંય મોક્ષે જવાય. ૨૩
સાંભળી ગીતા અર્થને, મહાપાપથી નર મૂકાય;
(૧૭) પામી વિષ્ણુના લોકને, તેની સગે રહે તે સદાય. ૨૪
કર્મો અનેક કર્યાં છતાં, નિત્ય થાય ગીતાનું ધ્યાન;
(૧૮) જીવનમુક્ત એ જાણવો, પામે પરમપદ જે સ્થાન. ૨૫
જનકાદિ રાજા ઘણા તેઓ, થઇને ગીતાના આશ્રિત;
(૧૯) પરમપદને પામીયા, સર્વ પાપથી થઇને રહિત. ૨૬
પાઠ કર્યાં વિણ માહાત્મ્યનો, જો પાઠ ગીતાજીનો થાય;
(૨૦) પાઠ કર્યો પણ તોય તેનો, મિથ્યા પરિશ્રમ જાય. ૨૭
માહાત્મ્યપૂર્વક ગીતાભ્યાસ, થશે પુરુષથી કોય;
(૨૧) દુર્લભ એવી સદ્ગતિ, અવશ્ય એને હોય. ૨૮
સુત કહે ગીતાતણું, આ મે કહ્યું સનાતન જેહ;
માહાત્મ્ય તેના પાઠ કરે, ગીતામાં જન તેહ. ૨૯
પાઠ કરીને પામશે, પુરુષ મેં જે કહેલ;
(૨૨) સર્વોત્તમ ફલને સદા, જે ગીતામાં વર્ણવેલ. ૩૦

॥ इति श्रीकस्तूरचंदरचिते संगीत गीतामाहात्म्यं समाप्तं ॥

ૐ

॥ अध्याय १ लो

अर्जुनविषादयोग ॥

રાગ. પિતાજી આ કોપ તમે શો કર્યો.

રાજા ધૃતરાષ્ટ્ર કહે છે આ વાર,
સંજયને પૂછે છે એતો નિરધાર.
ધર્મસ્થલરૂપ કુરૂક્ષેત્રમાં,
લડ્યાની ઇચ્છાએ જુઓ યુદ્ધમાં;
પાંડુના ને મારા છે પુત્રો જે તેહ,
(૧) મળીને શું કરતા કહો મને એહ. ૧
કહે છે સંજય સુણો આ વાર,
સ્થાપેલા જે વ્યૂહરચનાની મોઝાર;
જોઇને પાંડવના આ સૈન્યને રાય,
દુર્યોધન દ્રોણગુરૂભણી જાય. ૨
જઇને આચાર્યપાસે તે આ વાર,
(૨) બોલ્યા આ પ્રમાણે વચન નિરધાર;
કહે હે ! આચાર્ય પાંડુના આજે,
પુત્રોની તો મોટી સેના મળી તે. ૩
બુદ્ધિમાન્ આપના શિષ્ય જે સાર,
દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને આ વાર;
સેના ગોઠવી વ્યૂહરચના મોઝાર,
(૩) જુઓને આ શકટ આદિને આકાર. ૪
વળી મોટા ધનુષ્ધારી બલવાન્,
શુરા યુદ્ધમાં ભીમાર્જુન સમાન;

યુયુધાન મહારથી એમાં વળી,
(૪) દ્રુપદ ને વિરાટ રહ્યા છે મળી. ૫
અને ધૃષ્ટકેતુ મહાબલવાન્,
કાશીનો રાજા ને વળી ચેકિતાન;
પુરુષોમાં શ્રેષ્ઠ પુરુજીત ને,
(૫) કુંતિભોજ ને વળી શૈબ્ય છે તે. ૬
અને યુધામન્યુ મહીં વીર્યવાન્,
વળી ઉત્તમૌજા અતિ બલવાન્;
અને અભિમન્યુ સુભદ્રાનો સુત,
તથા દ્રૌપદીજીના પુત્રો સયુક્ત. ૭
બધાપણ મહારથીઓ છે મહીં,
(૬) એવી સામાપક્ષની સેના કહી;
હવે હે દ્વિજોમાં જે શ્રેષ્ઠ તમે,
આપણમાંના શ્રેષ્ઠ કહું આ સમે. ૮
મારી જે સેનાના છે નાયકો તે,
(૭) ગણાવીને કહુંછું સાંભળજો આજે;
પિતામહ ભીષ્મ અને વળી આપ,
અને તેમાં કર્ણનું બલ છે અમાપ. ૯
વળી યુદ્ધમાં જય મેળવનાર,
કૃપાચાર્ય ને અશ્વત્થામા છે સાર;
અને છે વિકર્ણ તેવાજ વળી,
(૮) ભુરીશ્રવા ને સૌમદત્તિ મળી. ૧૦
વળી બીજા પણ શૂરવીરો બહુ,
મૂકી જીવવાની ઇચ્છાને સહુ;

આવીને ઉભા મુજ હિતને કાજ,
અતિ જે કુશલ સહુ યુદ્ધમાં આજ. ૧૧
નાનાવિધના ગ્રહી શસ્ત્રો આ વાર,
(૯) સામા શત્રુઓને તો કરવા પ્રહાર:
અનંત છે સૈન્ય આ આપણું તે,
પામેલું છે રક્ષણ ભીષ્મથી એ. ૧૨
અને આજે પાંડવોનું સૈન્ય તે,
(૧૦) છે અલ્પ ને ભીમેથી રક્ષિત એ;
તોપણ આપ સર્વ મળીને આ વાર,
જવા વ્યૂહમાંના જે માર્ગ મોઝાર. ૧૩
સહુ સહુના યોગ્ય સ્થાનમાં રહી,
સહુ સાવધાનતાપૂર્વક તહિં;
રહી કરો ભીષ્મની રક્ષા આ વાર,
(૧૧) ચારે ભણીથી સહુએ નિરધાર. ૧૪
પ્રતાપી ને કૌરવમાં વૃદ્ધ જે,
પિતામહ એવા તો ભીષ્મ છે તે;
દુર્યોધનને થવા હર્ષ આ વાર,
સિંહ જેમ આ સૈન્યનીજ મોઝાર. ૧૫
કરીને મોટા સ્વરથી નાદ તે,
(૧૨) વગાડતા શંખ પિતામહ એ;
પિતામહ ભીષ્મની પૂર્વોક્ત જે,
પ્રવૃત્તિ થયાબાદ શંખો છે તે. ૧૬
નગારાં ને ભેરી મૃદંગો વળી,
તથા રણશીંગાં એ સર્વ મળી;

વગાડતા તુરત શંખાદિનો નાદ,
(૧૩) ઘણો એ મહાન્ થતો હવો સાદ. ૧૭
• પછી હય શ્વેત જોડેલા મહાન્,
એવે રથે બેઠા અર્જુન ને ભગવાન્;
પછી સહુ સહુના શંખો દિવ્ય તે,
(૧૪) લાગ્યા છે બજાવવાને વળી એ. ૧૮
જેનું પાંચજન્ય એવું નામ છે,
બજાવતા શંખ હૃષીકેશ તે;
અને દેવદત્ત નામે શંખ તે,
બજાવતા અર્જુન તો વળી એ. ૧૯
અને પૌંડ્ર નામનો શંખ મહાન્,
(૧૫) બજાવતા ભીમ અતિ બલવાન્;
કુંતાજીના પુત્ર યુધિષ્ઠિર રાય,
અનંતવિજય નામે તે શંખ વાય. ૨૦
નકુલ ને સહદેવ સુઘોષ વળી,
(૧૬) મણિપુષ્પક શંખ વગાડે મળી;
તેમજ હે ! ભુરાજ મહા હથીઆર,
કાશીનો છે રાય કરે ધરનાર. ૨૧
મહારથી શીખંડી તેમાં વળી,
દ્રુપદસુત ને જે વિરાટ્ મળી;
અને શત્રુથી તો ન જીતી શકાય,
એવો આ જે સાત્યકિ શૂરો ગણાય. ૨૨
અને દ્રૌપદીજીના પુત્રો વળી,
દ્રુપદ ને અભિમન્યુ એવા મળી;

४६५८-

યોદ્ધાઓ સહુ સહુના એ મળી,
(૧૭-૧૮) ભિન્ન ભિન્ન શંખો વગાડે વળી. ૨૩

અતિ મહાશબ્દ શંખોનો મળી,
ગજાવતો વિયત્[1] ને ભૂ સઘળી;
એવા આ ભયંકર શબ્દવતી,
(૧૯) હૃદય તો ભેદ્યાં કૌરવોનાં અતિ. ૨૪

તે ભય ઉપજ્યા બાદ પણ હે! ભૂરાજ,
ઉભા જોઇ કૌરવોને યુદ્ધ કાજ;
ત્યારે કપિ છે જે ધજાની મોઝાર,
એવા જે અર્જુન પોતાનું જે સાર. ૨૫

ચાલુ થયો શસ્ત્રનો મારો જે વાર,
ઊઠાવી ધનુષ પછી આ પ્રકાર;
હૃષીકેશ પ્રત્યે હવે આ વચન,
કહેતા હવા કુંતાજી કેરા જે તન. ૨૬

હે અચ્યુત! ઉભય સૈના મધ્યમાંય,
(૨૦-૨૧) કરો સ્થિત મુજ રથને હે! રાય;
ઉભા જે લડ્યાની ઇચ્છાએ તે ઠાર,
બરાબર જોઉં જ્યાંથી હું આ વાર. ૨૭

વળી મારે લડવું ઘટે છે કો સાથ,
(૨૨) લડાઇમાં તે પણું જાણું હું નાથ;
અને કૌરવોનું તો યુદ્ધમાં જે,
ભલું ઇચ્છનારા સંબંધીયો તે. ૨૮

---

૧ આકાશ.

આવેલ છે અહિંયાં જે યુદ્ધને કાજ,
(૨૩) તેઓને હું સારીરીતે જોઉં આજ;
સંજય કહે સાંભળજો હે ! રાજન્,
આવીરીતે કુંતાજી કેરા જે તન. ૨૯
કહે છે જેને એવા જે કૃષ્ણજી રાય,
બન્ને જે સેના છે તેની વચમાંય;
પ્રભુ દ્રોણુ ભીષ્મની તો સન્મુખ,
અને અન્ય રાજા સહુની પ્રમુખ. ૩૦
ઉભો કરી ઉત્તમ રથને તે વાર,
અર્જુનને શ્રીકૃષ્ણ કહે આ પ્રકાર;
મળેલા આ એકઠા કૌરવો જે,
(૨૪–૨૫) હવે હે અર્જુન ! જુઓ તમે તે. ૩૧
ત્યાં અર્જુન બન્ને સેનાઓમાં જે,
ઉભેલા પોતાના સંબંધીઓ તે;
કાકાને દાદાઓ આચાર્યો વળી,
મામા ભાઇઓ પુત્રો ને પૌત્રો મળી. ૩૨
મિત્રો ને વળી સસરાઓ છે જે,
વળી જે સુહૃદ ને જોતો હવો તે;
ઉભા સર્વ યુદ્ધમાં બાંધવ ને,
(૨૬–૨૭) જોઇ દયા પરમ વ્યાપી છે મને. ૩૩
હવે ખેદ કરતો છતો અર્જુન,
આવીરીતનું તે બોલે છે વચન;
આજે યુદ્ધભૂમીમાં હે કૃષ્ણરાજ,
આવેલા છે સંબંધી યુદ્ધને કાજ. ૩૪

તેને જોઇ ગાત્ર મારાં ગળી જાય,
અને મુખ મારૂં ઘણુંજ સુકાય;
કંપારી શરીરમાં મુજને થાય,
(૨૮–૨૯) ઉભાં થઇ જાય રૂંવાડાં હે રાય! ૩૫
ધનુષ્ જે ગાંડીવ નામનું તે,
પડી જાય છે મુજ હાથથી એ;
ને દાઝે ઘણી મારી ચામડી તે,
વળી થાય ભ્રમિત મારૂં મન જે. ૩૬
અને ઉભો રહેવાની શક્તિ મને,
(૩૦) નથીજ લગાર કહું તમને;
શકુનો તો જોઉં છું હું વિપરીત,
મારૂ થાયછે પ્રભુ જેમાં અહિત. ૩૭
વળી કરી યુદ્ધ સગાનો સહાર,
(૩૧) જોતો નથી શ્રેય તો મારૂં લગાર;
યુદ્ધે જય મેળવવાની પ્રભો !
ઇચ્છા નથી રાજ્યની પણ હે વિભો! ૩૮
નથી વળી સુખની ઇચ્છા લગાર,
મને હે ગોવિંદ ! કહું છું આવાર;
ભોગોથી કે રાજ્યથી શું અમને,
(૩૨) અને ફલ જીવીતથી શું મને. ૩૯
જેને માટે જોઇએ અમારે આ રાજ,
અને ભોગ ઇચ્છીએ સુખને કાજ;
તેતો કરી પ્રાણ ને દ્રવ્યનો ત્યાજ,
(૩૩) ઉભા છે આ યુદ્ધમાં સહુ મળી આજ. ૪૦

આચાર્યો કાકાઓ ને પુત્રો વળી,
દાદા મામા ને વળી સસરા મળી;
અને મહિ પૌત્રો ને સાળાઓ તે,
(૩૪) બીજા પણ સર્વ સંબંધીઓ છે. ૪૧

(હે પ્રભો!) તેઓથી હણાતો છતો પણ આજ,
પામું કદી જો હું ત્રિલોકનું રાજ;
તોએ ન ઇચ્છું એને મારવા આજ,
(૩૫) તો મારૂં હું શીદ ભૂના[1] રાજ્ય કાજ. ૪૨

પિત્રાઇના[2] પુત્રાદિ મારીને,
આનંદ શો થાય હે કૃષ્ણ ! મને;
લગાડે લાય વળી ઝેર પાનાર,
તથા જેણે હાથ ધર્યાં હથીયાર. ૪૩

અને પર દ્રવ્યને જે ચોરનાર,
ત્રિયા હોય જે પરની હરનાર;
હરણ જેથી ક્ષેત્રતણું વળી થાય,
એવા આતતાયીઓ આતો કહેવાય. ૪૪

હણી એને બેસશે ઉલટું પાપ,
(૩૬) તેથી મને ઉપજશે પરિતાપ;
તે માટે પોતાનાજ બંધુઓ જે,
આ છે ધૃતરાષ્ટ્રના પુત્રોજ તે. ૪૫

નથી પ્રભો મારવા યોગ્યજ એ,
(૩૭) હણીને સંબંધી સુખી ન થઇએ;

૧ પૃથિવીના. ૨ કાકાઓ.

હણાયેલી લોભથી જોકે વળી,
બુદ્ધિ આ ભિષ્માદિકની સઘળી. ૪૬
તેથી કુળ નાશ કર્યાનું જે પાપ,
વળી મિત્રદ્રોહના પાપનો તાપ;
તેને એ ન જાણે હે જાદવરાય,
અમો જાણનાર છીએ, તે છતાંય. ૪૭
હેતુરૂપ પાપના યુદ્ધથી એમ,
(૩૮–૩૯) જાણી પાછા એ થકી ફરવું ન કેમ;
થયે કુળ ક્ષય તો અનાદિથી જે,
ચાલ્યા આવતા કુળ ધર્મોજ તે. ૪૮
એવા કુળધર્મનો થાશે જો નાશ,
બાકી જે રહેલો અધર્મ તો ખાસ;
કરે પછી એતો પોતાને આધીન,
(૪૦) આખુ કુળ વર્તશે એને સ્વાધીન. ૪૯
અધર્મને આધીન થઇ હે પ્રમો !
થશે કુળસ્ત્રીઓ દુષિત વિભો;
સ્ત્રીઓ તે દુષિતમાં હે ભગવાન્!
(૪૧) પછી થશે વર્ણસંકર ઉત્પન્ન. ૫૦
અને કુળના સંકરો જે હશે,
હંતા કુળ નરકને કાજે થશે;
એવા કુળહંતાના પિતૃઓને,
જલાંજલિ ને પિંડદાન છે જે. ૫૧
દેવાની તે ક્રિયાનો લોપ થશે,
(૪૨) ત્યારે તેના પિતૃઓ નરકે જશે;
કરે કુળનાશ તેઓના નક્કી,
વર્ણસંકર કરતા આ દોષોથકી. ૫૨

અનાદિથી આવતાં જાતિ ને કુળ,
(૪૩) તેના પછી ધર્મો થશે નિર્મૂળ;
જેણે કુળધર્મો કર્યાં છે વિનાશ,
"એવા મનુષ્યોનો તો હે અવિનાશ! ૫૨
ઘણો કાલ નરકમાં થાય નિવાસ,
(૪૪) એવું અમે સાંભળતા હવા ખાસ;
અરે મહા ખેદની વાત અમે,
મોટું પાપ કરવા બેઠા આ સમે. ૫૩
કાંજે રાજ્ય સુખના લોભથી આ,
(૪૫) સ્વજન હણુવાને તૈયાર થયા;
બચાવવા શસ્ત્ર નહિ ધરનાર,
(એવા હું) સામો હું ઉપાય નહિ કરનાર. ૫૪
પિત્રુઓના પુત્રાદિકો જો આ વાર,
હાથે ગ્રહી મારે મને હથીઆર;
તેથી મરૂં યુદ્ધમાં હું કદી આજ,
(૪૬) તો તેઓનું હણવું મારું શ્રેય કાજ. ૫૫
હવે કહે સંજય સાંભળો રાય,
જેનું ચિત્ત શોકથી ભરપૂર થાય;
એવો રણુક્ષેત્રમાં કુંતાનો તન,
આવીરીતે કૃષ્ણને કહેતો વચન, ૫૬
છોડી બાણુસહિત ધનુષ્યને તે,
(૪૭) બેઠા પછી રથની પરે ચડીને.

॥ इति श्रीक[illegible]ते संगीत गीतायां अर्जुनविषाद[illegible] नाम प्रथमोऽध्यायः समाप्तः ॥

ॐ

॥ अध्याय २ जो ॥

सांख्य योग.

રાગ—મોતીદામ છંદ—ગુરૂ મહિમાનો.

હવે કહે સંજય એ રીતે રાય,
કૃપાથી ભરેલા તે અર્જુન ત્યાંય;
આંસુથી ભરેલાં વ્યાકુલ નયન,
(૧) તેને કહે કૃષ્ણજી આવું વચન. ૧

હવે કૃષ્ણ કહે હે અર્જુન આજ,
આવે ભયવાળે ઠેકાણે શા કાજ;
તને આ મલિનતા પ્રાપ્ત થયેલ,
નહિ જેને આર્યજનોએ સેવેલ. ૨

વળી એ વિરોધી તો સ્વર્ગની કહાવે,
(૨) અને જગમાં અપકીર્તિ કરાવે;
માટે હે અર્જુન! નપુંસકતાને,
વળી શાને પામે અધીરજતાને. ૩

ઘટે નહિ તુજમાં હે અર્જુન!
નપુંસકતા તું વિચારી જો મન;
એવી આ જે તુચ્છ દુર્બળતાને ત્યાગી,
(૩) ઉભો થઇ યુદ્ધમાં થા અનુરાગી. ૪

હવે કહે અર્જુન હે શ્રીમુરાર,
મારે તો આ જે રણભૂમિ મોઝાર;
વળી દ્રોણ ભીષ્મ છે પૂજવાયોગ્ય,
તેની સંગે હે પ્રભુ! લડવું અયોગ્ય. ૫

મહાનુભાવ ગુરુઓ જે કારણકાજ,
નહિ તેને હણતાં આ લોકમાં આજ;
ખાવું પણ શ્રેષ્ઠ છે ભિક્ષાનું અન્ન,
ભલે એ છે દ્રવ્યની કામનાવાન. ૬
તોએ પણ તેવા ગુરુઓને આજ,
હણીને વળી હું જે આ લોકમાંજ;
રુધીરમાં છે રગદોળેલ તેમ,
(૫) જાણી એવા વિષયો ભોગવું કેમ. ૭
વળી મને શુંજ છે લાભ થનાર,
તેને નથી જાણતો હું તો લગાર;
વળી કોણ જીતશે યુદ્ધમાં એમ,
એ કે અમે એ પણ જાણું ન તેમ. ૮
વળી હણી જેહને જીવવા આજ,
ઇચ્છા નથી રાખતો હું સુખકાજ;
તે આ ધૃતરાષ્ટ્રના પુત્રાદિ આજ,
(૬) ઊભા છે આ સન્મુખ યુદ્ધને કાજ. ૯
દિનત્વના દોષવડે જે ઢાંકેલ,
દુષિત સ્વભાવ મારોજ થયેલ;
જેનું અતિ ધર્મમાં છે મૂઢ ચિત્ત,
એવો હું જે આપને પૂછું સપ્રીત. ૧૦
નક્કી હોય શ્રેય કહો હવે મુજ,
સદાયનો આપનો શિષ્ય છું હુંજ;
શિખામણ આપો હું શરણ તમારે,
(૭) આવ્યો પ્રભુ કહોને શું કરવું અમારે. ૧૧

મારી જે ઇંદ્રિયોને સુકવનાર,
એવો નિશદિન જે શોક થનાર;
એવો મુજ શોક શમાવેજ સોય,
નથીજ તે શ્રેયને જોતો હું કોય. ૧૨
વળી જો હું અવનિમાં શત્રુરહિત,
પામીને જો રાજ્ય સમૃદ્ધિ સહિત;
અને જો દેવાધિપતિ થઉં હુંજ,
(૮) તોએ નથી શ્રેય દેખાતુંજ મુજ. ૧૩
હવે કહે સંજય અર્જુન એમ,
કહ્યા પછી કૃષ્ણજીને કહે તેમ,
નહિ કરૂં યુદ્ધ હવે ભગવાન્,
(૯) કહી એમ અર્જુને ધાર્યુંજ મૌન ૧૪
હવે સુણો ભારત શું થતું ત્યાંય,
પ્રભુજીતો બન્ને સેના વચમાંય;
શોકાતુર અર્જુનને પ્રભુ એમ,
(૧૦) કહે આવાં વચનો તો હસવાનીજેમ. ૧૫
હવે પછી બોલ્યા છે શ્રીભગવાન્,
તમે તો અર્જુન થઇ બુદ્ધિમાન;
જેનો શોક કરવો અયોગ્ય ગણાય,
તેનો શોક કરતો એવો તું જણાય. ૧૬
વળી બુદ્ધિમાને ન કહેવાને યોગ્ય,
એવાં વચનો તું બોલે છે અયોગ્ય;
વળી જે મુએલાં કે જીવતાં હોય,
(૧૧) તેનો શોક કરતા નથી જ્ઞાની સોય. ૧૭

વળી હું તો આથી પૂર્વે પણ ક્યારે,
હતો નહિ એવું તું મનમાં ન ધારે;
અને વળી તું એ હતો નહિ તેમ,
તારા મનમાં નહિ ધારતો એમ. ૧૮
વળી આથી પૂર્વે રાજાઓ છે તેહ,
હશે નહિ એમ ન ધારીશ એહ;
ભવિષ્યે ન આપણુ થઇશું એમ,
(૧૨) વળી તારા મનમાં ન ધારીશ તેમ. ૧૯
જેવી રીતે દેહધારી આત્માએ,
આ દેહમાં ત્રણ અવસ્થા પમાયે;
કૌમાર યુવા ને વળી વૃદ્ધ જેહ,
કહી છે એની જે અવસ્થાઓ તેહ. ૨૦
તેની થાય પ્રાપ્તિ તો અર્જુન જેમ,
થાએ અન્ય દેહની પ્રાપ્તિજ તેમ;
એવા ક્ષણભંગુર દેહો કહેવાય,
(૧૩) તેમાં બુદ્ધિમાનને મોહ ન થાય. ૨૧
વળી હે અર્જુન ! ઇંદ્રિયોના જેહ,
શીતોષ્ણ જે સ્પર્શ કહ્યા છે તેહ;
તેથી જે થતાં સુખ દુઃખ કહેવાય,
અનિત્ય સ્વભાવે એ આવે ને જાય. ૨૨
એવાં છે તેમાટે એની હે અર્જુન !
(૧૪) તિતિક્ષા તું રાખજે તારેજ મન;
પુરુષોમાં શ્રેષ્ઠ તું હે અર્જુન !
જેને સુખ દુઃખ છે એકસમાન. ૨૩

એવા ધીર પુરુષો જે કહેવાય,
ઈંદ્રિયોના સ્પર્શથી એ ન પીડાય,
એવા ધીરબુદ્ધિ તે કારણ કાજ,
(૧૫) છે પામવાયોગ્ય તે મોક્ષને આજ ૨૪
વસ્તુ જે અસત્‌ની ન સત્તા ગણાય,
અને સત્ય વસ્તુનો નાશ ન થાય;
પુરુષો જે તત્ત્વને છે જાણનાર,
(૧૬) તે છે આ બંનેનો નિર્ણય કરનાર. ૨૫
જેનાવડે આ બધું વ્યાપ્ત થયેલ,
જે આત્મા આ વિશ્વમાં વ્યાપી રહેલ;
તેને અવિકારી તું અર્જુન જાણી,
અને અવિનાશી આત્માને પ્રમાણી. ૨૬
એવા આત્માનો કોઇ પણ નાશ,
(૧૭) કરી શકનાર નથી જાણ ખાસ;
નિત્ય દેહરૂપ ઉપાધિવાન,
અને અવિનાશી [1]અપ્રમેય માન. ૨૭
એ આત્માના દેહો કહ્યા નાશવાન,
(૧૮) તેથી હવે યુદ્ધ તું કર અર્જુન;
એવા જે આત્માને માને હણનાર,
અને હણાએલો એને માનનાર. ૨૮
તે બન્ને પુરુષ આત્માનો આ સાર,
નથી વાસ્તવિક પણે જાણનાર;
કાં જે નથી કોઇને તે હણનાર,
(૧૯) હણાતો નથી પોતે પણ કોઇ વાર. ૨૯

૧ પ્રમાણમાં ન આવી શકે તેવો.

કદીપણ જન્મ ના પામતો જેહ,
અને કદી મૃત્યુ ના પામતો તેહ;
ને પૂર્વે ન હોઇને ફરીથી ઉત્પન્ન,
થતો નથી સત્ય તું માનજે મન. ૩૦
કાંજે આતો આત્મા છે જન્મરહિત,
સહુ કાળ સ્થાયી અને જે છે નિત્ય;
શરીર હણાયા છતાં પણ તેજ,
(૨૦) કદી ન હણાય અનાદિ છે એજ. ૩૧
અખંડસ્વરૂપ હે અર્જુન ! આને,
અવિકારી નિત્ય અજન્મ જે માને;
એવા જે પુરૂષ કોને હણનાર,
(૨૧) અને એ હણાવે કોને કયે પ્રકાર. ૩૨
ઉતારીને જુનાં વસ્ત્રો જન જેમ,
નવાં અન્ય પહેરે શરીરે તેમ;
દેહી જુના દેહ ત્યજી જ્યારે જાય,
(૨૨) ત્યારે નવાં અન્ય શરીર ધરાય. ૩૩
શસ્ત્રો નથી છેદતાં આત્માને ધાર,
એને નથી અગ્નિ કદી બાળનાર;
વળી એને પાણી પલાળે ન તેમ,
(૨૩) વાયુ પણ સુકવતો નથી એમ. ૩૪
આતો નથી છેદી શકાયજ તેવો,
અને નથી બાળી શકાયજ એવો;
તથા ન પલાળી શકાયજ તેવો,
અને સુકવી ન શકાયજ એવો. ૩૫

વળી તેમ નિત્ય છે આ રહેનાર,
વ્યાપીને રહેલો વળી સર્વ ઠાર;
અને સ્થિર અચલ અનાદિ કહેવાય,
અનુભવ ઇંદ્રિયે એનો ન થાય. ૩૬
વળી મનથી ચિંતવી ન શકાય,
અવિકારી આત્મા વિકારી ન થાય;
ત્યારે આ પ્રકારનો જાણીને આને,
(૨૪-૨૫) નથી યોગ્ય શોક તુંતો કરવાને. ૩૭
છતાં પણ નિત્ય જન્મેલો જે જાણ,
કે નિત્ય મરેલો એને તું પ્રમાણ;
તોએ પણ હે અર્જુન ! આ વાર,
(૨૬) તેતો શોકયોગ્ય નથી એમ ધાર. ૩૮
કાંજે જન્મેલનું મૃત્યુજ થાય,
અને મરે તેથી નક્કી જન્માય;
તેથી એને ના અટકાવી શકાય,
(૨૭) એ અર્થનો શોક તો વ્યર્થ ગણાય. ૩૯
અને આ શરીરો છે અર્જુન જેહ,
આદિસમયે અપ્રત્યક્ષ છે તેહ;
વળી મધ્યકાળમાં છે તે પ્રત્યક્ષ,
અને વળી અંતમાં છે અપ્રત્યક્ષ. ૪૦
એવાં જે શરીરો કહ્યાં નાશવાન,
(૨૮) તેમાં શોક શાનો કરે જ્ઞાનવાન;
જુઓ કોઇ આશ્ચર્ય જેવોજ આને,
અને કોઇ એવો કહે આત્માને. ૪૧

વળી કોઇ સાંભળે આશ્ચર્ય જેવો,
અનેક પ્રકારે અનુભવે તેવો;
અને એવો સાંભળીને પણ કોય,
(૨૯) નથી તેને જાણતા અજ્ઞ જે હોય. ૪૨
સહુ દેહમાં જે દેહી કહેવાય,
એવો જે અર્જુન આત્મા ન હણાય;
આવી સિદ્ધ વાત છે તો હવે આજ,
(૩૦) કરે છે તું શોક પછી શાનેકાજ. ૪૩
વિચારી સ્વધર્મ તુંથી પણ તેમ,
યુદ્ધથી ચલિત થવાશેજ કેમ;
કાં જે વળી ક્ષત્રિને યુદ્ધસમાન,
(૩૧) નથી અન્ય [1]શ્રેયકારી વિદ્યમાન ૪૪
પ્રયત્ન વિનાનું જે પ્રાપ્ત થયેલ,
વળી પ્રતિબંધ રહિત રહેલ,
સાધનરૂપ સ્વર્ગના દ્વારનું તેહ,
આવા જે પ્રકારનું યુદ્ધ છે એહ. ૪૫
એવું જો અર્જુન જેથી મેળવાય,
(૩૨) તે ક્ષત્રિયો ભાગ્યશાળી કહેવાય;
છતાં જો તું અધર્મરૂપી જે યુદ્ધ,
નહિ કર તું કદી થઇને અશુદ્ધ. ૪૬
તેથી ખોઇ કીર્ત ને તારો સ્વધર્મ,
(૩૩) પામીશ તું પાપને થાશે અધર્મ;
અને પછી પ્રાણિ તો કરશે તદાય,
તારી અપકીર્તિ અવશ્ય સદાય. ૪૭

---

૧ કલ્યાણકારી.

પ્રતિષ્ઠિત નરનો જે અપયશ થાય,
(૩૪) તો મૃત્યુથી પણ એ વધારે ગણાય;
તને મહારથીઓ તો બીકણ જાણી,
પાછો રણમાંથી હઠયો એ પ્રમાણી. ૪૮
અને જેથી પામતો પહેલાં તું માન,
(૩૫) તેઓ હવે કરશે તારૂં અપમાન;
અને તારા શત્રુઓ જે બલ તારૂં,
તેને નિંદતાંય છતાં પણ વારૂ. ૪૯
અનુચિત બોલવાને પણ ધારે,
(૩૬) એથી દુઃખ અન્ય કયું છે વધારે;
હણાયો કદી જો તું શત્રુથી તોય,
પામીશ પછી તો તું સ્વર્ગને સોય. ૫૦
કાંતો જીતી તેહ ને પૃથ્વિનું રાજ્ય,
પામીશ તું સુખ ભોગવવાનું સાજ;
તેથી હે કૌંતેય! તું નિશ્ચય આજ,
(૩૭) ઊભો થાને યુદ્ધ કરવાને કાજ. ૫૧
વળી સુખ દુઃખને લાભને હાની;
પરાજય ને જય સરખાંજ માની;
પછી જો કરીશ તું યુદ્ધ આ વાર,
(૩૮) તેથી નહિ પામશે પાપ લગાર. ૫૨
તને આતો મેં કહ્યું બુદ્ધિનું જ્ઞાન,
હવે કહું કર્મ સાંભળ દઇ ધ્યાન;
એવો છો હે અર્જુન બુદ્ધિથી યુક્ત,
(૩૯) થશે તું તો કર્મના બંધથી મુક્ત. ૫૩

નથી નાશ કર્મના ફલનો એમાંય,
વળી દોષની પણ પ્રાપ્તિ ન થાય;
જેથી આ જરા પણ ધર્મ પળાય,
(૪૦) તો તે જન મહાભયથીજ મુકાય. ૫૪

અહિં તત્ત્વજ્ઞાનના નિશ્ચયરૂપ,
જ્ઞાનીની તો બુદ્ધિનું એકસ્વરૂપ;
સકામીની બુદ્ધિના બહુજ પ્રકાર,
(૪૧) વળી હે અર્જુન ! દિસે છે અપાર. ૫૫

રહસ્ય ના જાણે હે કુંતીના તન,
વિચારરહિત વળી જેનાં મન;
એવા જન વાણી વદે છે જે કેવી,
માત્ર અવિચારથી શોભેજ એવી. ૫૬

એ વાણીને વેદના અર્થ મોઝાર,
પ્રીતિવાળા પુરુષો એમ કહેનાર;
કર્મોનાં જે સ્વર્ગાદિ ફલ કહેવાય,
એતો ફલ કર્મથી ભિન્ન જણાય. ૫૭

નથી તેમ જ્ઞાનનું ફલ કાંઇ ભિન્ન,
(૪૨) કહે એમ જેઓ વિષયમા છે લીન;
એનાં કામનાથી ભરેલાંજ ચિત્ત,
માને છે એ સ્વર્ગને શ્રેષ્ઠજ નિત્ય. ૫૮

તેઓ જન્મ કર્મને ફલપ્રદ આજ,
ઐશ્વર્યને ભોગની પ્રાપ્તિને કાજ;
વિસ્તારથી કર્મોને નાના પ્રકાર,
કરે પ્રતિપાદન જે બહુ વાર. ૫૯

એવી જે છે વાણી તેને જે મનુષ્ય,
(૪૩) વખાણે છે જાણે નહિ જે રહસ્ય;
વળી ભોગ ઐશ્વર્યમાં અતિ પ્રીત,
(તથા) જેનાં એ વાણીથી હરાયેલાં ચિત્ત. ૬૦

તેમાં તત્ત્વજ્ઞાનીની નિશ્ચય બુદ્ધિ,
(૪૪) થતી નથી ચિત્તની જ્યાં છે અશુદ્ધિ;
વેદોતો ત્રિગુણને વિષય કરનાર,
હે અર્જુન ! નિર્ગુણ થા તું આ વાર. ૬૧

સુખદુ:ખરહિત અચલ ધૈર્યવાન,
તું થઇને મેળવ પછી આત્મજ્ઞાન;
થઇ તેમાં સ્થિત તું મેળવી આને,
(૪૫) તું યોગ ને ક્ષેમવિનાનોજ થાને. ૬૨

થોડા જલવાલા સ્થાનોમાં તો જેમ,
જે સ્નાન ને પાનની સિદ્ધિ છે તેમ;
તેવીજ મોટાં જે જલાશયો તેમાં,
થશે સ્નાનપાન સિદ્ધિ પણ એમાં. ૬૩

તેવી રીતે સહુ વેદમાં જે કહેલ,
કર્મજન્ય આનંદ જે વર્ણવેલ;
તે સર્વ આનંદ હશે બ્રહ્મજ્ઞાની,
(૪૬) જે બ્રાહ્મણ તેને મળે છે એ માની. ૬૪

ભલે તારો કર્મમાં હો અધિકાર,
કદીપણ ફલનો ન કરવો સ્વીકાર;
તું કર્મના ફલને વળી ઉત્પન્ન,
કદી કરનાર ન થા અર્જુન. ૬૫

વળી તેમ કર્મો ન કરવામાં પ્રીત,
(૪૭) એવી પણ તારીજ થાઓ ન રીત;
અને તું હે અર્જુન ! યોગનીમાંય,
થઇ સ્થિત ફલની ત્યજીને ઇચ્છાય. ૬૬
તજી હું કર્તાનું વળી અભિમાન,
સિદ્ધિ ને અસિદ્ધિમાં થઇ તું સમાન;
કર્મો કર હર્ષ ને શોકરહિત,
(૪૮) એવી આ કહેવાય છે યોગની રીત. ૬૭
ખરેખર નિષ્કામકર્મ છે શ્રેષ્ઠ,
અને જે સકામ (કર્મ) અતિ છે કનિષ્ઠ;
માટે જ્ઞાનસિદ્ધિની પ્રાપ્તિને કાજ,
આશ્રય કર નિષ્કામકર્મનો આજ. ૬૮
કૃપણ છે સકામી આનંદરહિત,
(૪૯) જાણે ન હે અર્જુન ! જ્ઞાનની પ્રીત;
કર્મોમાં સમાન બુદ્ધિથી જે રહે છે,
તેતો પુણ્ય પાપ બંનેને ત્યજે છે. ૬૯
તેથી જે સમત્વ બુદ્ધિરૂપ યોગ,
તેનેકાજ કરને હવે તું ઉદ્યોગ;
તે યોગજ તે કર્મોને વિષેજ,
(૫૦) પ્રવૃત્તજનોનું કુશલપણું છેજ. ૭૦
ખરેખર બુદ્ધિ જેની છે સમાન,
એવા જન મેળવી આત્માનું જ્ઞાન;
પછી કરે કર્મનાં ફલ સહુ ત્યાગ,
પ્રપંચ ને સર્વથી પામી વિરાગ. ૭૧

જન્મરૂપ બંધન જે કહેવાય,
તેથી પછી અત્યંત મુક્તજ થાય;
ને સર્વ ઉપદ્રવથી તે રહિત,
(૫૧) એવું સુખ મોક્ષનું પામેજ નિત્ય. ૭૨
તારી બુદ્ધિ મોહરૂપી મેલ જ્યારે,
ત્યજી દેશે મારૂં ને તારૂંજ ત્યારે;
પછી તને સાંભળવાને જે યોગ્ય,
અને સાંભળેલ જે કર્મનો યોગ. ૭૩
તે કર્મના ફલનો કરીને તું ત્યાગ,
(૫૨) પામીશ તું ઉત્તમ એથી વિરાગ;
વિધવિધનાં ફલો સાંભળી પહેલી,
બુદ્ધિ તારી સંશયવાળી થયેલી. ૭૪
એવી તારી બુદ્ધિ સમાધિમાં જ્યારે,
નિશ્ચલ ને અચલ સ્થિત થાશેજ ત્યારે;
પામીશ જે મેં તને આ કહ્યો યોગ,
(૫૩) જે જીવને બ્રહ્મતણોજ સંયોગ. ૭૫
હવે કહે અર્જુન હે ભગવાન્,
સમાધિથી હોય થયેલા ઉત્થાન;
એવા સ્થિર બુદ્ધિવાળા પુરુષોની,
કેવી હોય વૃત્તિ પ્રભુ તે કહોની. ૭૬
બોલે કેવી રીતે કરે વ્યવહાર,
(૫૪) કરે કેમ સ્થિર ઇંદ્રિયનો વ્યાપાર;
હવે કહે કૃષ્ણ હે અર્જુન! જ્યારે,
ત્યજે બધી મનની ઇચ્છાઓને ત્યારે. ૭૭

અને વળી પોતામાં પોતાવડેજ,
પામે છે સંતોષ જ્ઞાનીજન તેજ;
બુદ્ધિ સ્થિર ત્યારે તેની કહેવાય,
(૫૫) સદાય જે મુખ પ્રસન્ન જણાય. ૭૮
દુ:ખોમાં જે મન ઉદ્વેગ રહિત,
સુખોના વિષયમાં જેને નહિ પ્રીત;
અને ભય ક્રોધ ને રાગ વિલાસ,
જેના વળી પામ્યા અતિશય નાશ. ૭૯
એવો સ્થિર બુદ્ધિવાળો મુનિ જેહ,
(૫૬) જ્ઞાની કહેવાય છે અર્જુન તેહ;
જે છે સર્વ વસ્તુમાં સ્નેહ રહિત;
નથી જેને પ્રિય અપ્રિયમાં પ્રીત. ૮૦
એવો રાગદ્વેષ રહિત જે ધીર,
(૫૭) તેવાની જે બુદ્ધિ તે જાણવી સ્થિર;
જેવી રીતે કાચબો પોતાનું અંગ,
કરેછે સમેટીને એકજ સંગ. ૮૧
તેવી રીતે નિજની ઇંદ્રિયો જ્યારે,
સમેટી લે સર્વ વિષયથકી ત્યારે;
એવા જે મનુષ્યની બુદ્ધિ તો સ્થિર,
(૫૮) થઇ એમ જાણવું હે રણધીર ! ૮૨
રોગી જે મનુષ્યના વિષયો તે તો,
નિવૃત્તિને પામે છે અર્જુન એતો;
તોએ પણ વિષયની જે આશક્તિ,
ટળી તેને થાય નહિજ વિરક્તિ. ૮૩

અને વળી ઉક્ત જ્ઞાનીને જે વાર,
થવાથી સ્વરૂપનો સાક્ષાત્કાર;
તેથી ત્યજી વિષયથીજ આસક્તિ,
(૫૯) જ્ઞાની તે પુરુષ પામેછે વિરક્તિ. ૮૪
અને હે અર્જુન ! જે યત્ન કરનાર,
વિવેકી મનુષ્યતણું મન ધાર;
તેને પણ ઇંદ્રિયો છે મથનાર,
(૬૦) પ્રબલપણે વિષયોભણી ખેંચનાર. ૮૫
મારો તો અનન્ય જે ભક્ત કહેવાય,
તેને વશ ઇંદ્રિયો સર્વેજ થાય;
તે ક્રિયારહિત કરે ચિત્ત સ્થિર,
(૬૧) તેની કદી થાય ના બુદ્ધિ અસ્થિર. ૮૬
કરે જે મનુષ્ય વિષયનું જો ધ્યાન,
ત્યારે તેમાં થાય આસક્તિવાન;
આસક્તિથી કામના ઉત્પન્ન થાય,
કામે કરી ક્રોધી પછી તો થવાય. ૮૭
ક્રોધે થાય સંમોહ તો ઉત્પન્ન,
સંમોહથી સ્મૃતિ પામે છે પતન;
સ્મૃતિ થાય નાશ તો બુદ્ધિનો નાશ,
(૬૨-૬૩) તેથી પછી પામે પુરુષ વિનાશ. ૮૮
જેણે મન રાખી પોતાને આધીન,
ઇંદ્રિયો કરેલીછે મનને સ્વાધીન;
એવોજન રાગ ને દ્વેષરહિત,
ઇંદ્રિયોથી વિષયો ભોગવે નિત્ય. ૮૯

છતાં પણ પામીને ચિત્તની શુદ્ધિ,
(૬૪) જ્ઞાની વ્યવહાર કરે શુદ્ધ બુદ્ધિ;
પામે ચિત્તશુદ્ધિથી સર્વ જે સુખ,
પામી જાય નાશ પછી તેનાં દુઃખ. ૯૦
કારણ કે જેનું ચિત્ત નિર્મલ થાય,
(૬૫) બુદ્ધિ સ્થિર સત્વર તે થઇ જાય;
નથી જે પુરુષનું ચિત્ત આધીન,
બુદ્ધિ તેની તત્ત્વના જ્ઞાનથી હીન. ૯૧
ત્યારે તેને ભાવના ઉપજે કેમ,
પામે ક્યાંથી પુરુષ શાન્તિજ તેમ;
શાન્તિવીણ સુખ તેને કેમ થાય,
(૬૬) વિના સુખ આનંદ કેમ પમાય. ૯૨
કાંજે દશ ઇંદ્રિયોમાંની પણ એક,
ઇંદ્રિયમન સાથે જોડાઇને છેક;
ભટકતી નિજના વિષયોમાંય,
સાધકોની વૃત્તિને ખેંચીજ જાય. ૯૩
પ્રતિકૂલ વાયુ તો વાહાણને જેમ,
(૬૭) ઉવાટે ખેંચી જાય જલમાંજ તેમ;
તેથી સહુ ઇંદ્રિયો અર્જુન જેણે,
રોકી છે પોતાના વિષયથીજ તેણે. ૯૪
નિગ્રહી જે આવો મનુષ્ય કહેવાય,
(૬૮) તેની સ્થિર બુદ્ધિ તો સત્વર થાય;
એ વિદ્યારૂપી અંધકારથી જેની,
છવાયલી બુદ્ધિરૂપી રાત તેની. ૯૫

તેમાં તત્ત્વદર્શી મુનિ હોય જેહ,
નિરંતર ઊંઘતા દિસે છે તેહ;
યોગી આત્મનિષ્ઠામાં જાગે યદાય,
અજ્ઞજનો ઊંઘતા તેમાં તદાય. ૯૬
દેખે નહિ ઘુડ તો દિવસે જેમ,
(૬૯) પ્રપંચ છે જ્ઞાનીની દૃષ્ટિએ તેમ;
ચારેભણીથી સહુ નદીઓથી જેમ,
ભરેલો જે પૂર્ણ સમુદ્રજ તેમ. ૯૭
વળી પડે વૃષ્ટિનું જલ તો તેમાંય,
છતાં ન સમુદ્ર કદી છલકાય;
તેવી રીતે જ્ઞાની પુરુષોનીમાંય,
પ્રવેશ કરે છે વિષય તો બધાય. ૯૮
તેથી પામે શાંન્તિને તેતો સદાય,
(૭૦) કામી નથી પામતો શાન્તિ કદાય;
તજી સર્વ કામના માત્ર જે જન,
કરે છે મમત્વરહિત જે મન. ૯૯
મમતારહિત) અને થઇ નિસ્પૃહિ નિરહંકાર,
(૭૧) ફરે પછી શાંન્તિ પામી નિરધાર;
કહી છે આ બ્રાહ્મી સ્થિતિ હે અર્જુન!
આને પામી મોહ ના ઉપજે મન.
આમાં રહે અંતકાળે પણ કોય,
(૭૨) પુરુષ તે શ્રેયને પામે છે સોય. ૧૦૦

॥ इति श्रीकस्तुरविरचिते संगीत गीतायां सांख्ययोगो नाम द्वितीयोऽध्यायः ॥

ૐ

॥ अध्याय ३ जो ॥

कर्मयोग.

રાગ. આવો આવોને મોહનલાલ મોરલીવાળારે.

અર્જુન બોલ્યો.

કહે અર્જુન હે ભગવાન્! શકા મને થાય રે,
જ્યારે કર્મથી જ્ઞાન છે શ્રેષ્ઠ આવું મનાયરે. ૧
તો પછી મને હે ભગવાન્! ઘોર આ કર્મ રે,
(૧) તેમાં શાને જોડો છો મુજને કહો મર્મરે. ૨
એવાં સાંભળી મિશ્રિત વાક્યને મહારાજરે,
મારી બુદ્ધિમા ઉપજે મોહ જાણે આજરે. ૩
કોઇ વાક્યોમાં કર્મની શ્રેષ્ઠતા દર્શાવો રે,
અને કોઇકમાં જ્ઞાન અધિક એવું બતાવો રે. ૪
અધિકાર જે મારો હોય પ્રભુજી જેમાં રે,
(૨) કહો જેથી હું પામું શ્રેય નિશ્ચય એમાં રે. ૫
કહે કૃષ્ણ હે પાપરહિત! કુંતીજીના તનરે,
મે તો પૂર્વે કહ્યું આ લોકમાં જે જનરે. ૬
તેની નિષ્ઠાના છે બે પ્રકાર હવે કહું તેમાં રે,
જ્ઞાનીઓની તો નિષ્ઠા જ્ઞાનયોગ છે એમાંરે. ૭
અને કર્મરૂપી જે યોગથી તે થાયરે,
(૩) કર્મયોગીની નિષ્ઠા એજ તો કહેવાયરે. ૮
કોઇ જે કર્મો નિષ્કામ નહિ કરવાથીરે,
તે મનુષ્ય તો નિષ્કર્મભાવ પામશે ક્યાંથીરે. ૯

ચિત્તશુદ્ધિવિના જ્ઞાન કેમ પામશે કોયરે,
(૪) માત્ર સંન્યાસથી પણ જ્ઞાન સિદ્ધિ ન હોયરે. ૧૦
પ્રકૃતિથીજ છે ઉપજેલ ગુણો તે તોરે,
કરી આધીન કરાવે કર્મ સહુ જીવોને તોરે. ૧૧
ક્ષણ એક કદીપણ કોઇ કર્મ વિનાનોરે,
(૫) જન નહિજ રહી શકનાર નિશ્ચય આનોરે. ૧૨
મહા મુંઢ તો કર્મની ઇંદ્રિયો વશ રાખેરે,
પણ મનથી વિષયનું ધ્યાન કાઢી ન નાંખેરે. ૧૩
આમ મિથ્યા આચારી જેહ મનુષ્યો થાયરે,
(૬) તે તો દાંભિક આ દુનિઆવિષે કહેવાયરે. ૧૪
પણ મનથીજ ઇંદ્રિયો સર્વ જે વશ રાખેરે,
અને ફલની તો ઇચ્છાજ સર્વ દૂર કરી નાંખેરે. ૧૫
પછી કર્મેંદ્રિયોથી કર્મ સર્વે કરે છેરે,
(૭) પણ કર્મો તે કરતાં છતાંય શ્રેષ્ઠ ઠરે છેરે. ૧૬
સ્થૂલદેહતણો વ્યવહાર કર્મવિનાનો રે,
નહિ ચાલી કદી શકનાર નિશ્ચય આનોરે. ૧૭
માટે નિત્યનૈમિત્તિકકર્મ કરજે વારૂરે,
(૮) નહિ કરવાના કરતાં કર્મ કરવાં એ સારૂંરે. ૧૮
કોઇ ઇશ્વરના સ્મરણરહિત કર્મ કરે છેરે,
અન્ય કર્મથી કર્મના એ બંધનમાં પડે છે રે. ૧૯
માટે થઇને તું સંગરહિત કર્મોને કરજેરે,
(૯) અને ઇશ્વરમાં અતિપ્રીતથી અનુસરજેરે. ૨૦
જ્યારે બ્રહ્માએ પૂર્વે યજ્ઞની અધિકારીરે,
પ્રજાઓને સર્જી એ વાર વધા સુખકારીરે. ૨૧

આજ યજ્ઞવડે સહુ પ્રાણીઓ સુખ પામોરે,
(૧૦) ફલો ઇચ્છિત આપે આ યજ્ઞ એથી વિરામોરે. ૨૨
કરો સંતુષ્ટ દેવો સર્વને તો આથીરે,
થાય દેવો તમોપર તુષ્ટ યજ્ઞ કર્યાથીરે, ૨૩
એમ સંતોષી અન્યોઅન્ય બહુ સુખ પામોરે,
(૧૧) પછી શ્રેષ્ઠજ છે જે સુખ તેમાં વિરામો રે. ૨૪
જેથી યજ્ઞવડે સંતુષ્ટ થયેલા દેવરે,
મનવાંચ્છિત દેશે ભોગ તો પછી એવરે. ૨૫
દેવને તો અર્પ્યાવિણુ ભોગ જે ભોગવશેરે,
(૧૨) એજ પુરુષ દેવોનો ચોર કૃતઘ્ન કહેવાશેરે. ૨૬
રહે યજ્ઞનું શેષ જે અન્ન તે જમનારારે,
પાપ સર્વેથી થઇને મુક્ત એ રહેનારારે. ૨૭
અન્ન રાંધી પોતાનેજ કાજ જે જમનારારે,
(૧૩) પાપકેરૂં એ ભોજન લઇને પાપી થનારારે. ૨૮
જીવ માત્રતણા જે દેહ અન્નથી થાયરે,
વરસાદથી પાકે અન્ન અવનિમાંયરે. ૨૯
થાય યજ્ઞવડે વરસાદ તો અર્જુનરે,
(૧૪) થાય કર્મ કર્યાથી યજ્ઞ તો ઉત્પન્નરે. ૩૦
થાય વેદોથી ઉદ્ભવ કર્મનો એમ જાણુરે,
પરમાત્માથી ઉપજ્યા વેદ એજ પ્રમાણુરે. ૩૧
તેણે સર્વ પદાર્થ પ્રકાશ જે કરનારરે,
(૧૫) એજ છે વેદ આ નિત્ય યજ્ઞમાં રહેનારરે. ૩૨
એમ વહેતા અહિં આ ચક્રમાં જે નથી સરતો રે,
તેજ છે પાપરૂપ હે પાર્થ ! જીવતર ધરતો રે. ૩૩

અને કેવલ ઇંદ્રિય સુખમાં રમનારા રે,
(૧૬) વૃથા જન્મ તે માને ઉદર ધરનારારે. ૩૪
જેની આત્મસ્વરૂપમાં પ્રીત હોય સદાયરે,
અને એમાંજ તૃપ્ત થયેલ હોય યદાયરે. ૩૫
અને એમાં નિરતર જે રહે સંતોષી રે,
(૧૭) કર્તવ્ય ન તેને કોઇ દોષ નિર્દોષી રે. ૩૬
એજ હેતુ કે કર્મથી શુ પ્રયોજન એને રે,
નહિ કરવાવડે આ લોકમાં શું તેનેરે. ૩૭
પછી સર્વ જનોમાં સ્વાર્થ શું છે એને રે,
(૧૮) થયો સર્વ સંબધથીરહિત અનુભવ જેનેરે. ૩૮
આજ હેતુથી થઇ નિષ્કામ કર્મ તું કરજેરે,
હોય કરવાને યોગ્ય જે કર્મને અનુસરજે રે. ૩૯
થઇ નિષ્કામ નિશ્ચય કર્મ ને કોઇ કરતોરે,
(૧૯) છતાં શ્રેયને પંથે એ સદા અનુસરતો રે. ૪૦
જનકાદિના ચિત્તની કર્મથી થઇ શુદ્ધિરે,
મળીયું તેથીજ સિદ્ધિ જ્ઞાનની થઇ વૃદ્ધિ રે. ૪૧
એમ જાણીતું કરવાયોગ્ય કર્મને કરજે રે,
(૨૦) લોક સંગ્રહકાજ વિચારમાં અનુસરજે રે. ૪૨
જેવાં જેવાં તે કર્મો શ્રેષ્ઠ પુરુષો કરશેરે,
જોઇ બીજા જનો એ કર્મને અનુસરશેરે. ૪૩
આમ જાણીને શ્રેષ્ઠજ કર્મ તો નિત્ય કરવાંરે,
(૨૧) અને અન્ય જનોનાં કર્મમાં ચિત્ત ધરવાં રે. ૪૪
ત્રણુ લોકમાં મારે કાંઇ પણુ કરવાનું રે,
નથી શેષ રહ્યું કોઇ ઠામ અનુસરવાનું રે. ૪૫

નહિ પામેલું પામવા યોગ્ય નથી કાંઇ મારે રે.
(૨૨) તોય કર્મો કરૂં હે પાર્થ! અન્ય અનુસારે રે. ૪૬
સાવધાન થઇ હે પાર્થ! હું જો કદાપી રે,
પ્રવર્તક જો હું કર્મની માંહ્ય થાઉં ના અદ્યાપી રે. ૪૭
રહું આળસને આધીન જો હુ ત્યારે રે,
(૨૩) અનુસરશે જનો મમ માર્ગ સર્વ પ્રકારે રે. ૪૮
નહિ કર્મ કરૂં જો હુંજ તો અર્જુન રે,
આ લોકો પામે નાશ જાણુ તું મન રે. ૪૯
થાઉં વર્ણસંકરનો હુંજ તો કરનાર રે,
(૨૪) અને સર્વ પ્રજાનો હુંજ થઉં હણુનાર રે. ૫૦
જેમ અજ્ઞજનો અર્જુન કર્મ કરે છે રે,
ફલ ઇચ્છાથી એમાં રાગ એતો ધરે છે રે. ૫૧
તેમ લોકોના સંગ્રહકાજ કર્મ કરે છે રે,
(૨૫) પણ જ્ઞાની ફલેચ્છાવિણુ ચિત્ત ધરે છે રે, ૫૨
હોય અજ્ઞજનોની કર્મમાં દૃઢ પ્રીતિ રે,
તેની બુદ્ધિમાં લાવે ન ભેદ સુજ્ઞ એ રીતી રે. ૫૩
પણ પોતે થઇ સાવધાન કર્મને કરતો રે,
(૨૬) અને આપે બીજાને બોધ એ અનુસરતો રે. ૫૪
મહતત્ત્વથકી ત્રિગુણ ઉત્પન્ન થાય રે.
તેજ ગુણોથી સર્વ પ્રકાર કર્મ કરાય રે. ૫૫
છતાં મૂઢ થયેલાં ચિત્ત જે અભિમાની રે,
(૨૭) એજ માને હું કર્તા આપનેજ અજ્ઞાની રે. ૫૬
ત્રણ ગુણાનુસારે ઇંદ્રિયો વર્તે છે રે,
એ નિશ્ચયપણે જાણુનાર જ્ઞાની જે છે રે. ૫૭

એમ જાણીને વિષય ભોગવે પણ તેને રે,
(૨૮) નહિ કર્તાપણાનું માન અર્જુન જેને રે. ૫૮
થયા મૂઢ માયાવી ગુણથી જે છે જન રે,
ગુણ કર્મોમાં રાખે રાગ તે અર્જુન રે. ૫૯
નહિ તત્ત્વને જે જાણનાર મંદ અધિકારી રે,
કરે શ્રદ્ધાથી એ શુભકર્મ એમ વિચારી રે. ૬૦
તત્વજ્ઞાની ન આપે બોધ એથી વિરુદ્ધ રે,
(૨૯) અને કર્મથી ન કરે ચલીત થવા ચિત્ત શુદ્ધ રે. ૬૧
તું એ અધ્યાત્મ ચિત્તથી મુજમાં કર પ્રીતિ રે,
કર કર્મો સહુ મુજઅર્થ પ્રેમ સહિત રે. ૬૨
કરી મમતાને આશા દૂર હવે ચિત્ત ધરને રે,
(૩૦) થઇ શોકવિનાનો તું પછી યુદ્ધ કરને રે. ૬૩
અતિશ્રધાળુ છે જે માનવીનું ચિત્ત રે,
થઇ ગુણાનુરાગી તે અસૂયારહિત રે. ૬૪
નિત્યમત છે આ મારો એજ ચિત્ત ધરે છે રે,
(૩૧) તેજ કર્મોથી થઇને મુક્ત સુખમાં ફરે છે રે. ૬૫
અને આરોપ ગુણમાં દોષનો કરનારા રે,
નહિ મારો આ નિશ્ચય ચિત્તમાં ધરનારા રે. ૬૬
જ્ઞાન સર્વમાં છે મૂઢ ચિત્ત દુષ્ટ જનોનાં રે,
(૩૨) સહુ પ્રયત્ન પામે નાશ તો પછી એનાં રે. ૬૭
હોય પૂર્વના જે સંસ્કાર એજ પ્રમાણી રે,
કરે ચેષ્ટાઓ પણ જ્ઞાનવાન તો આમ જાણી રે. ૬૮

૧ ગુણમાં દોષ ન જુએ તે.

સહુ પ્રાણી સ્વાભાવાધીન છે પોતાને રે,
(૩૩) તો નિગ્રહ શું કરનાર છે ત્યાં આને રે. ૬૯
રહ્યા ઈંદ્રિયવિષયમાં રાગ ને વળી દ્વેષ રે,
થાય તેથી મનુષ્યને નિત્ય તો બહુ ક્લેશ રે. ૭૦
અરિ[1] સહુના છે રાગ ને દ્વેષ જાણી આવું રે,
(૩૪) વશ તેને કદી કોઈ જનને નવ થાવું રે. ૭૧
પરધર્મમાં જો હોય ગુણ બહુ પણ તોય રે,
ગુણ અલ્પ વાળો નિજધર્મ શ્રેષ્ઠજ સોય રે. ૭૨
થાય મૃત્યુ પોતાના ધર્મમાં તોય સારું રે,
(૩૫) પરધર્મ તો ભય આપનાર તેજ નડારૂં રે. ૭૩
કહે અર્જુન હે ભગવાન્! એજ પ્રમાણે રે,
નહિ ઇચ્છા જેને મનમાંજ તોય પરાણે રે. ૭૪
થઇ પ્રેરક પછી તે કોણ પાપ કરાવે રે,
યોજનારો પુરુષ તેમાંય કોણ કહાવે રે. ૭૫
હવે બોલ્યા છે શ્રીભગવાન્ કહુ ચિત્ત ધારો રે,
ક્રોધરૂપી છે કામજ પાપમાં જોડનારો રે. ૭૬
મહા આહારી રજોગુણજન્ય ને અતિ ઉગ્રરે,
(૩૭) એજ શત્રુસ્વરૂપ છે કામ કરે મન વ્યગ્ર રે. ૭૭
અને ધુમવડે ઢંકાય પાવક જેમ રે,
વળી મેલવડે ઢંકાય દરપણ તેમરે. ૭૮
અને ઓરવડે જેમ ગર્ભ તો ઢંકાય રે,
(૩૮) તેમ કામે કરીને જ્ઞાન આચ્છાદિત[2] થાય રે. ૭૯

---

૧ શત્રુ. ૨ ઢંકાયુ.

કામ જ્ઞાની જનોનો નિત્યનો છે વેરી રે,
અને અતૃપ્ત અનલની જેમ આશા ઘણેરી રે. ૮૦
એજ કામે ઢાંકયું છે જ્ઞાનને આ રીતે રે,
(૩૯) ત્યજી તેને ને સાધવું હિત અર્જુન પ્રીતેરે. ૮૧
મન ઇંદ્રિયો બુદ્ધિ એ મળી નિરધાર રે,
એજ કામતણો કહેવાય છે [1]આધાર રે ૮૨
તેવડે આ ઢાંકીને જ્ઞાન કામ રમાડે રે,
(૪૦) [2]શરીરાભિમાનીને મોહ એજ પમાડે રે ૮૩
તેજ માટે તું હે અર્જુન! પ્રથમ આ કરજે રે,
ઇંદ્રિયોને આધીનમાં લાવવા અનુસરજે રે. ૮૪
સહુ પાપનો મુલભુત કામ છે જે તેને રે,
(૪૧) હણે જ્ઞાન વિજ્ઞાનનો નાશ કરતા એને રે. ૮૫
સ્થૂલ દેહથી ઇંદ્રિયો શ્રેષ્ઠ છે એમ કહે છે રે,
વળી ઇંદ્રિયોથી મન શ્રેષ્ઠ એમ રહે છે રે ૮૬
એ મનથી છે બુદ્ધિ શ્રેષ્ઠ એજ પ્રમાણો રે,
(૪૨) અને બુદ્ધિથી આત્મા શ્રેષ્ઠ છે એમ જાણો રે. ૮૭
હવે બુદ્ધિથી ઉત્તમ આત્માને જાણીરે,
કર બુદ્ધિવડે મન સ્થિર આમ પ્રમાણીરે. ૮૮
મહાયત્ને કરી જીતાય છે જે એવો રે,
(૪૩) કામરૂપી શત્રુ છે નાશ કરવા જેવો રે. ૮૯

॥ इति श्रीकस्तुरविरचिते संगीत गीतायां [illegible]योगो नाम तृतीयोऽध्यायः समाप्तः ॥

---

૧ અધિષ્ઠાન, ૨ દેહના અભિમાનવાળાને

ॐ

॥ अध्याय ४ थो ॥

.ानविभागयोग.

તમે દશરથના સુત રામ સ્વામીજી મોરા. એ રાહ.

શ્રીકૃષ્ણ કહે અર્જુન સુણો આ યોગ,
અવિનાશી ફલપ્રદ આત્મતણો સયોગ. ૧
સૂર્યને કહ્યો મેં કહ્યો મનુને સૂર્યે,
(૧) ને કહ્યો મનુએ ઇક્ષ્વાકુને કહુ એ. ૨
છે પરંપરાથી પ્રાપ્ત થયેલો યોગ,
ને અર્જુન રાજર્ષિએ જાણવા યોગ્ય. ૩
તે ચિરકાલેથી હમણાં પામ્યો નાશ.
(૨) આ યોગજ હે અર્જુન ! સદા સુખ રાશ. ૪
મે કહ્યો અનાદિ યોગ તને જે આજ,
છો અનન્ય મારો ભક્ત તું તે કાજ. ૫
છે ગુપ્ત રાખવા યોગ્ય તોયપણ મિત્ર,
(૩) આ શ્રેષ્ઠ રહસ્ય કહ્યુ મેં તુજને અત્ર. ૬
ત્યાં અર્જુન બોલ્યા પ્રભુ આપની પહેલાં,
સૂર્યનો થયો છે જન્મ તો બહુ વહેલાં. ૭
જે આદ્ય સમયમાં કહ્યો હતો આ યોગ,
(૪) આપે એ જાણ્યું કેમ દિસે અયોગ્ય. ૮
શ્રીકૃષ્ણ કહે અર્જુન મારાને તારા,
થઇ ગયા જાણજે જન્મ અપરંપારા, ૯

હું જાણુ છું તે જન્મ સર્વે મારા,
(૫) તું નથી. જાણતો જન્મને તો તારા. ૧૦
હું મૃત્યુ જન્મરહિત વળી તેમજ હું,
પ્રાણી સર્વેનો ઇશ્વર પણ એમજ છું. ૧૧
તે છતાં મુજની માયાને આધારે,
(૬) માયાજવડે જન્મું છુ વારવારે. ૧૨
જ્યારે જ્યારે હાનીજ ધર્મની થાય,
ને અધર્મ નિશ્ચય અર્જુન વધતો જાય. ૧૩
આથીજ થાય અવનિપર જ્યારે ભાર,
(૭) ત્યારે ત્યારે હું શરીર ધરૂં નિરધાર. ૧૪
સારી રીતે સાધુનું રક્ષણ કરવા,
ને પાપી જેજે હોય તે તે સહરવા. ૧૫
ને ધર્મ સ્થાપવાકાજ પછી નિરધાર,
(૮) યુગ યુગને વિષે હુજ ધરૂં અવતાર. ૧૬
જે અર્જુન મારાં દિવ્ય જન્મને કર્મ,
જે આજ પ્રમાણે યથાર્થ જાણે મર્મ. ૧૭
તે દેહ ત્યજ્યાથી ફરી જન્મ નહિ પામે,
(૯) પણ પામી મુજને શ્રેષ્ઠ સુખે વિરામે. ૧૮
ભય રાગ ક્રોધ જેનાં છે નાશ થયેલ,
મન મુજમાં ને મમ શરણ ગ્રહીજ રહેલ. ૧૯
જે જ્ઞાનરૂપ તપથીજ પવિત્ર થયેલા,
(૧૦) તે ઘણા મનુષ્યો મુજ સ્વરૂપમાં રહેલા. ૨૦
જે ભજે મુજને તેને હુય ભજુછું,
જેનો છે જેવો ભાવ તેવો હું છું. ૨૧

હે પાર્થ ! મનુષ્યો સર્વ પ્રકારે ધાર,
(૧૧) મારાજ માર્ગને છે અનુસરનાર. ૨૨
અહિં કર્મફ્લોની ઇચ્છા છે જેઓને,
તે પ્રેમ ધરીને પૂજે છે દેવોને. ૨૩
કાંજે આ લોક એવો છે નિરધાર,
(૧૨) સત્વર ફ્લ આપે કર્મતણું એ ધાર. ૨૪
ગુણ કર્મતણા વિભાગ કરીને ચાર,
આ વર્ણતણો છું હુ ઉત્પન્ન કરનાર. ૨૫
તે છતાં અકર્તા જાણ મને નિરધાર,
(૧૩) ને વળી મને તું જાણ રહિત વિકાર. ૨૬
કર્મો કરવાથી લિપ્ત નથી હું થાતો,
ને કર્મતણા ફ્લમાંજ નથી બંધાતો. ૨૭
જે એજ પ્રમાણે સમજે મુજને તેહ,
(૧૪) નહિ કર્મથકી બધાય કદી પણ એહ. ૨૮
એવું સમજી પહેલાંના જે અધિકારી,
તેણે પણ કર્મ કરેલાં આમ વિચારી. ૨૯
ને તેની પહેલાંના યુગાંતરમાં એ,
(૧૫) છે કર્મ કરેલાં તેથી તું પણ કરને. ૩૦
શું કર્મ અને અકર્મ એમ આવા તે,
મુંઝાણા પણ પડિંત પુરુષો જાને. ૩૧
તેથી હું તુજને કર્મ અકર્મ કહીશ;
(૧૬) જે જાણ્યાથી તું બંધન મુક્ત થઇશ. ૩૨
છે વિહિત કર્મનું તત્વ સમજવાયોગ્ય,
ને નિષિદ્ધ કર્મનું તત્વ જાણવા જોગ્ય. ૩૩

અકર્મતણું પણ તત્વ સમજવા જેવું,
(૧૭) કાંજે કર્મોનું તત્વ ગહન છે એવું. ૩૪
જુએ છે જે કર્મમાં અકર્મજ તેને,
ને અકર્મમાં જુએ છે કર્મજ એને. ૩૫
તે સર્વ મનુષ્યોમાં છે બુદ્ધિમાન,
(૧૮) તે યોગી સર્વે કર્મો કરતા માન. ૩૬
ઇચ્છા સંકલ્પરહિત કર્મો છે જેનાં,
તે જ્ઞાનાગ્નિથી ભસ્મ થયાં છે તેનાં. ૩૭
જે તત્વજ્ઞાનીઓ સદાનંદમાં રહે છે,
(૧૯) તે આવા પુરુષોને પંડિત કહે છે. ૩૮
કર્મની તથા ફલની આસક્તિ ત્યાગી,
નિરંતર તૃપ્તિવાન્ જે બડભાગી. ૩૯
નિરાશ્રય રહીને કર્મજ સર્વે કરતા,
(૨૦) પણ છતાં રહે છે નિશ્ચય એજ અકરતા. ૪૦
નિયમમાં જેનો દેહ ચિત્ત નિરાશા,
ને સહુ ભોગોના સાધનમાં નહિ આશા. ૪૧
જે દેહસંબંધી કેવલ કાર્ય કરે છે,
(૨૧) તે છતાં પુરુષ એ નિષ્પાપીજ ઠરે છે. ૪૨
દૈવેચ્છાથી જે લાભ મળે સંતોષ,
થઇ દ્વંદ્વરહિત નિર્વૈર ને નિર્દોષ. ૪૩
પ્રાપ્તાપ્રાપ્તમાં વૃત્તિ એક સમાન,
(૨૨) તે કરતા કર્મ છતાંય અકર્તા માન. ૪૪
થઇ સંગરહિત જે મુક્ત જ્ઞાનમાં સ્થિર,
ચિત્ત જેનું એવો જે પુરુષ છે ધીર. ૪૫

કર્મો તે કરશે યજ્ઞકાજ પણ એનાં,
(૨૩) ફલ સાથે કર્મો નાશજ થાશે તેનાં. ૪૬
અર્પણ એકાક્ષર આદિ સર્વે બ્રહ્મ,
અગ્નિ પણ બ્રહ્મ હવન ને કર્તા બ્રહ્મ. ૪૭
જે હવનવડે સ્વર્ગાદિ તે પણ બ્રહ્મ,
ને કર્મોમાં જોડેલ મતિ પણ બ્રહ્મ. ૪૮
એ બુદ્ધિથી જાવાનું જે છે સ્થાન,
(૨૪) તે બ્રહ્મજ છે સર્વે તું અર્જુન માન. ૪૯
બીજા કર્મો કરનારા યોગી જેઓ,
આ સદા કરે છે દેવયજ્ઞજ તેઓ. ૫૦
તે અન્ય વળી આત્માને બ્રહ્માગ્નિમાં,
(૨૫) હોમે છે જ્ઞાનસ્વરૂપ યજ્ઞથી તેમાં. ૫૧
શ્રોત્રાદિ ઇંદ્રિયોને બીજા સોય,
સંયમરૂપી અગ્નિમાં હોમે કોય. ૫૨
ને કોઇ તો ઇંદ્રિયોરૂપી અગ્નિમાં,
(૨૬) હોમે છે શબ્દાદિ વિષયને તેમાં. ૫૩
કોઇ ઇંદ્રિયોના કર્મો તે સર્વેને,
ને પ્રાણ તણાં કર્મો છે સર્વે તેને. ૫૪
હોમે છે જ્ઞાનવડેજ પ્રકાશિત તેમાં,
(૨૭) આત્માના સંયમરૂપ યોગાગ્નિમાં. ૫૫
કોઇ તપ રૂપી કો દ્રવ્યયજ્ઞ કરનારા,
કોઇ યોગયજ્ઞ કોઇ જ્ઞાનયજ્ઞ વરનારા. ૫૬
કોઇ વેદાભ્યાસસ્વરૂપ યજ્ઞ કરનારા,
(૨૮) કોઇ દઢતારૂપી યજ્ઞ ઉર ધરનારા. ૫૭

કોઇ અપાનમાંહિ પ્રાણુજ હોમ કરે છે,
કોઇ અપાનને પણુ પ્રાણુ મહિજ ધરે છે. ૫૮
ને અન્ય વળી કો અલ્પ આહારજ લઇને,
કુંભકથી પ્રાણુાયામ પરાયણુ થઇને. ૫૯
પ્રાણોમાં ઇંદ્રિયોનો હોમ કરે છે,
(૨૯–૩૦)એ સર્વે યજ્ઞો કરતાં પાપ હરે છે. ૬૦
યજ્ઞો કરતાં અવશેષ રહેલુ અન્ન,
જે અમૃતરૂપી કરશે જે ભોજન. ૬૧
તે પામે બ્રહ્મસનાતનને અર્જુન,
પણુ યજ્ઞ નહિ કરનાર હશે જે જન. ૬૨
તે પામે નહિ આ લોક તો નિરધાર,
(૩૧) તો કયાથી એ પરલોક પામે ધાર. ૬૩
છે એમજ યજ્ઞોના તો બહુજ પ્રકાર,
તે પામેલા છે વેદમુખે વિસ્તાર. ૬૪
યજ્ઞો સહુ કર્મવડેજ થયેલા જાણી,
(૩૨) થા બંધથકી તું મુક્ત એમ પ્રમાણી. ૬૫
હે અર્જુન ! દ્રવ્યવડે જે યજ્ઞો થાય,
તેથી અત્યુત્તમ જ્ઞાનયજ્ઞ કહેવાય. ૬૬
કાંજે કઇ બાકી રહ્યાવિના અર્જુન,
(૩૩) સહુ કર્મો તો થઇ જાય જ્ઞાનમાં લીન. ૬૭
તું જ્ઞાનીને પ્રણુમીને વારંવાર,
પૂછીને પ્રશ્નો સેવા કરજે સાર. ૬૮
તો તત્વજ્ઞાનીઓ દેશે તુજને બોધ,
(૩૪) આ જ્ઞાનથકી આત્માની કરવા શોધ ૬૯

હે અર્જુન ! એજ પ્રમાણે જાણી જ્ઞાન,
પામીશ નહિ તું મોહ ફરીને માન.
જેવડે કરી સમદૃષ્ટિથી સહુ પ્રાણી,
(૩૫) દેખીશ હુંમાં ને તુંમાં એક પ્રમાણી.
પાપી સર્વેથી હોઇશ વધારે પાપી,
તોપણ તુ હે અર્જુન ! કહું અદ્યાપિ.
આ જ્ઞાન સ્વરૂપી નાવવડે નિરધાર,
(૩૬) સુખે તું પામીશ પાપાબ્ધિનો પાર.
હે અર્જુન ! સળગેલો અગ્નિ તો જેમ,
કાષ્ટોને બાળી ભસ્મ કરે છે તેમ.
આ જ્ઞાનરૂપ અગ્નિનો એ છે ધર્મ,
(૩૭) બાળીને ભસ્મ કરે છે સર્વે કર્મ.
નિશ્ચય આ જગમાં ઉત્તમ જ્ઞાન સમાન,
બીજું કંઇએ જાણીશ નહિ વિદ્યમાન.
જે કર્મયોગથી ચિત્તને શુદ્ધ કરે છે,
(૩૮) તેમાં સમયાનુસારે જ્ઞાન ડરે છે.
શ્રદ્ધાળુ ને તત્પર ગુરુ સેવામાં,
ને ઇંદ્રિયો જે રાખે છે નિયમમાં.
તેવોજ પુરુષ પામે છે કેવલજ્ઞાન,
(૩૯) ને પામે સત્વર ઉત્તમ શાન્તિ સ્થાન.
અજ્ઞાનીને શ્રદ્ધાજ વિનાનો તેમ,
સંશયવાલો પણ વિનાશ પામે એમ.
સંશય નહિ પામેજ કદી પરલોક,
(૪૦) તેમજ સુખ પણ નહિ પામે તે આ લોક.

હે અર્જુન ! જેણે યોગવડે કર્મોને,
ત્યાગેલાં ને અર્પેલાં છે ઈશ્વરને. ૮૨
ને જેના સંશય જ્ઞાનવડે છેદાયા,
(૪૧) તે મેધાવીને બાધ કરે નહિ માયા. ૮૩
અજ્ઞાનેથી ઉપજેલા સંશય ચિત્તે,
તેમાટે હે અર્જુન ! કહું છું પ્રીતે. ૮૪
આ તત્વજ્ઞાનરૂપી જે છે તલવાર,
તેનાથી કરને સંશયનો સંહાર. ૮૫
નિષ્કામકર્મ આ યોગ કરી તે કાજે,
તું ઊઠ હવે અર્જુન યુદ્ધ કરવા આજે. ૮૬

इति श्रीकस्तुरविरचिते संगीत गीतायां ज्ञानविभागयोगो नाम चतुर्थोऽध्यायः समाप्तः ॥

ॐ

॥ अध्याय ५ मो ॥

संन्यासयोग.

રાગ. રસ ગીતાનો.

હવે અર્જુન કહે છે રે કે કૃષ્ણજી રાયને,
રે જેથી શ્રેય થાય મારું કહો એ ઉપાયને. ૧
એક પ્રતિપાદન કરો રે સંન્યાસયોગને,
(૧) રે વળી એકવાર વખાણો કર્મના જોગને. ૨
પછી અર્જુન પ્રત્યે રે કહે શ્રીકૃષ્ણજી,
રે શ્રેય કરનાર બંને તમારા પ્રશ્નજી. ૩

કર્મોના ત્યાગથી તો રે કર્મયોગ શ્રેષ્ઠ છે,
(૨) રે અધિકારહીન પ્રાણી તે સારુ તો ઈષ્ટ છે. ૪
જેનો નહિ દ્વેશ કરે રે ઇચ્છા નહિ અન્યની,
તેને તો જાણવો જતિ આશા નહિ ધનની. ૫
કાં જે અર્જુન એ તો રે રાગદ્વેષરહિત છે,
(૩) રે સુખે એ બંધથી છુટો થયેલો નિત્ય છે ૬
વિચારરહિત જનો રે સાંખ્ય અને યોગને,
બંનેને ભિન્ન ગણે છે એ તો અયોગ્ય છે. ૭
પંડિતો એમ કહે છે રે બેમાંથી એકમાં,
(૪) જો જનો પ્રયત્ન કરે મળે ફલ બેઉમાં. ૮
યતિ સાંખ્ય જ્ઞાનવાળે રે જે સ્થાન પમાય છે,
રે તે સ્થાને કર્મયોગી તેઓ પણ જાય છે. ૯
માટે જે એકરૂપે રે સાંખ્ય યોગ જાણતા,
(૫) એવા જનનેજ જાણો યથાર્થ પ્રમાણતા. ૧૦
સન્યાસ જે કર્મયોગ રે વિનાનો થાય છે,
તે તો દુ:ખ પામવામાટે પાર્થ કહેવાય છે. ૧૧
અને કર્મયોગવાળો રે સંન્યાસી જે થાય છે,
(૬) તે તો બ્રહ્મરૂપમહિં પછી ભળી જાય છે. ૧૨
જોડાએલ કર્મયોગે રે પામે ચિત્તશુદ્ધિને,
રે રાખે વશ દેહેંદ્રિયો અને નિજ બુદ્ધિને. ૧૩
જેણે નિજ આત્માજેવોરે જાણ્યો અન્ય આત્મા,
(૭) રે કરે એ કર્મો છતાં અલિપ્ત એ મહાત્મા. ૧૪
યોગેથી યુક્ત જ્ઞાનીરે જોતો અને સુણતો,
રે સુવે ને સ્પર્શ કરે ખાતો ને ચાલતો. ૧૫

ઊંઘે અને શ્વાસ લેતો રે અને એ બોલતો,
રે કરે ગ્રહણ છતો એ અને મળ ત્યાગતો. ૧૬
આંખો ઉગાડનો છતો રે અને વળી વીંચતો,
રે ઇંદ્રિયોને ઇંદ્રિયોના વિષયમાં જોડતો. ૧૭
છતાં એમ સમજે પોતે રે હું કંઇ કરતો નથી,
(૮-૯) રે એવો જે તત્વવેત્તા સુખી છે સર્વથી. ૧૮
ત્યજી ફલની ઇચ્છાને રે જે કર્મો આદરે,
એવો મનુષ્ય સહુ રે ઇશ્વરાર્થે કરે. ૧૯
પાણીમાં પદ્મપેઠે રે પાપો નથી લેપતાં,
(૧૦) જ્ઞાની તો કર્મ સહુ કરે છે તે છતાં. ૨૦
કાયાને ઇંદ્રિયોથી રે અને મન બુદ્ધિથી,
રે કેવલ જે કર્મ કરે તે તો ચિત્ત શુદ્ધિથી. ૨૧
એવા જે યોગીયો એતો રે ત્યજીને સંગને,
(૧૧) રે રહે આનંદમાં સદા ધરીને ઉમંગને. ૨૨
કરે નિષ્કામકર્મ રે યોગ ફલ ત્યાગીને,
તે સત્વગુણી શાન્તિ પામે યોગે અનુરાગીને. ૨૩
અને નિષ્કામકર્મ રે નહિ કરનાર જે,
(૧૨) રે આશાઓ ફલમાં તેની તેને બાંધનાર છે. ૨૪
દેહાદિ વશ કરીને રે કર્મો મનથી કરે,
ને આત્મા છે દેહથી જુદો એવું મનમાં ધરે. ૨૫
પછી નવ દ્વારવાળા રે નગરમાં સુખથી,
રે રહે અભિમાન ત્યજી છુટો થઇ દુઃખથી. ૨૬
પોતે કાંઇ કરતો નથી રે એવું મન જાણીને,
(૧૩) રે કેને એ કરાવતો નથી એવુંજ પ્રમાણીને. ૨૭

દેહાદિના કર્તાપણાને નથી કરતા પ્રભુ,
ને કર્મના ફલ સંયોગો નહિ કરતા વિભુ. ૨૮
અનાદિકાલની માયા રે જોડે છે કર્મમાં,
રે જીવોને આ અવિદ્યા સંસારી ધર્મમાં. ૨૯
વિભુ પુણ્ય પાપ કેનાં રે લેતા નથી જાણજો,
રે સંપૂર્ણ કામનાવાળા પ્રભુને પ્રમાણજો. ૩૦
પોતાની અચિંત્ય માયા રે ઢાંકીને જ્ઞાનને,
(૧૪–૧૫) રે પછી તે મોહ પમાડે જીવો અજ્ઞાનને. ૩૧
તત્વના જ્ઞાનવડે રે જેનુ અજ્ઞાન તે,
રે પામ્યું છે નાશ તે તો બહુ ધીમાન[1] છે. ૩૨
જેની રીતે સૂર્ય સહુ રે પદાર્થ પ્રકાશતા,
(૧૬) રે તત્વજ્ઞાન તેજ રીતે બ્રહ્મ દર્શાવતા. ૩૩
જેનો જીવાત્મા અને રે બુદ્ધિ પરબ્રહ્મમાં,
રે વળી આશ્રય ને નિષ્ઠા જેની છે બ્રહ્મમા. ૩૪
અને પુણ્ય પાપરૂપીને કર્મો લય પામીયાં,
(૧૭) રે જ્ઞાનેથી જેના તે તો શાંતિમાં વિરામીયાં. ૩૫
વિદ્યા ને વિનયવાળા રે પુરુષો હોય જે,
રે જ્ઞાની સમદષ્ટિવાળા તે તો કહેવાય છે. ૩૬
તેથી બ્રાહ્મણમાં અને રે હાથી અને ગાયમાં,
રે રાંધી ખાનાર એવા શ્વાનને ચડાળમાં. ૩૭
જુએ સહુ એકરૂપે રે રહિ આનદમાં,
(૧૮) રે અનુભવ સુખનો લઇ જીલે સ્વાનંદમાં. ૩૮

---

૧ બુદ્ધિમાન.

જેનું સમદષ્ટિવાળું રે રહ્યું મન તેમણે,
રે અહિંજ સંસાર જીત્યો જ્ઞાની છે એમણે. ૩૯
કાંજે અવિકારી અને રે વળી જે સમાન છે,
(૧૯) રે તેથી તે બ્રહ્મમાં રહ્યા જેઓ ધીમાન છે. ૪૦
વળી સુખ દુઃખ દેનારી રે વસ્તુઓ મળે કદા,
રે શોક અને હર્ષ નહિ પામે પોતે તદા. ૪૧
તે તો સ્થિર બુદ્ધિવાળો રે સમોહથી હીન છે,
(૨૦) રે જાણીને બ્રહ્મને જ્ઞાની બ્રહ્મમાં લીન છે. ૪૨
વિષયો બહારના તેમાં રે તે તો રાગરહિત છે,
રે પોતાના ચિત્તમાં તેને ખરુ સુખ નિત્ય છે. ૪૩
પામી નિર્વિષયી સુખ રે સદા બ્રહ્મયોગમાં,
(૨૧) રે સમાહિત ચિત્તવાળો રહે નિત્ય જોગમાં. ૪૪
વિષયથી ઉપજનારા રે જે જે સુખ ભોગ છે,
રે નક્કી મૂલ દુઃખનું એ તો પરિણામે રોગ છે. ૪૫
સ્વાભાવિક જાય ને આવે રે એવા એને કહ્યા,
(૨૨) રે જાણી હે પાર્થ! આવું જ્ઞાની સમજી રહ્યા. ૪૬
જ્ઞાની તો જીવતાં છતાં રે [1]તિતિક્ષામાં રહે.
રે મનોજ[2] ને ક્રોધજન્ય વેગોને તે સહે. ૪૭
એવો જે શક્તિવાળોરે યોગી કહેવાય છે,
(૨૩) રે વળી પણ સુખીયો સદા પુરુષ ગણાય છે. ૪૮
સદા નિર્વિષયી સુખ રે અનુભવે અતરે,
રે રહે વળી શાન્તિ સદા અતિ અભ્યંતરે. ૪૯
સ્વરૂપાકાર વૃત્તિ રે રહે જેની સદા,
(૨૪) તે થઇ બ્રહ્મરૂપ યોગી સ્વાનુભવે સર્વદા. ૫૦

---

૧ તિતિક્ષા. ૨ કામદેવ.

પુણ્ય ને પાપરૂપી કર્મો ક્ષય પામીયાં,
રે સંશય તો સર્વ જેના વળી ક્ષય થઇ ગયા. ૫૧
હિતેચ્છુ સર્વનાને રે ચિત્ત સ્વાધીન છે,
(૨૫) રે સ્વરૂપાનંદમાં તે ઋષિઓ લીન છે. ૫૨
કામ ને ક્રોધથી તો રે જનો જે રહિત છે,
રે વળી જીતેલ જેણે પોતાનુ ચિત્ત છે. ૫૩
આવા જે તત્વજ્ઞાનીરે સંન્યાસી જે હશે,
(૨૬) રે તે તો સર્વ સ્થિતિમાં શ્રેયસુખ પામશે. ૫૪
વિષયો બહારના તો રે કરી દૂર સર્વદા,
રે ત્રિકુટિમાં સ્થિર કરી રહે નેત્રો તદા. ૫૫
કરીને કુંભક પછી રે પ્રાણોને રોકવાં,
રે ઇંદ્રિયો મન ને બુદ્ધિ તેને વશ રાખવાં. ૫૬
ઇચ્છા ભય ક્રોધ વળી રે નથી જન જેમને,
રે સદા શ્રેયસુખ વસ્તુ ઇચ્છિત છે તેમને. ૫૭
એવા વિરક્ત મુનિ રે સદા જે હોય છે,
(૨૭-૨૮) રે પૃથાના પુત્ર! તે તો મુક્ત કહેવાય છે. ૫૮
જાણીને ભોક્તા મને રે વળી તપયજ્ઞનો,
રે અને ઈશ્વર હું મોટો લોકો આ સર્વનો. ૫૯
વળી હું મિત્ર સહુનો રે માને એવો મને,
રે યોગી તે પામશે સદા શાન્તિના સુખને. ૬૦

इति श्रीकस्तुराविराचिते संगीतगीतायां संन्यासयोगो नाम पञ्चमोऽध्यायः समाप्तः ॥

ૐ

॥ अध्याय ६ ष्ठो ॥

अध्यात्मयोग.

શ્રીભગવાન્ બોલ્યા.

આજ આનંદ આવ્યોરે ખોળી જોતાં ખબર પડી. એ રાહ.

હવે કૃષ્ણુ કહે છે રે સાંભળો ચિત્ત ધરી,
કર્મફલની જે ઇચ્છા રે એતો સર્વ દૂર કરી. ૧
કરવાયોગ્ય જે કર્મ રે અવશ્યજ એ કરવાં,
જે સંન્યાસી ને યોગી રે એને તો ચિત્તે ધરવાં. ૨
(માત્ર) જે કાશાયામ્બર ધારીરે અગ્નિને તો નવ અટકે,
એતો મિથ્યાચારી રે સંન્યાસી થઇ ભટકે. ૩
વળી ક્રિયાવિનાનો રે થયેલો જે યોગી,
(૧) તેને યોગી ન કહેવો રે વિષયનો હશે ભોગી. ૪
હે પાંડવ જેને રે સંન્યાસ એ નામે કહે,
તેને જાણુવો યોગી રે જે આત્માનું તત્વ ગ્રહે. ૫
જે સંકલ્પ સર્વે રે યથાર્થ ન ત્યાગ કરે,
(૨) યોગી કેમ તે કેહેવો રે વિષયસુખમાં જે ફરે. ૬
યોગને ઇચ્છનારા રે મુનિઓ જે કર્મ કરે,
એનાં કર્મ તો સર્વે રે સાધન રૂપે ઠરે. ૭
યોગારૂઢ થયેલો રે યોગી જે કહાવે,
(૩) તેને શાન્તિજ સાધન રે કહેવામાં આવે. ૮
ઇંદ્રિયોના વિષયમાં રે રાગ નહિ જ્યારે,
વળી કર્મોમાં પ્રીતિ રે નહિજ રહે ત્યારે. ૯

અને સંકલ્પ સર્વે રે સારી રીતે ત્યાગ થશે,
(૪) ત્યારે યોગારૂઢ તે તો રે યોગી એને કહેવાશે. ૧૦
નિર્વિષયી મનથી રે આત્માનો ઉદ્ધાર કરે,
મનોવૃત્તિ વિષયમાં રે બહિર ન ફરતી ફરે. ૧૧
આત્માનો તો બંધુ રે નિર્વિષયી મન જે,
(૫) અને આત્માનો શત્રુ રે વિષયરાગી મન તે. ૧૨
જેણે આત્માવડે તો રે જીત્યો છે આત્માને,
એવો આત્માજ બંધુ રે કહ્યો છે મહાત્માને. ૧૩
અને જે અવિવેકી રે હે અર્જુન ! આત્મા છે,
(૬) તે તો શત્રુની પેઠે રે શત્રુતામાં વર્તે. ૧૪
જે મનાત્માને જીતી રે અતિશય શાંત હશે,
પરમાત્મા તો તેને રે સમાધિનો વિષય થશે. ૧૫
ટાઢ તડકો ને સુખ દુ:ખ રે માન અપમાન થયે,
(૭) પણ ખેદ ન પામે રે જ્ઞાની હોય જે જન તે. ૧૬
જ્ઞાન ને વિજ્ઞાને રે થયેલો તૃપ્તાત્મા,
અવિકારી અતિશય રે ઇંદ્રિયને જીતાત્મા. ૧૭
માટી પથ્થર ને સોનું રે તેમાં સમ વૃત્તિ રહે,
(૮) યોગારૂઢ છે યોગી રે એવાને તો એમ કહે. ૧૮
સુહૃદો ને સ્નેહી રે શત્રુ ને સંબંધીમાં,
અને પાપી ને સાધુ રે આદિ ઉદાસીમાં. ૧૯
નહિ રાગ કે દ્વેષ રે સમાનબુદ્ધિ સહુમાં,
(૯) તે તો સર્વથી શ્રેષ્ઠ રે ગણાય છે સુજનમાં. ૨૦
રહી એકાંતમાં ને રે રાખે વશ જે ચિત્તને,
ભોગોનાં જે સાધન રે તેનો નહિ સંગ્રહને. ૨૧

વળી આશાવિનાનો રે એવો જે છે યોગી સદા,
(૧૦) કરે ચિત્ત પોતાનું રે સમાહિત તે સર્વદા. ૨૨
અતિ ઉચું ન નીચું રે પવિત્ર આસન રાખી,
દર્ભાસન તેપર રે વાઘામ્બર નાંખી. ૨૩
નાંખી વસ્ત્ર તેઉપર રે પછી સ્થિર બેસીને,
ચિત્ત ને ઇંદ્રિયો રે ક્રિયા તેની ખેચીને. ૨૪
રોકી જે રાખનારા રે તે મનને એકાગ્ર કરે,
ચિત્ત શુદ્ધિને અર્થે રે યોગાભ્યાસને આદરે. ૨૫
લય વિક્ષેપ ત્યાગી રે શુધ્ધિ ચિત્તની કરશે,
(૧૧-૧૨) તે યોગીને સ્વરૂપનો રે સાક્ષાત્કાર થશે. ૨૬
દેહ ડોક ને માથું રે સીધાં ત્રણે સ્થિર કરી,
સ્થિર થઇને બેશી રે નાસાગ્રમાં દૃષ્ટિ ધરી. ૨૭
અન્ય દિશાઓમાં રે દૃષ્ટિ તો નહિ કરવી,
અતિશય જે શાન્તિ રે પોતાને ચિત્તે ધરવી. ૨૮
વળી નિર્ભય થઇને રે બ્રહ્મચારીના વ્રતમાં,
સ્થિર થઇ ને તો મનને રે નિરોધે પ્રયત્નમાં. ૨૯
ચિત્તને મારામાં રે આનંદથી અર્પી દઇ,
(૧૩-૧૪) બેસે યુક્ત થઇને રે મારેજ પરાયણ થઇ. ૩૦
એવી રીતેજ મનને રે યોગાભ્યાસમાં જોડી,
ચિત્તને વશ રાખી રે વિક્ષેપોને તોડી. ૩૧
એવો થઇ મારામાં રે રહેલી જે શાન્તિને,
(૧૫) પામે કૈવલ્યરૂપી રે એવી જે વિશ્રાન્તિ ને. ૩૨
અતિ આહારથી અર્જુન રે યોગ સિદ્ધ થાતો નથી,
ભુખ્યા કેવળ રહીને રે યોગ સિદ્ધ થાતો નથી. ૩૩

અતિ નિદ્રાળુને પણ રે યોગ સિદ્ધ થાતો નથી,
(૧૬) અતિ જાગ્યાથી પણ રે યોગ સિદ્ધ થાતો નથી. ૩૪
યુક્ત આહાર વિહાર રે યોગીએ કરવાથી,
યુક્ત કર્મોમાં ચેષ્ટા રે યોગીને આદરવાથી. ૩૫
યથાયોગ્ય જે જાગે રે અને (યુક્ત) ઉંઘતા જે હશે,
(૧૭) તેને દુઃખ હરનારો રે એવો યોગ્ય સિદ્ધ થશે. ૩૬
અતિ એકાગ્રતાને રે પામેલું તો ચિત્ત જ્યારે,
પરમાત્માને વિષે રે તે સ્થિત થશે ત્યારે. ૩૭
અને સર્વ વિષયથી રે તૃષ્ણારહિત થાશે,
(૧૮) એ સમાધિથી યુક્ત રે યોગી ત્યારે કહેવાશે. ૩૮
જેમ વાયુવિનાના રે સ્થાનકમાં દીવો,
રહે સ્થિર તે રીતે રે યોગી જે એવો. ૩૯
જેણે યોગાનુષ્ઠાને રે નિરોધિ વૃત્તિ ચિત્તની,
(૧૯) આપી ઉપમા તેને રે યોગીએ તો એ રીતની. ૪૦
યોગાનુષ્ઠાનથી તો રે ચિત્તવૃત્તિ શૂન્ય થશે,
ત્યારે અતિશય શાન્તિ રે તે ચિત્તમાં ઉદ્‌ભવશે ૪૧
તેમાં પરમજ્યોતિને રે અનુભવતોજ છતો,
(૨૦) એવો જાણવો યોગી રે પોતામાંજ તૃપ્ત થતો. ૪૨
ઇંદ્રિયોથી અગ્રાહ્ય રે અનુભવ તો જેનો,
થાય બુદ્ધિથી કેવલ રે અનુભવ તો એનો. ૪૩
એવું જે નિર્વિષયી રે સુખ કહ્યું તેને,
જાણ જે સ્થિતિમાં રે તે પુરુષ તો એને. ૪૪
કદિ પણ ન થનારો રે ચલિત આ તત્ત્વથકી.
(૨૧) આને યોગ એ નામે રે હે અર્જુન! જાણ નક્કી. ૪૫

આવા સુખને પામી રે બીજે કોઇ ઠેકાણે,
આથી લાભ અધિકો રે કદી પણ ના જાણે. ૪૬
આમાં સ્થિર થયેલો રે છતો મહાદુઃખથકી,
(૨૨) પણ ચલિત ન થાએ રે આને યોગ જાણ નક્કી. ૪૭
ત્રિવિધિના દુઃખના રે સંયોગનો લય તેને,
યોગ શબ્દનો અર્થજ રે અર્જુન જાણો ને. ૪૮
મનમાં કંટાળો રે કદી નહિ લાવીને,
(૨૩) યોગ નિશ્ચયપૂર્વક રે કરવો ઉત્સાહીને. ૪૯
ઉત્પન્ન થયેલી રે સંકલ્પથી સર્વ જે,
અભિલાષાઓ તે તે રે નિ શેષ ત્યાગી એ. ૫૦
મનથીજ ઇંદ્રિયના રે સમુદાય જે સર્વે,
(૨૪) નિયમમાં લાવી રે મનોનિગ્રહ કરવે. ૫૧
ધીર બુદ્ધિથી ધીમે રે ધીમે ચિત્તવૃત્તિને,
શૂન્ય કરતાં જાવું રે રોકીને પ્રવૃત્તિને. ૫૨
મનને આત્મામાં રે કરી સ્થિરને રહેવું,
(૨૫) અને કઇ પણ ચિતન રે મનથી તો નહિ કરવું. ૫૩
મન ચચળ તે છે રે વળી તે અસ્થિર અતિ,
વિષયાકારવૃત્તિ રે કરે જે જે નિમિત્તથી. ૫૪
તે તે નિમિત્તથી તે રે પાછું વાળીને,
(૨૬) વશ આત્માને કરવું રે એવુ સંભાળીને. ૫૫
મન પામી પ્રશાન્તિ રે જે બ્રહ્મસ્વરૂપ થયો,
અને જેનો રજોગુણ રે નિવૃત્તિ પામી ગયો. ૫૬
પાપ પુણ્યવિનાનો રે એવો જે યોગી છે,
(૨૭) તે તો ઉત્તમ સુખનો રે નિશ્ચય ભોગી છે. ૫૭

એ પ્રમાણે નિરંતર રે પોતાના ચિત્તને,
પાપ પુણ્યરહિતજ રે કરીને સમાહિત તે. ૫૮
યોગી આત્માનુભવના રે નિરતિશય સુખને,
(૨૮) અનાયાસેજ પામે રે નાશ કરી દુઃખને. ૫૯
સૌમાં સમદૃષ્ટિ રે ને ચિત્ત સમાહિત છે,
એવા યોગીની વૃત્તિ રે તેની તો આવી રીત છે. ૬૦
જુવે પ્રાણી સૌમાં રે રહેલા આત્માને,
(૨૯) અને આત્મામાં જુએ રે સૌ મહાત્મા તે. ૬૧
જ્ઞાન દૃષ્ટિથી મુજને રે સર્વત્ર દેખે છે,
અને મુજવિષે તો રે સર્વને લેખે છે. ૬૨
તેને હુંજ પરોક્ષ રે કદી પણ થાતો નથી,
(૩૦) મુજથી એ પરોક્ષ રે કદી પણ રહેતો નથી. ૬૩
જે છે એકપણાનો રે આશ્રય કરનારો,
પ્રાણી માત્રમાં મુજને રે યોગી જે ભજનારો. ૬૪
પછી સર્વ પ્રકારે રે રહેતો છતો પણ તે,
(૩૧) ચિત્તવૃત્તિ મારામાં રે અભેદપણે વર્તે. ૬૫
નિજને દૃષ્ટાંતે રે સર્વ સ્થળે દેખે,
સુખ ને વળી દુખને રે સરખાં જે લેખે. ૬૬
યોગી સર્વના કરતાં રે યોગી એને તો,
(૩૨) અતિ ઉત્તમ માન્યો રે હે કુંતાના સુન ! મેં તો. ૬૭
પછી અર્જુન બોલ્યા રે કૃપાલુ હે કૃષ્ણ પ્રભુ !
જે સમાનપણેથી રે અનુભવવાનો વિભુ. ૬૮
આપે યોગ કહ્યો જે રે તેની ચિરકાલ સ્થિતિ,
(૩૩) મન છે અતિ ચંચલ રે તેને લીધે જોતો નથી. ૬૯

હે શ્રીકૃષ્ણજી ! આ મન રે પ્રસિદ્ધ ચંચલ લેખું,
દેહ.ને ઇંદ્રિયો રે વિહ્વલ કરતાં દેખું. ૭૦
અને છે દ્દઢ એતો રે રુંધન કરવું આનું,.
(૩૪) વાયુ જેવુંજ આતો રે અત્યંત કઠણ માનું. ૭૧
હવે કૃષ્ણ કહે છે રે હે અર્જુન ! શુદ્ધ મતિ,
મન રુધન કરવું રે છે કામ કઠણ તે અતિ. ૭૨
છે સંદેહરહિત એ રે અને ચચલ છે અતિ,
પણ અભ્યાસથી ને રે વળી તે વૈરાગ્યવતી. ૭૩
થાશે નિરોધ સર્વે રે ચિત્તની વૃત્તિઓ,
(૩૫) હે કુંતાજીના પુત્ર ! રે આ મેં તને યોગ કહ્યો. ૭૪
જેણે દેહાદિ વશ રે રાખ્યાં નથી એને,
મળવો છે અશક્યજ રે અતિ દુખે પણ તેને. ૭૫
એ હું જાણુંછું પણ રે દેહાદિ છે વશ જેને,
એવા પ્રયત્નવાળા રે જે પુરુષ છે તેને. ૭૬
મેંજ આગળ કીધો રે એવાજ ઉપાય થકી,
(૩૬) યોગ પ્રાપ્ત થવાનો રે એ શક્ય છે જાણ નક્કી. ૭૭
હવે અર્જુન બોલ્યા રે શ્રદ્ધા ચિત્ત ધરનારો,
પણ રુડે પ્રકારે રે પ્રયત્ન ન કરનારો. ૭૮
થાય યોગેથી ભ્રષ્ટજ રે એવો જે અભ્યાસી,
નહિ કૈવલ્ય ને તો રે પામે હે અવિનાશી !. ૭૯
ત્યારે કેવી ગતિને રે પામે છે તે અભ્યાસી,
(૩૭) એ મને સમજાવો રે મારા હે સુખ રાશી ! ૮૦
બ્રહ્મના માર્ગમાં રે અત્યંત જે મૂઢ હશે;
જે ઉપાસના કર્મ રે બંનેના આશ્રયવિણ છે. ૮૧

એ બંનેથી તો ભ્રષ્ટ રે હે કૃષ્ણ જે પુરુષ હશે,
(૩૮) વાદળાં વિખરેલાં રે તેનો જેમ નાશ થશે. ૮૨
હે શ્રીકૃષ્ણ! સમૂળો રે મ.રા આ સંશયને,
છેદવાને તો યોગ્ય રે આપજ છોજી મને. ૮૩
છે એ નિશ્ચય મારો રે આપજ વિણુ કોઇ,
(૩૯) બીજો આ સંશયને રે છેદે તેવો નહિજ હોય. ૮૪
હવે કૃષ્ણુ કહે છે રે હે પાર્થ! કહું છું કથી,
નાશ તેનો આ લોકે રે કદી વિદ્યમાન નથી. ૮૫
પરલોકમાં પણુ એ રે વિનાશ ન પામે કદા,
કેમકે શ્રેયકારી રે શુભજ માર્ગ યદા. ૮૬
હોય અનુસરનારા રે હે તાત! કોઇ પણુ તે,
(૪૦) કેમ પામે નઠારી રે ગતિને તો અર્જુન એ. ૮૭
યોગી યોગેથી ભ્રષ્ટ રે થયેલો જે કો હશે,
તેને જે પુણ્યવાન રે લોકો પછી પ્રાપ્ત થશે. ૮૮
ચિરકાલ વસી ત્યાં રે પછી જે શ્રીમતો,
(૪૧) હોય શ્રેષ્ઠ તેને ત્યાં રે જન્મ ધરે એ તો. ૮૯
કાંતો જે મેધાવી રે બ્રાહ્મણુ ધનહીન હશે,
તેના કુળમાં ઉત્તમ રે યોગીનો તો જન્મ થશે. ૯૦
છે એ નિશ્ચય આવો રે અર્જુન આ લોકવિષે,
(૪૨) એવા યોગીનો જન્મ રે અતિશય દુર્લભ છે. ૯૧
ત્યાં તે જન્મ ધરીને રે જે પૂર્વના દેહોના,
પામી બુદ્ધિ સંયોગો રે પછી એ તેઓના. ૯૨
ત્યાર બાદ હે અર્જુન! રે ફરીથીજ યોગી એ,
(૪૩) કૈવલ્યને માટે રે અધિક પ્રયત્ન કરે. ૯૩

તે પ્રયત્ન ન કરતો રે છતો પણુ યોગીએ,
પૂર્વાભ્યાસને લીધે રે સાધનમાં ખેંચાયજ છે. ૯૪
નક્કી યોગનો જે છે રે અધિકારી પણુ તે,
(૪૪) વેદોક્ત કર્મોનાં રે ફળોને ઓળગે છે. ૯૫
યોગી તો જે પ્રયત્નથી રે અધિક પ્રયત્ન કરે,
જેનાં પાપ ધોવાયાં રે પવિત્ર એ યોગી ખરે. ૯૬
અને બહુ જન્મોનાં રે પુણ્યનાં કર્મથકી,
જેને પ્રાપ્ત થયો છે રે છેલ્લોજ જન્મ નક્કી. ૯૭
એવો જે યોગભ્રષ્ટ રે યોગી પુરુષ હશે,
(૪૫) તેની ત્યાર પછી તો રે શ્રેષ્ઠ ગતિજ થશે. ૯૮
તપસ્વિથી તો યોગી રે અધિક ગણાયજ છે,
જ્ઞાનીથી પણુ યોગી રે અધિક જણાયજ છે. ૯૯
અને કર્મીથી પણુ રે અધિક છે યોગી આ,
(૪૬) એજ માટે હે અર્જુન! રે તુ તો હવે યોગી થા ૧૦૦
યોગી સર્વમાં પણુ રે જેઓ શ્રદ્ધાળુ હશે,
ચિત્ત અર્પિ મારામાં રે પછી તે મને ભજશે. ૧૦૧
મારી ભક્તિવિનાનો રે યોગી છે એનાથી,
મારો ભક્ત છે યોગી રે તે શ્રેષ્ઠ ગણુ આથી. ૧૦૨

इति श्रीकस्तुरविरचिते संगीतगीतायां अध्यात्मयोगो नाम षष्ठोऽध्यायः ॥ समाप्तः

ૐ

॥ अध्याय ७ मो ॥

ज्ञानयोग.

સાંભળ શુદ્ધ ચિત્તે કરી. એ રાહ.

શ્રીભગવાન્ બોલ્યા.

કૃષ્ણ કહે છે હે પાર્થ! તુ રાખી મુજમાં પ્રીત,
ને મુજ આશ્રયે રહી વળી યોગ કરતો તું નિત્ય,
જાણ સંશયથી રહિત મને સર્વ વિભૂતિવાન,
એજ પ્રકાર કહું તને તે તુ સાંભળ જ્ઞાન. ટેક.
સાંભળ આ જ્ઞાનયોગને. ૧

વિજ્ઞાનસહિત જે જ્ઞાન છે કહુ તેનો હુ સાર,
કંઇ પણ શેષ રહે નહિ એનાથી નિરધાર;
જેને જાણીને અહીં વળી ફરી કઇ પણ અન્ય,
જાણવા યોગ્ય રહે નહિ પછવાડે અર્જુન– સાં૦ આ જ્ઞાન૦ ૨

(હે) અર્જુન સહસ્ર મનુષ્યમાં કોઇક જ્ઞાનનેકાજ,
કરતા પ્રયત્ન પ્રીતિ ધરી મને જાણવા આજ,
ને વળી યત્ન કરતા છતા સિદ્ધીમાં પણ કોઇ,
જાણે યથાર્થપણે મને હોય જ્ઞાનીઓ સોઇ– સાં૦ આ જ્ઞાન૦ ૩

ભૂમિ ને જલ વહ્નિ વાયુ ને વળી વિયત ને મન,
બુદ્ધિ અહંકાર એ મળી જાણો કુંતાના તન;
એમ મારી આ છે પ્રકૃતિ તેના આઠ પ્રકાર,
ભેદ જુદા જુદા એમના કહ્યા છે જે આ વાર–સાં૦ આ જ્ઞાન૦ ૪

અપરા પ્રકૃતિ આ કહિ હવે એથી અન્ય છે જેહ,
જીવરૂપી પરા પ્રકૃતિ જાણુ મારી તું એહ,
હે પાર્થ હું આ તને કહુ જેણે જગત્ આ જેહ,
ધારણુ થાય છે જે વડે પરા પ્રકૃતિ તેહ સાં. આ જ્ઞાન. ૫
એજ ઉભય પ્રકૃતિ થકી ભૂતો સહુ ઉપજેલ,
એમ નિશ્ચય કર તુ હવે જે મે તુજને કહેલ,
સર્વ જગતની ઉત્પત્તિનું હુ છુ કારણુ જાણુ,
નાશનુ કારણુ પણુ મને પૃથા પુત્ર પ્રમાણુ. સાં. આ જ્ઞાન. ૬
પરમાર્થ સત્ય મારા થકી નથી કંઇ પણુ અન્ય,
એવુ હે અર્જુન માનજે સત્ય તારે જ મન;
મણીઓ સહુ પરોવાયલાં દોરા માંહે છે જેમ,
સર્વે અર્થો રહ્યા મુજમાં પરોવાયલા તેમ. સાં. આ જ્ઞાન ૭
જલમાં હુ છુ રસરૂપ ને ચંદ્રસૂર્યમાં તેજ,
હુંજ છું હે અર્જુન ! મેં કહ્યાં તમને જે એજ,
સર્વે વેદોમાં ૐકાર છુ વિયત્માં શબ્દરૂપ,
ને હું પુરુષમાં છું વળી પુરુષત્વ સ્વરૂપ. સાં. આ જ્ઞાન. ૮
ને વળી પૃથ્વિમાં હુંજ છુ શ્રેષ્ઠ ગંધસ્વરૂપ,
ને હુતો અગ્નિમાંહિ રહું જે છે તેજ તે રૂપ;
પ્રાણિઓ સર્વ છે એહમાં હુ છું જીવનરૂપ,
સર્વ તપસ્વીઓમાં વળી હું છું તપ તે સ્વરૂપ. સાં. આ જ્ઞાન. ૯
સર્વ ભૂતોનુ અનાદિ જે બીજ મુજને જાણુ,
બુદ્ધિમાનોની બુદ્ધિ મને પ્રથાપુત્ર ! પ્રમાણુ;
સામર્થ્યવાળા જે પુરુષો તેનું સામર્થ્ય જેહ,
તેજ સ્વરૂપ છે માહરું તને મેં કહ્યું તેજ. સાં. આ જ્ઞાન. ૧૦

કામ ને રાગ રહિતમાં બળ જે કહેવાય,
તે બળવાનોનું બળ વળી મુજરૂપ જણાય;
ને હે અર્જુન ! પ્રાણિ સર્વમાં છે વ્યાપિત જે કામ,
ધર્મ વિરુદ્ધ વર્તે નહિ એવો કામ હુ નામ. સાં. આ જ્ઞાન. ૧૧
ને અન્ય પણ વળી સાત્વિકી જે પદાર્થો કહેવાય,
ને વળી રાજસી તામસી જે પદાર્થો ગણાય;
તેની ઉત્પત્તિ છે મૂજથી એમ પાર્થ ! પ્રમાણ,
એમાં નથી કદી હું વળી પણ મુજમાં તે જાણ. સાં. આ. જ્ઞાન ૧૨
એ ગુણમય ત્રી પ્રકારના આ પદાર્થો એ સર્વ,
જગત્ મોહિત જે થઇ રહ્યું જેમાં લાવીને ગર્વ;
ગુણમય પદાર્થથી દીસતો પર હુ અવિકાર,
એવો મને નથી જાણતું કોઇપણ નિરધાર. સાં. આ જ્ઞાન. ૧૩
સત્વાદિ ગુણમય આ માહરી દૈવી માયા પ્રસિદ્ધ,
દુખે કરીને તરાય છે એવી છે બળસિદ્ધ;
તેમાં જે મૂજ શરણ થયા એવા મારા આશ્રિત,
તેજ આ માયા તરી જશે જેની મુજમાં પ્રીત. સાં. આ જ્ઞાન. ૧૪
પાપ કરનાર જે પુરુષો મૂઢ નીચ તે હોય,
માયા વડેજ હરાયલા જ્ઞાનવાળા જે સોય;
આસૂરી ભાવને આશ્રયે રહેલા જન જેહ,
નથી મારું શરણ પામતા અણસમજુ છે તેહ. સાં. આ જ્ઞાન. ૧૫
સુકૃત્યો ચાર પ્રકારનાં કરનારા જે જન,
મુજને ભજે ભક્ત માહરા સુણ શ્રેષ્ઠ અર્જુન;
આર્ત જીજ્ઞાસુ અર્થી અને જ્ઞાની એ મળી ચાર,
ભેદ પરત્વે તે મૂજને ચારે છે ભજનાર. સાં, આ જ્ઞાન. ૧૬

તેમાં વળી નિત્ય મુજમાં ચિત્ત છે જોડનાર,
ઉત્કૃષ્ટ જ્ઞાની છે માહરો એક ભક્તિ કરનાર,
કાંજે જ્ઞાનીને હું પ્રિય છું સર્વથી અવશેષ,
તેમજ તેપણ મુજને પ્રિય સર્વથી શેષ. સાં. આ જ્ઞાન. ૧૭
જોકે ઉત્તમ એ તો સર્વ છે પણ જ્ઞાનમાં રત,
જ્ઞાની છે મારોજ આત્મા એવો મારો છે મત;
કાંજે એ જ્ઞાની તો મૂજને સર્વોત્તમ ગતિરૂપ,
માનીને મારેજ આશ્રયે રહેલા છે તદ્રુપ. સાં. આ જ્ઞાન. ૧૮
અનેક જન્મોને અંતે બધું વાસુદેવસ્વરૂપ,
જાણી જ્ઞાની ભજે મુજને થઇને હુમાં તદ્રપ;
એવો જગત્માં જે મહાત્મા હે ! કુંતાજીના તન,
અત્યંત દુર્લભ છે કહુ જો વિચારીને મન. સાં. આ જ્ઞાન. ૧૯
લે તે આશાઓથી જેમનાં ખેંચાયેલાં છે મન,
સ્વપ્રકૃતિને આધિન થઇ પછી એવા જે જન;
તે તે નિયમનો આશ્રય કરી જપ ને ઉપવાસ,
એ નિયમે અન્ય દેવની ભક્તિ કરતા તે ખાસ. સાં. આ જ્ઞાન. ૨૦
જે જે ભક્તો જે જે દેવનો રાખે મૂર્તિમાં પ્રીત,
શ્રદ્ધાથી ઇચ્છે છે પૂજવા તેજ દેવને નિત્ય.
તે તે ભક્તોની તે દેવમાં કરી દ્રઢતા એવાર,
શ્રદ્ધા અચળ કરી એમની બેસારૂ છું હુ સાર. સાં. આ જ્ઞાન. ૨૧
તે એ શ્રદ્ધાથી જોડાઇને આરાધે છે જે દેવ,
તેજ આગળથી અર્જુન તે પછીથી તતખેવ,
મેં જે નિર્માણ કરેલ તે ઇચ્છાઓ અનુસાર,
પામે પદાર્થને ભક્ત તે એ તું નિશ્ચય ધાર. સાં. આ જ્ઞાન. ૨૨

પણ તે અલ્પબુદ્ધિમાનનું ફળ છે નાશવાન્,
એવું કદી એ જાણે નહિ હોય જન જે અજ્ઞાન.
દેવો પૂજે તેતો દેવને પામે છે નિરધાર,
મારા ભક્તો તે મને ભજી જાણે છે પામનાર. સાં. આ જ્ઞાન ૨૩
સર્વના કારણરૂપ જે સોપાધિક સ્વરૂપ,
બુદ્ધિ હીણા નથી જાણતા મારુ આવુ એ રૂપ.
તેમજ મારું નહિ જાણીને સર્વોત્તમ જે સ્વરૂપ,
વ્યક્તિ પામેલો માને મને હુ જે અવ્યક્તરૂપ. સાં આ જ્ઞાન ૨૪
યોગમાયાથી ઢંકાયલો એવો હુ જે અર્જુન,
સર્વ મને નથી જાણતા મોહ પામેલા મન;
એવા જન તો અજ્ઞાનથી જન્મ રહિત હુ જેહ,
ને વળી મરણ રહિત મને નથી જાણતા તેહ. સાં. આ જ્ઞાન ૨૫
ભૂત અને વર્તમાનનો જાણું હું મહિમાય,
જાણું વળી હું ભવિષ્ય ને થયું થાશે ને થાય;
સર્વ ભૂતોને જાણું છતાં મને જાણે ન કોય,
અભક્ત તે અભિમાનથી જાણે ભક્ત જે હોય. સાં. આ જ્ઞાન. ૨૬
સુણ હે ભારત ! સહુ પ્રાણિતણા સ્થળ દેહ છે તેહ,
ઉપજ્યા પછી ઈચ્છા દ્વેષથી ઉદ્ભવતાંજ જેહ;
સુખ અને દુ:ખરૂપ જે દ્વંદ્વ મોહ કહેવાય,
તેણે કરીજ સમોહને પામી દુ:ખી તે થાય. સાં. આ જ્ઞાન. ૨૭
(પણ) પૂણ્ય કરનારા જનોતણા પાપનો આવ્યો અંત,
એવા જનો તો અર્જુન પછી થઈને ભાગ્યવંત;
થઈ દ્વંદ્વ મોહથી મુક્ત ને દ્રઢ વ્રત ધારી જેહ,
મુજને ભજે છે જે ભાવથી સુખીયો જન તેહ. સાં. આ જ્ઞાન. ૨૮

જેઓ જરા ને મરણથકી છુટવાનેજ કાજ,
મારો આશ્રય કરીને પછી રહે પ્રયત્નમાંજ;
તેતો તત્ બ્રહ્મ અને સહુ અંતરાત્મા જે સાર,
ને વળી સંપૂર્ણ કર્મ જે તેને છે જાણનાર. સાં. આ જ્ઞાન. ૨૯
જે અધિભૂત અને વળી અધિદૈવ સહિત,
ને અધિયજ્ઞ સહિત મને જાણે આવીજ રીત;
તેઓ સમાહિત ચિત્ત કરી મરણ સમયમોઝાર,
પામશે એ પણ મૂજને એજ છે નિરધાર. સાં. આ જ્ઞાન ૩૦

इति श्रीकवि विरचिते संगीत गीतायां ज्ञानयोगो
नाम सप्तमोऽध्यायः समाप्तः ॥

ॐ

॥ अध्याय ८ मो ॥

अक्षरब्रह्मयोग.

કરીએ શ્રી કૃષ્ણ ઉપાસના. એ રાગ.

અર્જુનુવાચ.

અર્જુન બોલ્યા છે આ સમે હે પુરુષોત્તમરાય, !
તત્બ્રહ્મ શું ને અધ્યાત્મ શું કર્મ વળી શું કહેવાય;
અધિભૂત તે વળી શું અને શું અધિદૈવ ગણાય,
અર્જુન પૂછે શ્રીકૃષ્ણને. ૧

હે શ્રીકૃષ્ણ ! અહિં વળી શું અધિયજ્ઞ ગણાય,
ચિંતન કરવાને યોગ્ય તે કેવી રીતે જણાય;
ને તે વર્તે છે દેહમાં કે છે દેહની બહાર,
ચિત્તને મરણ સમય વળી નિયમમાં જે ધરનાર.
એવા પુરુષોને આપશ્રી કેવી રીતે અવિનાશ,
છોજી જાણવાયોગ્ય તે કહોને મુજને એ ખાસ. અ. પુ. શ્રી. ૨
(શ્રીકૃષ્ણ કહે છે) પરમ અક્ષર તે બ્રહ્મ છે અધ્યાત્મ એ સ્વભાવ,
ઉદ્ભવ વૃદ્ધિભૂતો તણી કર્તા કર્મ પ્રભાવ,
જેમાં ત્યાગ કરવાપણું તે વિસર્ગ કહેવાય,
તેમજ કર્મ એ નામથી વેદોમાં ઓલખાય. કૃષ્ણ કહે છે અર્જુનને. ૩
વિનાશી જે પદાર્થો છે તે અધિભૂત કહેવાય,
સૂત્રાત્મા જે પુરુષ છે તે અધિદૈવ ગણાય;
હે વપુધારીમાં શ્રેષ્ઠ ! હું છું અધિયજ્ઞ સ્વરૂપ,
તે જ મનુષ્યના દેહમાં વર્તે છેજ અનુપ. કૃષ્ણ કહે છે અ. ૪
અંત સમયપણ માહરૂં કરતો સ્મરણ જે દેહ,
છોડે તે મમ સ્વરૂપને પામે છે નિ:સંદેહ, કૃષ્ણ કહે છે અ. ૫
અથવા તો હે અર્જુન ! સદા જે જે દેવોમાં પ્રીત,
મરણ સમય તે તે દેવમાં રાખી પોતાનું ચિત્ત;
તેનું સ્મરણ કરતો છતો છોડી જાય જે દેહ,
તે તે દેવને પામશે નર એતો નિ:સંદેહ. કૃષ્ણ કહે છે અ. ૬
તે માટે સર્વકાળમાં મારું કર તું ચિંતન,
મારામાં તેં અર્પણ કર્યાં તારી બુદ્ધિને મન;
એવો તુ કર યુદ્ધને ત્યાર પછી તું અર્જુન,
નિશ્ચય પામીશ મુજને સંશય ના ધર મન. કૃષ્ણ કહે છે અ. ૭

ચિંતન કરતા પરમાત્માનું સતત પુરુષ જે પાર્થ,
યુક્ત અભ્યાસયોગથી સાંધી પોતાનો અર્થ,
બીજે કો સ્થળે જાય ના એવું રાખીને ચિત્ત,
પરમદિવ્ય પુરુષને પામે છેજ તે નિત્ય કૃષ્ણ કહે છે અર્જુનને. ૮
અંત સમયમાં અચળ મને થઇને ભક્તિથી યુક્ત,
ને થઇ યોગના બળવડે હું માં પ્રીતિ સયુક્ત,
મૂળાધારથી ચાલતાં બંકનળીની વાટ,
પ્રાણ યથાર્થ રીતે પછી સ્થાપી ત્રિવેણીઘાટ.
ત્યાર પછી જે સર્વજ્ઞને અનાદિ જે કહેવાય,
રાખી નિયમમાં સર્વના નિયંતા જે ગણાય,
સૂક્ષ્મથકી પણ સૂક્ષ્મ છે સહુના ધારણ જેહ,
મનથી નાવે વિચારમાં એવા દિસે છે તેહ.
સૂર્યસમાન પોતાતણો દિસે છે સુપ્રકાશ,
તેમજ પર છે અજ્ઞાનથી જેનો કદીએ ન નાશ,
એવા પુરુષનું સ્મરણ જે કરશે ભાવ સહિત,
ઉત્તમ દિવ્ય પુરુષને પામે એતો ખચીત. કૃષ્ણ કહે છે અર્જુનને. ૯-૧૦
વેદો જે જાણનાર તે અક્ષરને કહેનાર,
વિતરાગી જે સંન્યાસીઓ જેમાં છે રહેનાર,
જેની ઇચ્છાથી પાળતા બ્રહ્મચર્ય નર જેહ,
તે પદ હું તુજને કહું સંક્ષેપેથીજ તેહ. કૃષ્ણ કહે છે અર્જુનને. ૧૧
સર્વદ્વારોને રોકવાં ને આ મનનું અર્જુન,
કરવું રુંધન હ્રદયમાં રાખીને દઢ મન;
પ્રાણ ચઢાવી પોતાતણા બ્રહ્મરંધ્ર મોઝાર,
કરવી યોગની ધારણા હે અર્જુન ? એ વાર. કૃષ્ણ કહે છે અ. ૧૨

ૐ એવા બ્રહ્મરૂપ જે એકાક્ષરને જપનાર,
મારું સ્મરણ કરી વળી ચિત્ત હું માં ધરનાર,
એવો પુરુષ જે કાળમાં દેહ ત્યજીનેરે જાય,
પરમગતિને તે પામશે એ આ યોગ કહેવાય. કૃષ્ણ કહે છે અ. ૧૩
બીજી કોઇ પણ વસ્તુમાં ચિત્ત રાગરહિત,
જીવિનપર્યંત મારું કરતો સ્મરણ જે નિત્ય,
નિત્ય સમાહિત ચિત્ત કરી સાધે યોગ હે! પાર્થ,
થાઉં અનાયાસે પ્રાપ્ત હું એ યોગીને સત્યાર્થ. કૃષ્ણ કહે છે અ. ૧૪
પામી કૈવલ્ય જે મહાત્મા નિત્ય મુક્ત કહેવાય,
પામે તે પછી એ મને ફરીને આ જગમાંય,
દુઃખના ગ્રહરૂપ દેહ તે જે અનિત્ય કહેવાય,
તેતો જન્મ નથી પામતા જે સતત્ દુઃખદાય કૃષ્ણ કહે છે અ ૧૫
માંડીને બ્રહ્મના લોકથી સર્વે લોક અર્જુન,
પુનર્જન્મને પામશે એ છે સત્ય વચન,
પણ હે પાર્થ ! પામી મને ફરીને જ્ઞાની જે કોય,
અર્જુન એને પછી કદી આવાગમન ન હોય. કૃષ્ણ કહે છે અ. ૧૬
ચારહજાર યુગોવાળો જે છે બ્રહ્માનો દિન,
તેવા યુગવાળી રાત્રિને જાણે છે કોઇ જન,
તેજ ખરું જાણનાર છે રાત્રિ ને વળી દિન,
અલ્પદૃષ્ટિ નથી જાણતા નિશ્ચય આનો અર્જુન. કૃષ્ણ કહે છે અ. ૧૭
જ્યારે બ્રહ્માના દિવસનો આરંભ થાય અર્જુન,
સ્થાવરજંગમ જે વ્યક્તિઓ ત્યારે થાય ઉત્પન્ન,
અર્જુન બ્રહ્માની રાત્રિનો આરંભ થાય જે વાર,
અવ્યક્ત એવા નામમાં થાય સહુનો સંહાર. કૃષ્ણ કહે છે અ. ૧૮

પ્રાણિ માત્રનો પાર્થ જે છે આ સર્ત્ર સમુદાય,
ઉત્પન્ન થઇને પરતત્ર થઈ લય તે રાત્રિમાં થાય;
પાછો બ્રહ્માનો જે વળી દિવસ આવે જે વાર,
ત્યારે સર્વ પ્રાણીતણો ઉદ્ભવ થાયે એ વાર. કૃષ્ણ કહે છે અ. ૧૯

પણ તે અવ્યક્તથી વળી પર અવ્યક્ત છે અન્ય,
સત્તારૂપ પદાર્થ જે નિત્ય અનાદિ અજન્ય;
સર્વે ભૂતો તો છે વળી કાળે નાશ થનાર,
તોપણ નાશ પામે નહિ અવ્યક્ત કોઇવાર. કૃષ્ણ કહે છે અ. ૨૦

એને અક્ષર એ નામથી શ્રુતિસ્મૃતિએ કહેલ,
પરમાનદરૂપે વળી શાસ્ત્રોમાં વર્ણવેલ;
જેને પામીને પુરુષો બ્રહ્મનિષ્ઠ કહેવાય,
તેજ પરમ મમ ધામ છે પુનરાવૃત્તિ ન થાય. કૃષ્ણ કહે છે અ. ૨૧

એ પર પુરુષ હે પાર્થ ! છે તેને પ્રાપ્ત થનાર,
કરશે ભક્તિ અનન્ય જે એવો છે નિરધાર;
જેની અંદર સર્વે આ ભૂતો છે જે રહેલ,
જે આ સર્વ બ્રહ્માંડ તે જેણે વ્યાપ્ત કરેલ. કૃષ્ણ કહે છે અ. ૨૨

પામે છે જે જે કાળમાં યોગી જન્મ ને મોક્ષ;
હે ભરતર્ષભ ! તુજને કહું તે કાળનો લક્ષ. કૃષ્ણ કહે છે અ. ૨૩

જ્યોતિરૂપ અગ્નિ અને શુકલપક્ષ ને દિન,
ઉત્તરાયણના છ માસમાં મરનારા જે અર્જુન;
જાણે બ્રહ્મસગુણને એવા યોગી તે જનં,
પામે બ્રહ્મસગુણને નિશ્ચય કુંતાના તન. કૃષ્ણ કહે છે અ. ૨૪

રાત્રિધૂમ અને વળી કૃષ્ણપક્ષ કહેવાય,
દક્ષિણાયનના વળી જે છ માસ ગણાય;
તેમાં યોગી જે જાય છે તેતો પામી અર્જુન,
ચંદ્રમાની જે જ્યોતિને પાછો પામે પતન. કૃષ્ણ કહે છે અ. ૨૫

છે આ જગતની બે ગતિ શુક્લ કૃષ્ણ પ્રસિદ્ધ,
એવી પાર્થ પ્રમાણ જે એ અનાદિ છે સિદ્ધ;
એક ગતિને પામી ફરી પાછા આવે ન કોય,
અન્ય ગતિને પામી ફરી આવાગમનજ હોય. કૃષ્ણ કહે છે અ. ૨૬

આ બે જગતતણી ગતિ જાણે યોગી જે કોય,
તેને પાર્થ પછી કદી મનમાં મોહ ન હોય;
માટે હે પૃથા પુત્ર! તુ સર્વે કાલનીમાંય,
ચિત્તની શુદ્ધિદ્વારા હવે યોગયુક્ત થઈ જાય. કૃષ્ણ કહે છે અ. ૨૭

વેદો યજ્ઞો તપદાનોમાં ફલ છે પુણ્યનુ જેહ,
શાસ્ત્રોક્ત છે તે સર્વને યોગી હોય છે તેહ;
આને ઓળંગીને પછી જે છે સર્વેથી શ્રેષ્ઠ,
કારણરૂપ જે સ્થાન તે પામે યોગી ઉત્કૃષ્ટ. કૃષ્ણ કહે છે અ. ૨૮

इति श्रीकृष्णविरचिते संगीत गीतायं ब्रह्मयोगो
नाम अष्टमोऽध्यायः समाप्तः

ૐ

॥ अध्याय ९ मो ॥

राजविद्याराजगुह्ययोग.

(ભજીટયો ને સીતાવર સ્વામી. એ રાગ.)

શ્રીભગવાનુવાચ.

સુણો હે અર્જુન ! અસૂયા રહિત,
તને કહું જ્ઞાન વિજ્ઞાન સહિત,
જાણી અતિ ગુહ્ય થશે તુજ હિત.
અવિનાશી કહે છે અર્જુનને. ૧
વિદ્યાઓમાં જ્ઞાન આ શ્રેષ્ઠ ગણાય,
સર્વોપરિ ગુહ્યમાં ગુહ્ય જણાય,
ઉત્તમ ને પવિત્ર વળી એ ગણાય. અવિનાશી. ૨
દેખીતું છે ધર્મના ફળરૂપતે,
સુખે કરી કરવાને યોગ્ય છે એ,
અને અવિનાશી તો ફળ પ્રદ જે. અવિનાશી. ૩
શ્રદ્ધા નહિ ધર્મઉપર જેને,
હે પાર્થ ! પામે નહિ તે મુજને,
સંસારમાં ભ્રમણ પછી એને. અવિનાશી. ૪
પરમાનંદ મૂર્તિવાળો જે હું,
આ સર્વ જગતને મેં વ્યાપ્ત કર્યું,
ભૂતો સહુ મુજમાં છે તેમાં ન હું. અવિનાશી. ૫

વળી નથી હુંમાં રહ્યાં ભૂતો,
મારો અદ્‌ભુત પ્રભાવ તુ જો,
મુજાત્મા ભૂતોને ધારણ કરતો. અવિનાશી. ૬
અને સર્વ ભૂતો કરું ઉત્પન્ન,
છતાં હું ન તેમાં કુંતાજીના તન,
હું તો છું અસગ જાણો નિજમન અવિનાશી. ૭
મહાન્ સર્વત્ર ગતિ કરનાર,
વાયુ જેમ આકાશમાં રહેનાર,
તેમજ ભૂતો સહુ હુમાં છે, એમ ધાર. અવિનાશી. ૮
કલ્પાંતે હે પાર્થ ! સૃષ્ટિ સારી,
પામે લય માયામાં મારી,
(પાછી) સૃષ્ટિ કાળે હું સૃજું વિસ્તારી. અવિનાશી. ૯
કરી મારી માયાનો આશ્રય હુ,
તેનાજ બળેથી પરાધીન સહુ,
ભૂતોને ફરી ફરીને હું સૃજું. અવિનાશી ૧૦
ઉદાસીન જેમ હું હે અર્જુન !,
તે કર્મો કરું પણ પ્રીતિ નહિ મન,
તેથી મને કર્મો ન કરતાં બંધન. અવિનાશી. ૧૧
હે પાર્થ ! નિયંતા રૂપે આ મે,
પ્રવૃત્ત કરેલી છે માયા જે;
તેથી આ ચરાચર જગ ઉપજે. અવિનાશી. ૧૨
નિયંતાપણા રૂપ નિમિત્તવડે,
જગત્ વિધવિધપણે વર્તે,
વિકારોને પામી નિરંતર તે. અવિનાશી. ૧૩

મહેશ્વર રૂપ હું ભૂતોનો,
મારો તે પ્રભાવ ન જાણે કો,
વિવેક વિનાના છે મૂઢ જનો. અવિનાશી. ૧૪
મનુષ્ય રૂપે હુ જે અવતારી.
મને જે પોતાના જેવો ધારી,
અવજ્ઞા કરે છે તેઓ મારી. અવિનાશી. ૧૫
આશાવાળા મિથ્યા કર્માચારી,
મિથ્યાજ્ઞાની એ જનો અવિચારી,
દીસે જેની વૃત્તિઓ વ્યભિચારી અવિનાશી. ૧૬
આસુરી ને રાક્ષસી જે માયા,
તેમાં સૌ જે મોહેથી ભરમાયા,
એ માયાને આશ્રયે રહેનારા, અવિનાશી. ૧૭
દૈવી પ્રકૃતિનો આશ્રય ધારી,
હું વિના ન વૃત્તિ વ્યભિચારી,
એવા છે હે પાર્થ ! જે સંસ્કારી. અવિનાશી. ૧૮
કારણ રૂપ ભૂતોનો જાણીને,
(મહાત્મા) મને અવિનાશી પ્રમાણીને,
ભજે ઉર દઢતા આણીને. અવિનાશી. ૧૯
નિરંતર મારું કીર્તન કરતં,
યત્ને કરી દઢ વ્રત આચરતા,
અને નમસ્કાર મને કરતા. અવિનાશી. ૨૦
છતાં મારી ભક્તિવડે નિત્યે,
મારામાંજ જોડેલે ચિત્તે,
કરે મુજ ઉપાસના પ્રીતે. અવિનાશી. ૨૧

બીજા જ્ઞાન રૂપ યજ્ઞે મારું,
પૂજન કરે કોઇ વળી વારૂ,
ઉપાસે છે એકપણા સારૂ. અવિનાશી. ૨૨
વળી કોને ભેદપણું ભાસે,
અને કોઇ વિધ વિધ વિશ્વાસે,
નિશ્ચયરૂપ એવો હું ઉપાસે. અવિનાશી. ૨૩
કૃતુ હું ને યજ્ઞ સ્વધા હું છું,
ઔષધ હું ને મંત્ર એકાક્ષર હું,
અગ્નિ હું ને હવન રૂપે હું છું. અવિનાશી. ૨૪
આ જગનો પિતા માતા ધાતા હું,
પોષણ કરનાર વળી હું છું,
અને વળી સહુનો પિતામહ હું. અવિનાશી. ૨૫
જ્ઞાતવ્ય પવિત્ર હું ૐ કારછું,
ઋક્ ને સામવેદ રૂપે છું હું,
વળી યજુર્વેદ રૂપે પણ છું. અવિનાશી. ૨૬
ભર્તા ગતી સાક્ષી પ્રભુ હું છું,
ભોગસ્થાન આશ્રય પણ હું છું,
સુહૃદ ને ઉત્પત્તિ વળી હું છું. અવિનાશી. ૨૭
અને હું વિનાશ સ્થિતિ હું છું,
અને સ્થાન લયનું વળી હું છું,
તથા બીજ નાશ રહિત છું હું. અવિનાશી. ૨૮
અને હે અર્જુન ? તપ છું હું,
આકર્ષણ કર્તા હું જળનો છું,
વળી વરસાદરૂપે વરસું. અવિનાશી. ૨૯

અને વળી અમૃતરૂપે હું,
તથા મૃત્યુરૂપેજ પણ હુ છુ.
વળી સત્યાસત્યરૂપે પણ હું.   અવિનાશી. ૩૦
ત્રણે વેદોના જેઓ છે જ્ઞાતા,
યજ્ઞોવડે મારું પૂજન કરતા,
વળી સોમવલ્લીને જે પીતા.   અવિનાશી. ૩૧
એથી પાપ રહિત થઈને જે,
માગે તેઓ સ્વર્ગની પ્રાપ્તિને,
પામે પુણ્ય લોકને ત્યારે તે.   અવિનાશી. ૩૨
પછી દેવલોકમાં જઇ પોતે,
દેવોના જે દિવ્યજ ભોગો તે,
ધારી દેવ શરીર ભોગવતો તે,   અવિનાશી. ૩૩
વિશાળ એ સ્વર્ગને ભોગવશે,
ભોગવતાં તે પુણ્યનો ક્ષય થાશે,
પાછો મૃત્યુલોકમાં અવતરશે.   અવિનાશી. ૩૪
એવી રીતે ત્રણે વેદોમાં જે,
વર્ણવેલાં કામ્યજ કર્મોને,
તેનો કરે આશ્રય તો એને,   અવિનાશી. ૩૫
થશે દિવ્ય ભોગ તણી આશા,
પડે ભોગ ભોગવીને પાછા,
તેનાં આવાગમન નથી નાશ્યાં.   અવિનાશી. ૩૬
જનો જે અનન્ય થઇ મારું,
ચિંતન કરી પુર્ણ રીતે સારું,
કરે નિત્ય ઉપાસન મારૂં.   અવિમાશી. ૩૭

અતિશય ચિત્ત હુંમાં ધારે,
તેને અન્ન વસ્ત્રાદિ દઇ મારે,
રક્ષા તેની પણ છે હુ આધારે. અવિનાશી ૩૮
ભક્તો વળી અન્ય દેવોના જે,
શ્રદ્ધાવડે યુક્તજ થઇને તે,
પૂજે દેવતાઓને ઉત્સાહે. અવિનાશી ૩૯
તેઓ પણ દેવરૂપે મુજને,
પૂજે છે એ અજ્ઞાનથી હુજને,
સાંભળને હે પાર્થ ! કહુ તુજને. અવિનાશી. ૪૦
ભોક્તા હુજ સર્વે યજ્ઞોનો છું,
તથા ફળનો પણ દાતા હું,
એ વાત પ્રસિદ્ધપણે છે સહુ. અવિનાશી. ૪૧
તોપણ તેઓ તત્વરૂપે મુજને,
જાણે નહિ સારી રીતે તેને,
તેથી પાછો પુનર્જન્મજ છે. અવિનાશી. ૪૨
દેવો પૂજે પામે તે દેવોને,
પિતૃ પૂજે પામે તે પિતૃઓને,
પામે ભૂત પૂજક ભૂતોને, અવિનાશી. ૪૩
અને કરી પૂજન મારું જે,
ઉપાસે અભેદ રૂપે મુજને,
પામે મને સત્ય કહુ તુજને. અવિનાશી. ૪૪
ભક્તિવડે પત્ર કે પુષ્પો જે,
તથા ફળ કે જળ અર્પે તે,
મને શુદ્ધ બુદ્ધિથી ભક્તો જે. અવિનાશી. ૪૫

અર્પેલા એ ભકિતવડે જે જે,
અતિ પ્રેમપૂર્વક હુ તે તે,
કરૂં અંગિકાર પ્રસન્ન થઇને. અવિનાશી. ૪૬
ભોજન તથા કર્મો કરે છે તે,
અને હોમ દાન ને તપ કરે એ,
તે પાર્થ તુ અર્પણ કર મુજને અવિનાશી. ૪૭
એવી રીતે અર્જુન તુ જેથી,
શુભાશુભ ફળવાન્ કર્મોથી,
થના બંધ છુટીશ તુ તેથી. અવિનાશી. ૪૮
સંન્યાસના યોગવડે તારુ,
સમાહિત ચિત્ત થયું સારું,
પામી મને મુક્ત થશે વારૂ. અવિનાશી. ૪૯
હું સર્વે પ્રાણીમાં તો સરખો છું,
માટે સહુમાં સમભાવથી વર્તુ,
નથી દ્વેષ કરવાને લાયક હું. અવિનાશી. ૫૦
તથા નથી પ્રિય તોપણ જેઓ,
ભજે મને ભકિતવડે તેઓ,
મારામાં ને હુંએ તેમાં તેવો. અવિનાશી. ૫૧
અતિ દુરાચારી મનુષ્યો જે,
તેઓ પણ એક ચિત્તે થઇને,
ભજે મને આશ્રય એ રહીને. અવિનાશી. ૫૨
તો તે પણ શ્રેષ્ઠજ માનો,
કાંજે રુડો નિશ્ચય છે આનો,

સુખથી એ પાર ઉતરવાનો. અવિનાશી. ૫૩

સત્વર તે તો ધર્માત્મા થાશે,
નિરંતર શાન્તિમાં જાશે,
મારો થઇને એક મને જાચે. અવિનાશી. ૫૪

પામે નહિ નાશ તો એ ક્યારે,
ભક્તો મારા આધીન છે મારે,
પ્રતિજ્ઞા એ પાર્થ તુ ચિત્ત ધારે. અવિનાશી. ૫૫

પૃથાપુત્ર આશ્રિત મારો જે,
ચાંડાળાદિ નીચ જનો હોય તે,
તથા સ્ત્રીઓ વૈશ્યો ને શૂદ્રોએ. અવિનાશી. ૫૬

તેઓ પણ ભક્તિ કરી મારી,
વિષયથકી વૃત્તિ કરી ન્યારી,
પામે ગતિ સત્વર તે સારી. અવિનાશી ૫૭

ત્યારે મારા શ્રેષ્ઠ જે ભક્તો છે,
રાજર્ષિઓ ને વળી બ્રાહ્મણ તે,
પામે પછી શ્રેષ્ઠ ગતિને એ. અવિનાશી. ૫૮

કહે ત્યારે આશ્ચર્ય શું એમાં,
પામી દેહ દુઃખમય પણ તેમાં,
મને ભજ સુખ સદા જેમાં. અવિનાશી. ૫૯

મારામાં તું મન ધરજે તારુ,
અને કર પૂજન તુ મારૂં,
મને કર સાષ્ટાંગ તેસારુ. અવિનાશી. ૬૦

એવી રીતે શરણુ થઈ મારે,
તારું ચિત્ત મારામાં ધારે,
પામી મને સુખીયો થા સંસારે. અવિનાશી. ૬૧

इति श्रीकस्तुरदास चिते संगीत गीताया ब्रह्मयोगो
नाम नवमोऽध्यायः समाप्तः ॥

ॐ

॥ अध्याय १० मा.

विभूतियोग.

શ્રી ભગવાન્ કહે છે.

રામ લક્ષ્મણુ વન સીધાવતા. (એ રાહ.)

હવે કૃષ્ણુ કહે છે અર્જુનને, વળી પણુ મુજ શ્રેષ્ઠ વચન,
ધરી તુજ મન; સાંભળજે તું સ્નેહથી.
હુ તો ઇચ્છું કેવળ તારા હિતને, તુ છે પ્રીતિવાળો તેથી આજ,
કહું તુજ કાજ; સાંભળજે તું સ્નેહથી. ૧
દેવર્ષી તથા મહા ઋષિઓ, નથી જાણુતા મારું મહત્વ,
અતિ શુદ્ધ સત્વ; સાંભળજે.
કાં જે દેવ તથા મહર્ષિતણું, હું છું કારણુ સર્વ પ્રકારે,
તારે ચિત્ત ધારે: સાંભળજે. ૨
હું અજન્મ કારણુથી રહિત છું, અને લોકનો ઈશ્વર મહાન્,
એવું જેને જ્ઞાન; સાંભળજે.

તે મનુષ્યોમાં નિર્મોહ થઇ પછી, સહુ પાપથી થાય છે મુક્ત,
અતિ જ્ઞાનયુક્ત; સાંભળજે. ૩
બુદ્ધિ જ્ઞાન નિર્મોહ ક્ષમા વળી, શમ દમ ને જે સત્ય પ્રમુખ,
તથા સુખદુઃખ; સાંભળજે.
ઉત્પત્તિ અને જે સત્તા વળી, ભય અભય આગળ કહું અન્ય,
ધરી તારે મન; સાંભળજે. ૪
અહિંસા ને સમત્વ સંતોષ ને, યશ અપયશ ને તપ દાન,
મળી વીશ માન; સાંભળજે.
ભિન્ન ભિન્ન પ્રકારના ભાવ તે, પ્રાણી માત્રને મુજથી થાય,
જે કાર્યો કહેવાય; સાંભળજે. ૫
પૂર્વે સપ્ત મહર્ષિઓ ને વળી, થયા મનુઓ ને સનકાદિ ચારે,
પરાયણમારે; સાંભળજે.
તેઓ સર્વની ઉત્પત્તિ હુંવડે, થઇ લોકમાં સૃષ્ટિ આ જેની,
ઉપર કહી એની; સાંભળજે. ૬
મારી એજ વિભૂતી અને વળી, જાણે યોગ યથાર્થ જે કોય,
સાધક થઈ સોય; સાંભળજે.
તે તો અચળ જોડાય છે યોગથી, એમાં સંશય નહિજ લગાર,
કહું નિરધાર; સાંભળજે. ૭
સૌનું ઉત્પત્તિ કારણ હુજ છું, બધું પ્રવર્તે હું વડે થાય,
જે દૃશ્ય કહેવાય; સાભળજે.
એમ માનીને બુદ્ધિમાનો મને, ભજે પ્રેમથી થઇને તે યુક્ત,
થવાને વિમુક્ત, સાંભળજે. ૮
મારે વિષે વળી મન જેમનું, અને મુજમાં જેના છે પ્રાણ,
એ ચતુર સુજાણ; સાંભળજે.

પરસ્પરને નિત્ય બુદ્ધિથી માહરું, પામી તોષ કરે કીર્તન,
આનંદિત મન; સાંભળજે. ૯
જેઓ નિત્ય મારામાં જોડાયલા, પ્રીતિયુક્ત મને ભજનાર,
રહી એક ઠાર; સાંભળજે.
તેને આપું છું બુદ્ધિ સંયોગને, પામે જેવડે મુજને તેહ,
તેમાં નહિ સંદેહ; સાંભળજે. ૧૦
રહ્યો તેના અનુગ્રહ કારણે, આત્મભાવમાં હું વળી મૂક્ત,
ચિદાભાસ યુક્ત; સાંભળજે.
જ્ઞાનરૂપ દીવાવડે હું પછી, જે છે અજ્ઞાન જન્ય અંધારું,
તેને હું નિવારું; સાંભળજે. ૧૧
હવે પાર્થ કહે પરબ્રહ્મને, પરમધામને પરમપ્રતાપ,
પવિત્ર છો આપ; અકળ ગતિ આપની.
નિત્ય દિવ્ય પુરુષ આદિ દેવ છો, સર્વ વ્યાપક જન્મરહિત,
આપજ સર્વાતિત; અકળ ગતિ. ૧૨
સર્વ ઋષિઓ દેવર્ષિ નારદ અને, વળી અસિત દેવલ અને વ્યાસ,
પ્રભુ અવિનાશ; અકળ ગતિ.
તમે પોતે મને પણ એ રીતે, નિજરૂપનું કહો છો મહત્વ,
જે ઉત્તમ તત્વ; અકળ ગતિ. ૧૩
મને જે જે કેશવ! કહો છો તમે, એતો સર્વ માનું છું હું સત્ય,
ન હોય અસત્ય; અકળગતિ આપની.
કાંજે હે પ્રભો! આપ પ્રભાવને, નથી જાણતા દાનવો દેવો,
પ્રતાપજ એવો; અકળ ગતિ. ૧૪
અને હે પુરુષોત્તમ! આપ છો, ભૂતો સૌને ઉત્પન્ન કરનાર;
અખિલના આધાર; અકળગતિ.

ને હે દેવના દેવ! જગત્પત્તિ ! તમે ઈશ્વર આપનો આપ,
જાણો છો પ્રતાપ; અકળ ગતિ. ૧૫
વિભૂતીઓ વડે જે આ લોકને, વ્યાપી આપ રહો છો સદૈવ,
વિભૂતી તે દિવ્ય; અકળ ગતિ.
માટે આપજ શેષ રહ્યાવિના, કહેવા યોગ્ય વિભૂતીઓ સાર,
છોજી નિરધાર; અકળ ગતિ. ૧૬
કરી ધ્યાન નિરંતર આપને, કેવી રીતે જાણું હે યોગીન્ ?
કરી દઢ મન; અકળ ગતિ.
શીશી વસ્તુમાં આપ છો, માહરે કરવાને લાયક ચિંતવન,
શું હે ભગવાન !, અકળ ગતિ. ૧૭
હવે હે પ્રભો ! આપના યોગને. વળી વિભૂતિનો ફરીવાર,
કહોજી વિસ્તાર; અકળ ગતિ.
કાંજે આપવચનરૂપામૃતતણી, મને સુણતાં તૃપ્તિ ન થાય,
ત્રિભુવનરાય; અકળ ગતિ. ૧૮
કહે કૃષ્ણ નિશ્ચય તને હાલમાં, દિવ્ય એવી પોતાની વિભૂતી,
તણી કહું રીતી; સાંભળજે તું સ્નેહથી.
કહું મુખ્યપણે હે અર્જુન ! તને, મારી વિભૂતીઓનો વિસ્તાર,
તેનો નથી પાર; સાંભળજે. ૧૯
રહ્યો પ્રાણીઓ સર્વના હૃદયમાં, હું તો આત્મારૂપે હે અર્જુન ! ,
એ સત્ય વચન; સાંભળજે.
અને હુંજ ભૂતોતણી ઉત્પત્તિ; વળી સ્થિતિ અને છઉં વિનાશ,
રૂપે પણ ખાસ; સાંભળજે. ૨૦
વિષ્ણુ રૂપ આદિત્યોમાં હુંજ છું, કીર્ણોવાળો પ્રકાશ કરનાર,
હું સૂર્ય છું ધાર; સાંભળજે.

મરૂતીમાં મરીચિ સ્વરૂપ છું, અને નક્ષત્રોમાં હુ સ્વરૂપ,
છે ચંદ્રમારૂપ; સાંભળજે. ૨૧
વેદો ચારમાં હું સામવેદ છું, અને દેવાધિરાજ સ્વરૂપ,
છું ઇંદ્રનું રૂપ; સાંભળજે.
અને ઇંદ્રિયોમાં મનરૂપ છું, વળી ભૂતોમાં ચેતનરૂપ,
રહું છું અરૂપ; સાંભળજે. ૨૨
હું છું શંકર રૂદ્રો અગીઆરમાં, યક્ષ રાક્ષસોમાં હું કુબેર,
પર્વતોમાં મેર, સાંભળજે.
અને આઠ વસુઓમાં હું વળી, રહું અગ્નિરૂપ હે અર્જુન !,
એ સત્યવચન, સાંભળજે. ૨૩
પ્રથાપુત્ર ! પુરોહિતમાં મને, જાણ સર્વથી શ્રેષ્ટ સ્વરૂપ,
બ્રહસ્પતિરૂપ: સાંભળજે.
સ્વામી કાર્તિક સેનાધિરાજમાં, સરોવરમાં હું સાગરરૂપ,
રહુ છુ અનુપ; સાંભળજે. ૨૪
ભ્રગુરૂપ મહર્ષિઓ સર્વમાં, વાણીમાં છું ૐકાર સ્વરૂપ,
એકાક્ષર રૂપ; સાંભળજે.
જપયજ્ઞ છુ હુ સહુ યજ્ઞોમાં, અને સ્થાવરોમાં હું સ્વરૂપ,
હિમાલયરૂપ. સાંભળજે ૨૫
સહુ વૃક્ષમાં હુજ છું પીપળો, અને દેવર્ષિમાં મને ધાર,
નારદ નિરધાર, સાંભળજે.
ચિત્રરથ રૂપે ગાંધર્વમાં રહું, અને કપિલ મુનિ મને ધાર,
સિદ્ધોની મોઝાર; સાંભળજે. ૨૬
સુધાકાજ સમુદ્ર મથન કર્યો, તેથી ઉપન્ન અશ્વો મોઝાર,
ઉચ્ચૈઃશ્રવા ધાર; સાંભળજે.

ઐરાવત છું હું હાથીઓ સર્વમાં, મને જાણુ પુરુષો મોઝાર, ૨૭
રાજા નિરધાર; સાંભળજે.
શસ્ત્ર સર્વમાં વજ્રસ્વરૂપ છું, કામધેનુ હું ગાયો મોઝાર,
તારે મન ધાર; સાંભળજે.
કામરૂપ પ્રજાજન્ય કારણે, મને અર્જુન સર્પો મોઝાર, ૨૮
વાસુકિ તું ધાર; સાંભળજે.
સહુ નાગમાં હું શેષ નાગ છું, અને હુ જળચરની મોઝાર,
વરૂણ નિરધાર; સાંભળજે.
અને અર્યમા હું પિતૃ સર્વમાં, અને સયમી સાધકમાંય, ૨૯
જે યમ હું કહેવાય; સાંભળજે.
સર્વ દૈત્યોમાં હું તો પ્રહ્લાદ છું, અને સખ્યાની ગણુના મોઝાર,
મને કાળ ધાર; સાંભળજે
અને સર્વ મૃગોમાં હું સિહ છુ, વળી પક્ષીમાં ગણુનાછે મારી, ૩૦
ગરુડ સર્પારી; સાંભળજે.
વેગવાન્માં પવનજ સ્વરૂપ છુ, શસ્ત્ર ધારીઓમાં હું શ્રી રામ,
છું પૂરણ કામ; સાંભળજે.
હું તો મગર સ્વરૂપ છું મત્સ્યોમાં, હું છું નદીઓમાં ગંગા સ્વરૂપ, ૩૧
જે તિર્થનું રૂપ; સાંભળજે.
ઉત્પત્તિવાળાં સહુ કાર્યોની, ઉત્પત્તિ ને સ્થિતિ સ્વરૂપ,
હું છું લયરૂપ; સાંભળજે.
હું અધ્યાત્મ વિદ્યા છું વિદ્યાઓમાં, ને હે અર્જુન! કર્તાં વિવાદ, ૩૨
તેમાં હું છું વાદ; સાંભળજે.
સર્વ અક્ષરોમાં હું અકાર છું, છ સમાસમાં મારું જ રૂપ,
તે દ્વંદ્વ સ્વરૂપ; સાંભળજે.

નાશરહિત છું કાળ અને વળી, સહું કર્મોના ફળનો છું દાતા,
અંતર્યામી ત્રાતા; સાંભળજે. ૩૩
મૃત્યુરૂપે સહારી હું સર્વનો, અને હુજ ભવિષ્ય મોઝાર,
શ્રેયોદ્ભવ ધાર; સાભળજે.
સ્ત્રીઓ સર્વમા કીર્તિ શોભા સ્મૃતિ, વાણી મેધા ધૃતિ મને જાણ,
ક્ષમા હું પ્રમાણ; સાંભળજે. ૩૪
બ્રહત્સામ છુ સામોમાં હુ અને, વળી છદોમાં મારું સ્વરૂપ,
છે ગાયત્રી રૂપ; સાભળજે.
માસો બારમાં હું માર્ગશીર્ષ છું, ઋતુ સર્વમાં હું છું વસંત,
અર્જુન ગુણવત !; સાંભળજે. ૩૫
હુ જુગારીમાં જુગટા રૂપ છું, ને જે તેજસ્વિઓની મોઝાર,
સામર્થ હુ ધાર; સાંભળજે
જયવાનોમાં હું જયરૂપ છું, ઉદ્યમીમાં ઉદ્યમ હુ મહત્વ,
સાત્વિકોમાં સત્વ; સાંભળજે. ૩૬
વસુદેવનો સુત હું યાદવ વિષે, અને પાંડવમાંજ હું પાર્થ !,
કહું છું સત્યાર્થ; સાંભળજે.
મુનિ સર્વમાં શ્રી વ્યાસ રૂપ હું, અને કવિઓમાં શુક્રજસાર,
હું છું નિરધાર; સાંભળજે. ૩૭
શિક્ષા કર્તાની શિક્ષા સ્વરૂપ હું, જીતનારની ઇચ્છા મોઝાર,
નીતિ મને ધાર; સાંભળજે.
અને હું વળી ગુહ્યોનું મૌન છું, હું છું જ્ઞાનવાળાઓનું જ્ઞાન,
જે નિરાભિમાન; સાંભળજે. ૩૮

મારું બીજ સ્વરૂપ છે સર્વમાં, પ્રાણીમાત્રમાં હે અર્જુન,
વિચારી જો મન; સાંભળજે.
મારાવિના ચરાચર વસ્તુઓ, નથી કોઇ સ્થળે વિદ્યમાન,
તે તુ સત્ય માન; સાંભળજે. ૩૯
મારી દિવ્ય વિભૂતીઓ મે કહી, નથી તેનો હે અર્જુન ! અંત,
એતો છે અનંત, સાંભળજે.
આ મેં મારી વિભૂતીનો જે કહ્યો, એક દેશે કરીને વિસ્તાર,
તને જે આ વાર; સાંભળજે. ૪૦
પ્રાણી ઐશ્વર્યવાન્ જે જે હશે, અને લક્ષ્મીવાળો કોઇ જન,
હોયે બળવાન; સાંભળજે.
તેને પણ મારા તેજના અંશથી, ઉત્પન્ન થયેલ તુ જાણ,
છે સત્ય પ્રમાણ; સાંભળજે. ૪૧
હવે આ બહુ જાણ્યાથી તાહરું, કયુ સિદ્ધ થવાનુ આ વાર,
પ્રયોજન ધાર; સાંભળજે.
આખા જગતને હું એક અંશથી, કરી ધારણ ને રહ્યો છુંજ,
આ સત્ય કહુંજ; સાંભળજે. ૪૨

इति श्रीकस्[illegible] विरचिते संगीत गीतायां विभूतियोगो
नाम दशमोऽध्यायः समाप्तः ॥

ૐ

॥ अध्याय ११ मो ॥ .

श्री विश्वरुपदर्शनयोग.

અર્જુન ઉવાચ.

મધુવનના વાસી—એ રાહ.

પાર્થ કહે પ્રભુ જે તમે મારા અનુગ્રહ કેરેકાજ,
ઉત્તમ ગુપ્ત જે વાકય આ કહ્યુ અધ્યાત્મ નામે આજરે.
પ્રભુ વિશ્વના વાસી.—ટેક.

તેજ વચનથી હું હવે અતિ શાન્તિ પામ્યો અવિનાશ,
મારો વિશેષે કરી હવે પ્રભુ મોહ પામ્યો છે નાશ રે, પ્રભુ. ૧
ભૂતો સહુની ઉત્પત્તિ અને પ્રલય હે ભગવાન્!,
વિસ્તારપૂર્વક સાંભળ્યાં બંને આપ થકીજ શ્રીમાન રે; પ્રભુ.
સાંભળ્યું મે વળી આપતું જે છે સોપાધિક સ્વરૂપ,
સાંભળ્યું આપતણું વળી મેં તો નિરુપાધિક રૂપ રે; પ્રભુ વિશ્વ. ૨
આપ કહો છો આપને જેવી રીતે હે યાદવરાય!,
ઇચ્છું તે ઐશ્વર્યરૂપને જોવા હે પુરૂષોત્તમ રાય રે; પ્રભુ વિશ્વ.
હુથી જોવાને શકય છે એમ માનો તો હે જગદીશ!,
આપ દેખાડો મુજને (આપનું) અવિનાશી સ્વરૂપ યોગેશ રે; પ્રભુ. ૩
કૃષ્ણ હવે એમ બોલીયા હે પ્રથાજીના પુત્ર આ વાર,
જોજે હવે તું મુજના આવા જે ભિન્ન ભિન્ન પ્રકારરે; હું છું વિશ્વનો વાસી.
દિવ્ય અને વિધ વિધના મારા વર્ણુ દેખાડું આ વાર,
આકૃતિવાળાં સેંકડો મારાં રૂપો તું જોને હજારરે; હું છું વિશ્વ. ૪

આદિત્યો બાર હે પાર્થ! તુ જોને આઠવસુઓ આ વાર,
બે અશ્વનીકુમાર ને વળી રુદ્રો તું જો અગીઆર રે; હું છું વિશ્વ.
મરુતો ઓગણપચાસને વળી જો તું હવે નિરધાર,
પૂર્વે નહિ જોયેલ તે એવા આશ્ચર્ય જો તું અપાર રે, હું છું વિશ્વ. ૫
અવયવરૂપે એકઠાં મારા દેહમાં રહેલા હે તાત!
સ્થાવર જંગમ આ બધા તું જગતને જો હાલ સાક્ષાત્‌રે, હું છું વિશ્વ.
જય ને પરાજય તું વળી જોવા ઈચ્છે છે તારેજ મન,
તે પણ જો તું હાલમાં હવે કુંન્તાજી કેરા તન રે; હું છું વિશ્વ. ૬
તોય પરંતુ તાહરી આજે ચક્ષુવડે નિરધાર,
જોવા તું મુજ સ્વરૂપને નથી શક્તિ કદી ધરનાર રે, હું છું વિશ્વ.
માટે આપુ છું તુજને દિવ્ય દૃષ્ટિ જોવા આ વાર,
ઐશ્વર્યરૂપ આ યોગને માગ જો તુ તેથી નિરધારરે, હું છું વિશ્વ. ૭
સંજય બોલ્યો એ સમે સુણો હે ધૃતરાષ્ટ્ર રાજન્,
મોટા યોગેશ્વર કૃષ્ણજી કહી એજ પ્રમાણે વચનરે; પ્રભુ વિશ્વ. ૮
ત્યાર પછી તે અર્જુનને પ્રભુ પોતા તણું એ વાર,
શ્રેષ્ઠ જે ઐશ્વર્ય રૂપ છે તેને દેખાડતા નિરધાર રે; પ્રભુ વિશ્વ.
મુખ અનંત છે નેત્ર ને જેનું અદ્ભુત છે દર્શન,
દિવ્ય અનેકાયુદ્ધ, છે એવું રૂપ દેખાડે રાજન્ રે; પ્રભુ વિશ્વ. ૯
વસ્ત્ર ધરેલાં દિવ્ય ને વળી માળા છે દિવ્ય ધરેલ,
દિવ્ય શરીરમાં જેમને વળી સુગધનો લેપ કરેલ રે; પ્રભુ વિશ્વ.
(સર્વ) આશ્ચર્યથી ભરપૂર ને જ્યોતિરૂપ જે અપરિચ્છિન્ન,
સર્વભણી મુખ જેમનું એવું રૂપ દેખાડે રાજન રે; પ્રભુ વિશ્વ. ૧૦
એકજ કાળે જો આભમાં કોટી સૂર્યકાન્તિ પ્રકટાય,
વિશ્વસ્વરૂપની તુલ્ય તો ત્યારે તેજ પ્રભા કહેવાય રે; પ્રભુ વિશ્વ.

તે સમે પાર્થ જે દેવના પૂજ્ય દેહમાં એકસ્થ સોય,
વિધવિધ જેમાં વિભાગછે એવા સર્વ જગત્ને જોયરે; પ્રભુ વિશ્વ. ૧૧
ત્યાર પછી વિસ્મયવડે થઇ વ્યાપ્ત કુંતાજીનો તન, .
ઊભી થયેલી રોમરોમ જેની એવો પછી અર્જુન રે; પ્રભુ વિશ્વ.
શિર વડે નમી દેવને ઉભા જોડીને તે બેઉ હાથ,
નીચે પ્રમાણે બોલશે હવે વિશ્વ વિભુની સાથ રે; પ્રભુ વિશ્વ. ૧૨
પાર્થ કહે પ્રભુ જોઉંછું આપ દેહમાં સર્વ જે દેવ,
સ્થાવર જંગમ રૂપ જે જોઉ ભૂત રાશી છે એવરે; પ્રભુ વિશ્વ.
સ્થિત જે કમળાસનપરે વળી સર્વ નિયંતા સાર,
તેજ બ્રહ્માને ઋષિઓ (સર્વ) દિવ્ય સર્પોને જોઉં આ વારરે; પ્રભુ વિશ્વ.૧૩
પેટ ને મૂખ અનેક છે કર નેત્ર હે વિશ્વના રાય,
રૂપ અનંત જે આપનાં ચારે કોર હું જોઉ જગરાયરે, પ્રભુ વિશ્વ.
આપના અંત કે મધ્યને નથી જોતો હું તો કોઇ ઠાર,
તેમ વળી જોતો નથી હું તો આદિને પણ આ વારરે; પ્રભુ વિશ્વ. ૧૪
મુગટ ધારી આપ છો ગદા ચક્ર વળી ધરનાર,
તેજના રાશી રૂપ છોજી પ્રકાશીત સર્વાધારરે; પ્રભુ વિશ્વ.
સૂર્ય ને અગ્નિની તુલ્ય છે જેની કાંન્તિ ન જોઇ શકાય,
જોઉંછું અપ્રમેય આપને એવા સર્વ ભણી હે રાય રે; પ્રભુ વિશ્વ. ૧૫
ઉત્તમ અક્ષર આપ છો અને જાણવા લાયક આપ,
વિશ્વના શ્રેષ્ટ આધાર છો અને અવ્યય છો અમાપ રે; પ્રભુ વિશ્વ.
આપ સનાતન ધર્મનું પ્રભુ રક્ષણ છો કરનાર,
આપ અનાદિ પુરુષ છો એજ વાતે મારો નિરધાર રે; પ્રભુ વિશ્વ. ૧૬
ઉત્પત્તિ સ્થિતિ ને નાશથી આપ સર્વદા છોજી રહિત,
આપ પ્રભાવ અનંત છે વળી બાહુ અનંતસહિત રે; ' પ્રભુ વિશ્વ.

સૂર્ય ને ચંદ્રરૂપી વળી પ્રભુ નેત્રવાળા છો આપ,
દિપ્ત અગ્નિ છે મુખમાં જોઉં સ્વતેજે વિશ્વને તાપ રે; પ્રભુ વિશ્વ. ૧૭
એકજ આપે સ્વર્ગ ને ભૂની વચમાં આ વ્યાપ્ત કરેલ,
સર્વ દિશાઓ હે પ્રભો! વળી આપેજ એક ધરેલરે; પ્રભુ વિશ્વ.
આપનું અદ્‌ભુત ઉગ્ર આ રૂપ જોઇને ત્રિભુવન રાય,
અત્યંત ત્રણે લોક આ ભયભિત હવે તો થાય રે; પ્રભુ વિશ્વ. ૧૮
દેવતણા સમૂહ આ પેસે આપમાં હે જગનાથ,
કઇક પામીને ભય વળી સ્તુતિ કરતા જોડીને બે હાથ રે; પ્રભુ વિશ્વ.
સિદ્ધ મહર્ષિ મળી કહે થાઓ શ્રેય જગતનું એમ,
પૂર્ણાર્થ બોધ વાકયોવડે કરે સ્તુતિ તે આપની તેમ રે; પ્રભુ વિશ્વ. ૧૯
રૂદ્રો આદિત્યો અને વળી સાધ્ય દેવોને વસુઓ હે નાથ!,
અશ્વિનીકુમારો વળી વિશ્વદેવો ને મરુતો સાથ રે, પ્રભુ વિશ્વ.
ગંધર્વ યક્ષ ને પિતૃઓ મળી અસુર ને સિદ્ધોનો સાથ,
જોઇને તે સર્વે આપને અને વિસ્મય પામે હે નાથ રે; પ્રભુ વિશ્વ ૨૦
નેત્ર ને મુખ અનેક છે હાથ જાંગ અને છો મહાન,
પાદ ને પેટ અનેક છે વળી દાઢો ઘણી ભગવાન્ રે; પ્રભુ વિશ્વ.
આવુ ભયંકર આપનું જોઇ રૂપને આ જગરાય,
લોકો આ સર્વ ને મુજને વ્યથા ઉપ્તન તો બહુ થાય રે; પ્રભુ વિશ્વ. ૨૧
પૂર્ણપણે છો વ્યોમમાં તમે વ્યાપક હે ભગવાન્,
મુખ પહોળું છે આપનું બહુ વર્ણ છે દેદીપ્યમાન્ રે; પ્રભુ વિશ્વ.
નેત્ર વિશાળ ને દીપ્ત છે એવા આપને જોઇને હે રાય!,
દુ:ખ અતિ છે મનવિષે કેમ ધૈર્ય ને શાન્તિ ધરાયરે, પ્રભુ વિશ્વ. ૨૨
દાઢોવડે વિકરાળ ને પ્રલયાગ્નિ સમાન છે મુખ,
એવા દેખી હું આપને નથી પામતો મનમાં સુખ રે; પ્રભુ વિશ્વ.

તેથી ભુલ્યો છું ભાન હું દિશાઓનુ હે શ્રી ભગવાન્,
માટે હવે મુજ ઉપરે થાઓ હે જગન્નાથ! પ્રસન્ન રે; પ્રભુ વિશ્વ ૨૩
પુત્રો વળી ધૃતરાષ્ટ્રના અને રાજાઓ સર્વસહિત,
ભીષ્મ ને દ્રોણુ આ ને વળી મહિ કર્ણ છે ભયથી રહિતરે; પ્રભુ વિશ્વ.
મારા સંબધી રૂપ છે પણુ મુખ્ય યોદ્ધાઓસહિત,
ઉતાવળા એ આપના પ્રભુ પેસે થઇ ભયભીતરે; પ્રભુ વિશ્વ. ૨૪
દાઢોવડે વિકરાળ ને એવાં મુખો ભયાનક આપ,
તેમાં પેસે ઉતાવળા પામી કૌરવ આદિ તાપરે; પ્રભુ વિશ્વ
કઇ ચૂરો થઇ જાય છે વળી મસ્તકોસહિત હે રાય,
દાંતોના વચલા ભાગમાં એ તો ચોટેલા દેખાય રે; પ્રભુ વિશ્વ ૨૫
જેમ નદીના જળતણા બહુ વેગો સાગર ભણી જાય,
થઇને અભિમુખ એ વળી જઇ સમુદ્રમાંજ સમાયરે; પ્રભુ વિશ્વ.
તેમ આ મૃત્યુલોકના વીરપુરુષો તો હે પ્રભુ રાય!,
સર્વ ભણીથી આપના પ્રજ્વલિત મુખોમાં સમાયરે· પ્રભુ વિશ્વ ૨૬
પતંગીયા બહુ વેગથી નિજ નાશને કારણુ જેમ,
જઇને પેસે છે એ વળી અતિ સળગેલ અગ્નિમાં તેમરે;પ્રભુ વિશ્વ.
આ સહુ લોકો પણુ વળી અતિ વેગવાળા થઇ આ વાર,
નિજતણા નાશ કારણે પેસે આપના મુખ મોઝારરે; પ્રભુ વિશ્વ. ૨૭
જ્વલિત મુખે સહુ લોકને ગ્રાસ કરતા હે કૃષ્ણુ મોરાર,
સર્વ ભણીથી તેમને આપ ચાટો છો આ વાર રે; પ્રભુ વિશ્વ.
તેજવડે ચોતરફથી કરી પૂર્ણ સૌ જગતને બાપ,
આપની ઉગ્ર જે કાન્તિઓ તેથી ઉપજે અતિ સંતાપરે; પ્રભુ વિશ્વ ૨૮
ઉગ્ર સ્વરૂપી કોણુ છો મને આપ કહોને એ વાત,
હોજી નમસ્કાર આપને આપ શ્રેષ્ઠ દેવોમાં હે તાતરે; પ્રભુ વિશ્વ.

સૌના હેતુરૂપ આપને હું તો જાણવા ઇચ્છું છું તાત,
પ્રસન્ન હો હું આપની કાજે પ્રવૃત્તિથી છું અજ્ઞાનરે; પ્રભુ વિશ્વ ૨૯
વૃદ્ધિ પામેલો કાળ છું અતિ કૃષ્ણ કહે છે આવાર.

શ્રીકૃષ્ણ કહે છે.

ભક્ષણ કરવા પ્રવૃત્ત છુ સૌ લોકનો કરવા સંહાર રે, હુ તો વિશ્વ
માટે સેનામાં જે રહ્યા પ્રતિપક્ષીઓ જે બળવાન,
તું યુદ્ધ નહિ કર તે છતાં પણ રહેશે નહિ વિદ્યમાનરે, હુ તો વિશ્વ. ૩૦
તેજ માટે તુ ઉઠને અરિ જીતવા યુદ્ધ ને કાજ,
મેળવી જય ને તુ પછી નિષ્કટક ભોગવ રાજરે, પ્રભુ વિશ્વ.
મેંજ હણેલ છે તેહને યુદ્ધ પૂર્વે કહે ભગવાન્,
કેવળ નિમિત્તમાત્ર તુ હવે થા હે કુતાજીના તન ! રે, હુ તો વિશ્વ ૩૧
જયદ્રથ દ્રોણ ભિષ્મ ને અન્ય છે પણ કર્ણ જે રાય.
મેજ હણ્યા છે તેહને જેઓ યોદ્ધામાં વીરો ગણાયરે; હુ છુ વિશ્વ
પામીશમાં તું દુખને હણ યુદ્ધ કરીને આ વાર,
શત્રુને તું સંગ્રામમાં હવે જીતીશ એ નિરધાર રે, હુ છુ વિશ્વ ૩૨
સંજય બોલ્યો તે સમે સુણી કેશવનાં એ વચન,
જોડી બે હાથને કપતાં બીનો બીનો કુન્તાજીનો તનરે; એનો થઇને ઉદાસી.
પ્રમાણ કરનો શ્રીકૃષ્ણને અતિ નમ્રપણે નિરધાર,
ગદગદ કંઠ તે ફરી પણ કહેનો હવો આ વારરે, પ્રભુ વિશ્વ. ૩૩
અર્જુન કહે છે આપની અતિ કીર્તિથી હે ભગવાન્!
પ્રીતિ પામીને જગત્ આ અતિ થાય છે હર્ષવાનરે; પ્રભુ વિશ્વ.
ભીતિ પામીને ભાગતા વળી રાક્ષસો દિશા મેજાર,
સિદ્ધ ગણો નમે સર્વ એ પ્રભુ યુક્તજ છે આ વારરે; પ્રભુ વિશ્વ. ૩૪

જગત્નિવાસી હે પ્રભો ! હે અનંત દેવેશ્વર ! આપ,
સૃષ્ટિપતિના પણ પ્રભુ ગુરુ રૂપ અને છો બાપ રે, પ્રભુ વિશ્વ.
એવા જે આપને તે નમે શાને કાજે નમે નહિ બાપ,
સત્ને અસત્ બેઉ રૂપથી પર અક્ષર રૂપજ આપરે; પ્રભુ વિશ્વ ૩૫
આપજ આદિ દેવ ને હે અનત છો પુરુષ પુરાણ,
વિશ્વના શ્રેષ્ઠ નિધાન છો આપ સર્વ જગત્ના જાણ રે; પ્રભુ વિશ્વ
પરમ ધામજ આપ છો સૌ દૃશ્યરૂપેજ રહેલ,
વ્યાપ્ત કર્યું છે વિશ્વને વળી આપેજ છે એ ધરેલરે; પ્રભુ વિશ્વ ૩૬
ચંદ્રમા યમ ને પ્રજાપતિ વાયુ અગ્નિ ને વરુણ છો આપ,
છો નારાયણરૂપ તે આપ સિદ્ધિતણા છો બાપરે; પ્રભુ વિશ્વ
માટે હવે હો આપને કોટીવાર પ્રણામ પ્રણામ,
પાછા ફરી પણ આપને કરું વારવાર પ્રણામરે; પ્રભુ વિશ્વ ૩૭
આપને આગલ્યા ભાગમાં મારા હે સર્વ હોજી પ્રણામ,
આપને પાછળા ભાગમાં વળી સર્વભણી પ્રણામરેઃ પ્રભુ વિશ્વ.
વીર્યવાળા છો અનંત ને છો પરાક્રમી આપ અમાપ,
વ્યાપ્ત કરો છો સર્વને તેથી સર્વ રૂપે છો આપરે; પ્રભુ વિશ્વ ૩૮
આપના વિશ્વસ્વરૂપને થઇ ઐશ્વર્યથી હું અજ્ઞાત,
મારા સખા શ્રીકૃષ્ણ છે એમ માની પ્રમાદથી તાત રે; પ્રભુ વિશ્વ.
સ્નેહને લીધે પણ વળી મેં હે કૃષ્ણ યાદવ સખા એમ,
અઘટિત વાક્યો કહેલ છે તેથી કરજો ક્ષમા રાખી રેહેમરે, પ્રભુ વિશ્વ. ૩૯
ખાતાંને સુતાં બેસતાં વળી કરતાં વિહાર હે નાથ ?,
મિત્ર સમક્ષ કે એકલાં રહી મશ્કરી માટે સાથરે; પ્રભુ વિશ્વ.
તેથી અનાદર જે થયો તેથી ગુનામાં છું હું અમાપ,
આપ અપ્રમેય પાસ હું ક્ષમા માગી કરાવું છું માપરે; પ્રભુ વિશ્વ. ૪૦

ઉપમારહિત પ્રભાવને આ ચરાચર લોકના બાપ,
પૂજ્ય ગુરૂ છો આપ ને વળી મોટા ઘણા છો આપરે; પ્રભુ વિશ્વ
આપ સમાન ત્રિલોકમાં પણ બીજો નથી બળવાન,
ત્યારે ક્યાંથી હોય આપથી પ્રભુ અધિક કોઇ ભગવાનરે; પ્રભુ ૪૧
તેથી નમસ્કાર આપને કરું સાષ્ટાંગે ધારી હું શીર્ષ,
થાઓ પ્રસન્ન સ્તુતિવડે કરું પ્રાર્થના હે જગદીશ રે; પ્રભુ
માટે હે દેવ ! જે પુત્રના ગુના પિતા કરે છે માફ,
મિત્ર કરે જેમ મિત્રના ગુના માફ કરો તેમ આપ રે; પ્રભુ. ૪૨
પત્ની તણા અપરાધને પતિ માફ કરે છે જેમ,
આપ મારા અપરાધને ક્ષમા કરવાજ યોગ્ય છો એમ રે, પ્રભુ.
હર્ષ પામ્યો છું જોઇને વિશ્વરૂપ પૂર્વ ન જોયેલ,
તેમજ ભયથી મુજનું મન વ્યાકુળ પણ થયેલ રે; પ્રભુ. ૪૩
માટે દેખાડો મુજને રૂપ પૂર્વતણુજ હે દેવ !
થાઓ પ્રસન્ન દેવેશ્વરા. (હે) જગવાસી હું માગું એવ રે; પ્રભુ.
મુકુટધારી આપ ને ગદા ચક્ર વળી લો હાથ,
જોવા ઇચ્છું હું આપને જેવા પહેલા હતા હે નાથરે. પ્રભુ ૪૪
વિશ્વમૂર્તિ જે આપ છો કર સહસ્રવાળા બળવાન,
ધારી ચતુર્ભુજ ને હવે થાઓ પૂર્વરૂપ ભગવાન રે; પ્રભુ.
પ્રસન્ન થઇને બોલીયા પ્રભુ પાર્થ પ્રત્યે નિરધાર,
શ્રેષ્ઠ આ રૂપ બતાવીયું મુજ બળથી તને આવારરે; પ્રભુ ૪૫
વિશ્વ સ્વરૂપ અનંત ને છે અનાદિ તેજોમય તાત;
પૂર્વે કોઇએ જોયું નથી તારા વિના બીજાએ ભ્રાતરે; પ્રભુ.
આ જે મનુષ્યના લોકમાં આવું વિશ્વસ્વરૂપ હે વીર !,
જોવું અશક્ય છે તું વિના બીજા કોઇએ આ ભવ્ય શરીરરે; પ્રભુ. ૪૬

વેદાધ્યયન કે યજ્ઞથી વળી દાનોવડે પણ તાત,
ઉગ્ર તપે કે ક્રિયાવડે પણ જોવા અશક્ય છે ભ્રાતરે; પ્રભુ.
આવા પ્રકારના ઘોર આ મારા રૂપને જોઇને આ વાર;
મૂઢપણું અતિ ને વળી તને દુઃખ ના થાઓ લગારરે, હું છું. ૪૭
નિર્ભય થઇને તું હવે રાખી પ્રસન્નતા મન તાત,
જો આ ફરીને સુખથી મારું પૂર્વજ રૂપ હે ભ્રાત રે; હું છું વિશ્વ.
સંજય બોલ્યો એ સમે સુણુ હે ધૃતરાષ્ટ્ર રાજન,
અર્જુન પ્રત્યે શ્રીહરી કહી એજ પ્રમાણે વચનરે; પ્રભુ ૪૮
ભીતિ પામેલા પાર્થને તે સ્વરૂપ દેખાડી એ વાર,
સૌમ્ય વપુમય થઇ પ્રભુ કરે આશ્વાસન નિરધાર રે; પ્રભુ.
પાર્થ કહે છે હે પ્રભુ હું થયો છું હવે અતિ શાન્ત,
મનુષ્ય જેવું સૌમ્ય આ રૂપ આપનુ જોઇને શ્રીકાન્તરે. પ્રભુ. ૪૯
ચિત્ત થયું છે મુજનુ હવે વ્યાકુળતાથી રહિત,
સ્વસ્થ થયું છે ચિત્ત તો હવે મારુ આનદસહિત રે, પ્રભુ.
રૂપ તેં જોયું હાલ જે કહે પાર્થ પ્રત્યે ભગવાન્,
કોઇપણ બીજા આ રૂપને નથી જોવાને શક્તિવાનરે; હું છું ૫૦
મારૂં એ અદ્‌ભુત રૂપ છે તેના દર્શનની મનમાંય,
ઇચ્છા નિરંતર દેવને પણ દર્શન કદીએ ને થાયરે; હુ છું
વેદો ભણે કે તપવડે અને કર્મથી કે કરે દાન,
જોયું જે મુજ સ્વરૂપ તેં અન્ય જોવા ન શક્તિમાનરે; હું છું ૫૧
એજ પ્રકારનો હુંજ છું મારી ભક્તિવડેજ અનન્ય,
જ્ઞાત થવાને શક્ય હે પ્રિય કુંતાજી કેરા તન રે!; હું છું.

૧ દેખીને આનદ ઉપજે.

મુજને અર્થે કાર્ય જે હે અર્જુન સદા કરનાર,
ભક્ત મારો જે મુજને મુખ્ય હૃદયમાંહિ ધરનારરે; હું છુ. ૫૨
ત્યાગ કર્યો છે સંગનો જેણે કેવળ મુજ આધાર,
નિર્વૈર ભૂતો સર્વમાં એવો પામે મને નિરધાર રે; હું છુ ૫૩

इति श्री कस्तुर विरचिते संगीत गीतायां विश्वरूप-
दर्शनं नामैकादशोऽध्यायः समाप्तः ॥

ॐ

अध्याय १२ मो.

भक्तियोग.

સીતાજીના મહિનાનો રાહ.

અર્જુનઉવાચ.

કહે અર્જુન એજ પ્રમાણે નિત્ય થઇ યુક્ત ને,
કરે ચિંતન આપનુ જે નિરંતર ભક્ત તે;
અને અક્ષરનું ને અવ્યક્તતણું જે (નિરંતર) ચિંતન કરે,
તેમાં ઉત્તમ કોણ કહેવાય જે યોગને અનુસરે. ૧
કહે કૃષ્ણ મારામાં પોતાનું એકાગ્ર જે મન કરે,
થઇને યુક્ત નિરંતર એ સાત્વિકી શ્રદ્ધાવડે;
સમાહિત કરી ચિત્ત મુજને ઉપાસે છે જે સદા,
ઉક્ત જનમાં છે ઉત્તમ તે માનેલા મેં સર્વદા. ૨

સારી રીતે ઇંદ્રિયોના ગણને લાવી જેઓ નિયમમાં,
સમબુદ્ધિવાળા થઇ તે સર્વ સ્થળે જગત્માં;
સહુ પ્રાણીના હિતમાં પ્રીતિ વળી જેની સર્વદા,
અનિર્દેશ અવ્યકત અચિંત્ય વ્યાપક સર્વ જે સદા;
અને અચળ કૂટસ્થ ને જે પરિણામરહિત છે,
એવા અક્ષરબ્રહ્મને આ ઉપાસે છે નિત્ય જે;
ઉપાસક એવા જન હોય તે આ પણ પામશે,
મારું નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ તેમાં તે વિરામશે. ૩-૪
એવા અવ્યકતમાં આસક્તિવાળા કહેવાય છે,
તેવા જનને તો સૌથી અધિક અતિ કલેશ થાય છે;
કાં જે દેહતણું અભિમાન જેને અતિ હોય છે,
તેથી તેણે તો નિર્ગુણબ્રહ્મ દુ ખેથી પમાય છે. ૫
પણ સર્વજ કર્મોને મુજમાં જેઓ અર્પણ કરી,
અને મારે પરાયણ થઇ સદા હુંમાં ચિત્ત ધરી;
પછી યોગવડે અનન્ય મને જે ચિંતવી,
મારું કરતાં ઉપાસન જાય જેનું વળી ચિત્ત દ્રવી. ૬
ચિત્ત જેનું સદા મુજમાંજ પ્રવેશ કરેલ છે,
એવો ભકત પૃથાના હે સુત મને જે વરેલ છે;
તેનો સત્વર મૃત્યુ યુકત સંસાર સમુદ્રથી,
સારી રીતે કરું છુ ઉદ્ધાર હું તો ઘણી પ્રીતથી. ૭
ઉપાધિથી જે યુકત સગુણ સ્વરૂપ છે મારુ,
તેમાં બુદ્ધિ અને વળી મન સ્થિર કરે તારું;
દેહપાત પછી તુ તો નિગુણબ્રહ્મને પામશે,
જેમાં સંશય નહિજ લગાર હુમાં તું વિરામશે. ૮

હવે સાંભળને હે અર્જુન! તારું ચિત્ત મુજમાં,
સ્થિર કરવાની શક્તિ ન હોય કદી વળી તુજમાં;
તો તુ અભ્યાસ યોગવડે પણ પામવા મુજને,
ધર ઇચ્છા તારા મનમાંય કહું સત્ય તુજને. ૯
અને અભ્યાસમાં પણ હોય અશક્તિ જો તારી,
તો તુ થઇને પરાયણ હુજ ભક્તિ કર મારી,
મારા અર્થે તુ કર્મોને કરતો છતો પણ પામશે,
સિદ્ધિ જ્ઞાનને મુજમાં તુ સુખેથી વિરામશે. ૧૦
જો કે કર્મને પણ કરવાને અશક્ત હો તુજ તો,
પછી કરને તું આશ્રય યોગ કહ્યો છે જે મુજનો;
તારા ચિત્તને હે પ્રથા પુત્ર! તારે વશ રાખ જે,
સહુ કર્મના ફળનો તું ત્યાગ હવે કરી નાખજે. ૧૧
છે અભ્યાસથકી જ્ઞાન શ્રેષ્ઠ નિશ્ચય તે તું જાણજે,
અને જ્ઞાનથકી પણ ધ્યાન શ્રેષ્ઠ પ્રમાણજે;
તેથી ઉત્તમ કર્મનાં ફળનો જે ત્યાગ કહેવાય છે,
એના ત્યાગથી ચિત્તમોઝાર સત્વર શાન્તિ થાય છે. ૧૨
રાખે મૈત્રી ભૂતો સહુમાંજ નહિ દ્વેષ જેમને,
અને કરુણા અતિ મનમાંય મમત્વ ના તેમને;
અને જે અભિમાનરહિત અને ક્ષમાવાન્ છે,
વળી ચિત્તમાં સુખ ને દુ:ખ જેને સમાન છે. ૧૩
સમાહિત વળી ચિત્ત જેનું સંતોષી છે સર્વદા,
દેહ ઇંદ્રિયોને રાખનાર નિયમમાં જેઓ સદા;

મન બુદ્ધિ કરે દઢ નિશ્ચય અર્પણ મુજને,
એવો ભક્ત મારો કહેવાય અતિ પ્રિય હુજને. ૧૪

નથી પામતો કોઈ પણ પ્રાણી ઉદ્વેગ એનાથકી,
પોતે પણ ન પામે કોઈ વાર ઉદ્વેગ કેનાથકી;
અને જે ભય ઇર્ષ્યા ને હર્ષ ઉદ્વેગરહિત છે,
તેવો ભક્ત મને બહુ પ્રિય હુમાં જેને પ્રીત છે. ૧૫

સ્પૃહારહિત પવિત્ર ચતુર ઉદાસીન જે સદા,
પીડારહિત હ્રદયનીમોઝાર આનંદિત સર્વદા;
સર્વ આરંભનો પરિત્યાગ વળી કરનાર જે,
મારો ભક્ત અતિ છે પ્રિય મને ભજનાર તે. ૧૬

નથી હર્ષ કે દ્વેષ કદી પણ એ કરતો નથી,
તેમ શોક કે ઇચ્છાઓ ચિત્ત કદી ધરતો નથી;
શુભાશુભનો જે પરિત્યાગ વળી કરનાર છે,
ભક્તિમાન્ જે મારોપ્રિય મને ભજનાર તે. ૧૭

અને શત્રુને મિત્રમાં બુદ્ધિ તો જેની સમાન છે,
સમતુલ્ય તો જેને મન માન અપમાન છે;
ટાઢ તડકો અને સુખદુઃખ જે મનમાં સમાન છે,
અને અત્યંત સંગરહિત તે તો જ્ઞાનવાન છે. ૧૮

સ્તુતિ નિંદા જેને સમતુલ્ય મૌનાનંદમાં અને,
અન્ન વસ્ત્રાદિ કર્મવશાત્ મળેથી તૃપ્તિ મને;
સ્થિર બુદ્ધિ ને ઘરમાં મમત્વ વળી નહિ જેમને,
એવો ભક્તિવાળો જે કો હોય પુરુષ તે પ્રિય મને. ૧૯

વળી થઇ જે શ્રદ્ધાળુ ને મુજ પરાયણુ થયેલ છે,
સુધા ધર્મરૂપી જે આ પૂર્વે મેં કહેલ છે;
તેને મેળવવા ભાગ્યવાન ભક્તો જે જે થાય છે,
એવા ભક્તો અતિશય પ્રિય મારા કહેવાય છે. ૨૦

इति श्री कस्तुर विरचिते संगीत गीतायां भक्तियोगो नाम द्वादशोऽध्यायः समाप्तः ॥

ॐ

अध्याय १३ मो.

क्षेत्रक्षेत्रज्ञविभागयोग.

ભીમની તિથિઓનો રાગ. (કોળાબડી.) કારતક મહીને કોલાંબડી.

અર્જુન ઉવાચ.

બોલ્યા હવે પ્રભુ પ્રત્યે પૃથાજીનો પુત્ર આ વાર,
પુરુષ અને વળી પ્રકૃતિ જોવા ઇચ્છુ છું હું સાર;
તેમજ ક્ષેત્ર અને વળી ક્ષેત્રજ્ઞ જે કહેવાય,
જ્ઞાન તથા જ્ઞેય જાણુવા ઇચ્છા અતિ મનમાંય. ૧
શ્રી ભગવાન્ કહે હવે પાર્થ પ્રત્યે નિરધાર,

શ્રી ભગવાનુવાચ.

શરીર તે ક્ષેત્ર કહેવાય છે સુખદુ ખ ભોગવનાર;
તેને જે છે જાણુનાર તે ક્ષેત્રજ્ઞ એમજ ધાર,
એમ કહે છે જે ઉભય ને જ્ઞાની છે જ જાણુનાર. ૨

સાંભળને હે ભારત ! વળી સર્વ શરીરો મોઝાર,
ક્ષેત્રજ્ઞ જાણ મનેજ તું મનમાં કરી નિરધાર;
ક્ષેત્ર અને વળી ક્ષેત્રજ્ઞ તેનું જ જ્ઞાન કહેવાય,
તેજ માનેલું છે જ્ઞાન મે મોક્ષ રહ્યો જે જેમાંય. ૩
ક્ષેત્રતણો જે સ્વભાવ ને ઇચ્છાદિ ધર્મ જે માંહ્ય,
ને વળી ઇંદ્રિયાદિક વિકારોવાળુ એ જણાય;
પ્રકૃતિને વળી પુરુષના સયોગથી ઉપજેલ,
સ્થાવર જગમાદિ ભેદથી જે ભિન્ન ભિન્ન રહેલ;
ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જે સ્વરૂપ ને તેનો સ્વભાવ,
સાંભળ તે તું સક્ષેપમાં મુજથી એનો પ્રભાવ. ૪
બહુજ પ્રકારે નિરૂપણ ઋષિઓએ જેનુ કરેલ,
વિવિધ વેદોએ સ્વરૂપ તે ભિન્ન ભિન્ન વર્ણવેલ;
નિશ્ચિત અર્થવાળાં બ્રહ્મસૂત્ર પદોએ (યુકિતવાળા) કહેલ,
(તથા) એમજ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞને બહુ વિધિ છે વર્ણવેલ. ૫
પચ મહાભૂત ને વળી બુદ્ધિ અને અહકાર,
તેમ વળી જે અવ્યકત ને ઇંદ્રિયો દશ નિરધાર;
પાંચ ઇંદ્રિયોના વિષયો ને એક મળી માંહિ મન,
આઠ પ્રકારની પ્રકૃતિ સુણ તું કુતાજીના તન. ૬
દ્વેષ ને ઇચ્છા અને સુખદુ:ખ તણો જે સંઘાત,
ચૈતન્યશકિત અને વળી ધીરજ મળીને હે ભ્રાત,
આવું જે ક્ષેત્ર વિકારોથી ભરપુર છે જે ભરેલ,
તુજ પ્રત્યે મેં સંક્ષેપમાં હાલ જે છે વર્ણવેલ. ૭
માનથી રહિતપણું અને દભથી પણ જે રહિત,
હિંસાથી રહિત અને ક્ષમાવાન સરળતાસહિત;

કરવું આચાર્યોપાસન અને પવિત્રપણું સ્થિર ચિત્ત,
સારી રીતે જે નિગ્રહ વળી ઇંદ્રિયાદિકનો નિત્ય. ૮
સર્વ ઇંદ્રિયોના વિષયમાં ઉપજતો જે નિર્વેદ,
એ અહંકારથી રહિતપણે નહિ જેમાં ખેદ;
જન્મ મૃત્યુ જરા વ્યાધિનાં દુઃખો વળી જે કહેવાય,
તેમાં રહેલા જે દોષ છે તેમને નિત્ય જોવાય. ૯
મમતાથી રહિતપણુ ઘર આદિકમાં વળી નિત્ય,
તન્મય ભાવ રહિત જે પુત્ર ને સ્ત્રીમાં ન પ્રીત;
ઇષ્ટ અનિષ્ટની પ્રાપ્તિમાં સર્વદા ચિત્ત સમાન,
ક્લેશનો ગંધ જેમાં નથી સત્ય તાહરે મન માન. ૧૦
અનન્ય યોગવડે વળી જે વ્યભિચાર રહિત,
ઉત્તમ ભકિત જે મુજમાં તે વળી પ્રેમ સહિત;
ઉત્તમ એકાન્ત સ્થાનના સેવનમાં આન પ્રીત,
વિષયીજનોની સભામહી ઉત્પન્ન થાય અપ્રીત. ૧૧
અધ્યાતમજ્ઞાનમાં રાખવી નિષ્ઠા અતિશય એજ,
જેનુ પ્રયોજન જે કહુ તત્ત્વના જ્ઞાનનુ તેજ,
પૂર્વે કહેલ જે લક્ષણો સર્વનુ નામ છે જ્ઞાન,
એથી વિરોધિ જે સર્વ છે માનાદિ તેજ અજ્ઞાન ૧૨
સ્પષ્ટ કરીને કહીશ જે જાણવાયોગ્ય છે વાત,
જેને જાણીને પમાય છે કૈવલ્યને સાક્ષાત્;
જેની કદી નથી ઉત્પત્તિ એવું જ તત્ત્વ કહેવાય,
સત્ કે અસત્ છે એ રૂપનુ વર્ણન કદીએ ન થાય. ૧૩
હાથ પગાળું તે સર્વ શરીર મહિ જ રહેલ,
મુખ અને શરીર નેત્રવાળુંજ વળી જે કહેલ,

તેમજ શ્રોત્રવાળું પણ સર્વ દેહોમાં રહેલ,
સ્થાવર જંગમ સર્વમાં વ્યાપ્ત વળી છે થયેલ. ૧૪
ઇંદ્રિયો સર્વથકી પણ છે જે અત્યંત રહિત,
સર્વ ઇંદ્રિયના વ્યાપારથી થાય વળી તે પ્રતીત;
સર્વ સંબંધથી રહિત ને સહુને ધારણ કરનાર,
નિર્ગુણને વળી ગુણને એજ છે ભોગવનાર. ૧૫
વ્યાપક ભૂતોની બહાર ને અંદરમાં પણ એજ,
સ્થાવરજંગમરૂપ છે સૂક્ષ્મપણે તે રહેજ;
તેને લીધેજ અજ્ઞાત છે ને વળી દૂર કહેલ,
તેમજ તે અતિશય વળી સન્મુખ પણ છે રહેલ. ૧૬
જે પરિચ્છેદ રહિત છે પ્રાણીઓ સર્વની માંય,
એક છતાં પણ તત્ત્વ તે ભિન્ન ભિન્ન જેમ જણાય:
સર્વ ભૂતોને ઉત્પન્ન કરી ધારણ એ કરનાર,
તેમ વળી પણ જાણવું સર્વનો કર્તા સંહાર. ૧૭
જ્યોતિઓનું પણ જ્યોતિ ને તમથી જે શ્રેષ્ઠ કહેવાય,
એજ આ જ્ઞાનને જ્ઞેય છે જાણ તારા મનમાંય;
જ્ઞાનવડેજ શકાય છે મેળવી એવું આ તત્ત્વ,
સર્વના હૃદયમા જે રહ્યું વ્યાપી મારૂં એ મહત્વ. ૧૮
એજ પ્રમાણે આ ક્ષેત્ર તથા વળી જ્ઞાનને જ્ઞેય,
સંક્ષેપથી જે કહેલ છે મેળવવા તુજ શ્રેય,
ત્રણે કહ્યાં તેને જાણીને મારો જે ભક્ત કહેવાય,
મારાજ ભાવની પ્રાપ્તિને માટે એ યોગ્યજ થાય. ૧૯
પુરૂષ પ્રકૃતિ એ બેઉને પણ તું અનાદિજ જાણ,
ગુણો અને જે વિકારો તે પ્રકૃતિજન્ય પ્રમાણ; ૨૦

કાર્ય શરીર ને કારણ ઇંદ્રિયો જે કહેવાય,
ઉભય તે ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ હેતુ ગણાય;
કાર્ય ને કારણ તેવડે સુખદુઃખ જે ભોગવાય,
ભોક્તાપણામાં તો તે વળી પુરૂષ હેતુ ગણાય. ૨૧
પ્રકૃતિ જન્ય શરીરમાં હુંજ શરીર છું એમ,
માની ગુણોને એ ભોગવે દેહસ્થ પુરૂષ તેમ;
જન્મ ધરે પછી ઉચ્ચ ને નીચની યોનિઓ માંય,
કારણ તેનું છે એજ કે ગુણોનો સંગ છે ત્યાંય. ૨૨
સર્વથી ભિન્ન આ દેહમાં પુરૂષ એ સાક્ષી ગણાય,
પાસે રહી અનુમોદન આપતા એજ જણાય,
ભર્તા ને ભોક્તા મહેશ્વર સર્વતણા એ આધાર,
શ્રુતિ કહે વળી એમને પરમ આત્મા નિરાધાર ૨૩
આજ પ્રમાણે પુરૂષને સાક્ષી વિકારરહિત,
જાણે વળી આ જે પ્રકૃતિ સર્વ વિકારસહિત;
જીવનમુક્ત એ જગત્માં વર્તે છે કર્માનુસાર,
તોપણ જન્મ તે તો નથી પામતો એ નિરધાર. ૨૪
યોગી જુવે નિજ બુદ્ધિમાં ધ્યાનવડે સ્વસ્વરૂપ,
જ્ઞાની જુવે સાંખ્યજ્ઞાનથી નિજના આત્મા અનુપ;
ભક્ત વળી જુએ કર્મના યોગવડે નિજરૂપ,
ભિન્ન પ્રકારથી ભાળતાં દ્રષ્ટાંતો એક અનુપ ૨૫
બીજા વળી નથી જાણતા એજ પ્રમાણે જે સાર,
તો પછી અન્ય આચાર્યોથી સાંભળી એ નિરધાર;
કરતા ઉપાસન ઇષ્ટનું શ્રવણ પરાયણ થાય,
તે પણ નિશ્ચય મૃત્યુને સહજ ઓળગીને જાય. ૨૬

શ્રી ભગવાન્ કહે હવે સુણ હે કુન્તાજીના તન !,
સ્થાવરજંગમ વસ્તુઓ થાય છે જે ઉત્પન્ન;
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ એ બેઉના સંયોગથી ઉપજેલ,
જાણ તું નિશ્ચય મન વિષે મેં તુજને જે કહેલ; ૨૭
જે નાશવાન્ આ સર્વ ભૂતોમાં રહ્યા અવિનાશ,
તેને જાણે તેને જાણવો જ્ઞાની પુરુષ છે ખાસ. ૨૮
સર્વ ઠેકાણે સમાન ને સ્થિત વિકારરહિત,
એવા ઇશ્વરને જોતો છતો જ્ઞાન દૃષ્ટિ વડે નિત્ય;
તેજ કારણથી આત્માવડે આત્મા નથી હણનાર,
જ્ઞાની પામે છે તેણે કરી શ્રેષ્ઠ ગતિ નિરધાર. ૨૯
સર્વ વિકારોના કારણ રૂપ જ માયા કહેવાય,
એજવડે મન વાણી શરીરથી કર્મ (સર્વ) કરાય;
એમજ જ્ઞાનની દૃષ્ટિથી જુએ છે જે જ્ઞાનવાન,
જાણે અકર્તા એ આત્માને તેજ ખરા બુદ્ધિમાન્ ૩૦
સ્થાવરજંગમરૂપ જે સર્વ આ ભિન્ન પ્રકાર,
જુવે જ્યારે સ્થિત એકજ આત્મા વિષે નિરધાર;
માયાવડેજ આ થાય છે સર્વ ભૂતોનો વિસ્તાર,
એવું જાણ્યાથી થવાય છે બ્રહ્મ સ્વરૂપ તે વાર. ૩૧
ઉત્પત્તિવાળી જે વસ્તુઓ તેજ પામે છે વિનાશ,
ગુણમય તે પણ ગુણના ક્ષયથી પામે છે જ વિનાશ;
આત્મા તો છે આ અનાદિને ગુણરહિત અવિકાર,
દેહસ્થ છે પણ તે છતાં લિપ્ત નથી તે લગાર. ૩૨
સર્વ સ્થળોમાં વ્યાપી રહ્યું વ્યોમ[1] છતાં પણ જેમ.

---

૧ આકાશ.

સૂક્ષ્મપણાને લીધે કરી લિપ્ત થતુ નથી તેમ;
આત્મા રહ્યો ઉંચનીચના દેહમાં અંદર બહાર,
તેમ છતાં એ અસંગ છે વ્યાપક સર્વ મોઝાર. ૩૩
એકજ સૂર્ય અખિલ આ વિશ્વમાં વ્યાપીને જેમ,
કરતો પ્રકાશ આ સર્વને હે ભરતર્ષભ ! તેમ;
ક્ષેત્રમાં જે વસનાર તે ક્ષેત્રજ્ઞરૂપ કહેવાય,
એજ શરીરી આ સર્વમાં પોતે પ્રકાશીત થાય. ૩૪
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞના ભેદને એજ પ્રમાણે જણાય,
જે થકી જ્ઞાન દૃષ્ટિવડે તે સત્ય જ્ઞાની ગણાય;
ભૂતોના કારણ રૂપ જે માયાનો અત્યતા ભાવ,
જાણે તે પામે છે મોક્ષને એ સત્ય મુજ પ્રભાવ. ૩૫

इति श्री कस्तुर विराचिते संगीत गीतायां क्षेत्र क्षेत्रज्ञ निर्देश योगोनाम त्रयोदशोध्यायः समाप्तः ॥

ॐ

अध्याय १४ मो.

गुणत्रयविभागयोग.

ઉદ્ધવજીના સંદેશાનો રાગ.

શ્રી ભગવાનુવાચ.

જ્ઞાન તણાં સાધન સર્વેમાં શ્રેષ્ઠ જે,
ઉત્તમ જ્ઞાનતણું સાધન (ફરીથી) કહું સારજે.

જાણીને જેને મુનિયો સહુ પામીયા,
સિદ્ધિ ને આ દેહ બંધનથી પારજો.
સાંભળને અર્જુન ત્રિગુણના ભેદને. ૧

આશ્રય જે કરનારા આ જે જ્ઞાનનો,
પામે મારા સ્વરૂપને નિરધાર જો;
સૃષ્ટિ કાળે પણ ઉદ્‌ભવ નહિ એહનો,
પ્રલયમાં પણ ક્ષય નહિજ થનાર જો. સાંભળ. ૨

ત્રિગુણી માયા હે અર્જુન ! માહરૂ,
ગર્ભાધાન કરવાનુ સ્થાન ગણાય જો;
તેના હું જ કરૂં છુ ધારણ ગર્ભને,
તેથી સહુ આ ભૂતો ઉત્પન્ન થાય જો. સાંભળ. ૩

દેહો જે સર્વે યોનિમાં ઉપજે,
ત્રિગુણાત્મક માયા તેઓની માતજો;
બીજકનો દેનારો હે કૌન્તેય !,
સર્વે પ્રાણી માત્ર તણોછે તાતજો. સાંભળ. ૪

સત્વ રજસ તામસ હે અર્જુન ! જે થયા,
માયાથી ઉત્પન્ન ગુણો ત્રય ધારજો;
અવિકારી જીવાત્મા છે આ દેહમાં,
તેને છે ગુણો બંધ કરનારજો. સાંભળ. ૫

તેમાં સાત્વિક ગુણ એ દુઃખ રહિત છે,
(હે અર્જુન) નિર્મળતાને લીધે થાય પ્રકાશજો;
જ્ઞાન અને સુખના સંગેથી જીવને,
રાગ કરાવી બંધન કર્તા ખાસજો. સાંભળ. ૬

તૃષ્ણાને આશક્તિ જેથી ઉપજે,
રાગતણું એ રૂપ રજોગુણ જાણજે,
જીવાત્માને કર્મોના સગો વડે,
બાંધેછે હે અર્જુન ! ચારે ખાણજે. સાંભળ. ૭
અજ્ઞાનેથી ઉદ્‌ભવ એનો જાણજે,
જીવો સહુને મોહ ઉત્પન્ન થાયજે,
પ્રમાદ ને આળસ હે અર્જુન! ઉંઘથી,
ગુણ તમોથી જીવો સહુ બંધાય જે સાભળ ૮
જોડેછે હે ભારત! સાત્વિક (ગુણ) સુખમાં,
ગુણ રજો તે જોડે કર્મો થાયજે;
ઢાકી દઇને ગુણ તમો તે જ્ઞાનને,
જોડે છે જીવોને આળસ માંયજે. સાંભળ ૯
તિરસ્કાર કરી સત રજનો જે સમે,
(હે અર્જુન !) વૃદ્ધિ પામી સત્વ ગુણજ તે વારજે,
પોતાનાં કાર્યોને એ ઉપજાવતો,
સુખ સૌ જીવોને તે નિરધારજે. સાંભળ. ૧૦
તિરસ્કારી સાત્વિક ને તમ જે સમે,
વૃદ્ધિ પામી ગુણ રજો તે વારજે;
પોતાનાં કાર્યોને એ ઉપજાવતો,
પ્રીતિ સહુ જીવોને વારંવાર જે. સાભળ. ૧૧
તિરસ્કાર કરી સત રજનો જે સમે,
વૃદ્ધિ પામી ગુણ તમો તે વારજે;
પોતાનાં કાર્યોને એ ઉપજાવતો,
મોહ સહુ જીવોને નિશ્ચય ધારજે. સાંભળ ૧૨

દેહ વિષે સહુ ઈંદ્રિયોમાં જે સમે,
જ્ઞાન સ્વરૂપે ઉત્પન્ન થાય પ્રકાશ જો,
ત્યારે સાત્વિકની વૃદ્ધિ થઇ જાણવી,
ચિત્ત વિષે થઇ આવે સુખનો ભાસ જો. સાંભળ. ૧૩
ગુણ રજોની હે અર્જુન ! વૃદ્ધિ થએ,
કર્મતણો આરંભ અને જે લોભજો;
પ્રવૃત્તિ ને ઇચ્છા ઉત્પન્ન થાય છે,
અશાન્તિથી ઉરે ઉપજે ક્ષોભ જો. સાંભળ. ૧૪
ગુણ તમોના હે અર્જુન ! વૃદ્ધિ થયે,
અનુદ્યમથી વિવેકનો થઇ નાશજો,
એમજ મોહ પ્રમાદ બહુ ઉપજે,
નાશજ પામે તેથી જ્ઞાન પ્રકાશ જો. સાંભળ. ૧૫
સત્વતણી વૃદ્ધિ અતિશય થઈ તે સમે,
પ્રાણી પામે મૃત્યુ જો તે વાર જો,
ઉપાસક પુરૂષોના ઉજ્વલ લોકને,
પામે છે એ પ્રાણી તો નિરધાર જો. સાંભળ. ૧૬
ગુણ રજોમાં મૃત્યુ પામે જે જનો,
આજ મનુષ્યને લોકે લે અવતાર જો;
(અને) ગુણ તમોમાં મૃત્યુ પામેલા જનો,
મૂઢ યોનિમાં જન્મ ધરે એ વાર જો. સાંભળ. ૧૭
સાત્વિક કર્મ તણું ફળ સુખ સ્વરૂપ છે,
(ને) રાજસનું ફળ દુઃખ રૂપી કહેવાયજો;
તામસનું ફળ તે અજ્ઞાન ગણાય છે,
એમજ કહે છે ફળને ઋષિરાયજો. સાંભળ ૧૮

સત્વ ગુણોથી જ્ઞાનજ ઉત્પન્ન થાય છે,
ગુણરજોથી લોભજ ઉત્પન્ન થાયજો;
ગુણતમોથી મોહ પ્રમાદજ ઉપજે,
અજ્ઞાને પણ એનાથી કહેવાયજો; સાંભળ. ૧૯
સત્વગુણી વૃત્તિથી પામે સ્વર્ગને,
રાજસ્ વૃત્તિથી પામે આ લોકજો;
તામસ વૃત્તિથી નીચેના લોકને,
પામે છે એથીજ તે દુ:ખનો થોક જો. સાંભળ. ૨૦
ગુણોથી બીજા કર્તાને ના જુવે,
ગુણો સહુ છે કર્મોના કરનાર જો;
તેથી પર સાક્ષીને જે કોઇ જાણશે,
તેને મારું ઉત્તમ પદ મળનાર જો. સાંભળ. ૨૧
દેહ તણા ઉદ્ભવના બીજરૂપ એ,
ત્રય ગુણોનો ત્યાગ કરી જે વાર જો;
જન્મ જરા મૃત્યુ ને દુ:ખથી મોકળા,
થઇને પામે શ્રેયજ ભવની પારજો. સાંભળ. ૨૨
પાર્થ કહે હે પ્રભુજી! ત્રિગુણાતીત જે,
તેઓ કેવા લક્ષણથી ઓળખાય જો;
કેવા વર્તનવાળો એ જન હોય છે,
ગુણાતીત શી રીતે એ થઇ જાય જો. સાંભળ. ૨૩

શ્રી ભગવાનુવાચ.

પરેચ્છા કે સ્વેચ્છાથી હે પાર્થ! જે,
જોડાયો જો ગુણો (ના) કાર્યોમાંય જો;

તોપણ તેને ધારી દુઃખનું રૂપ ને,
દ્વેષ નથી એ કરતો મનની માંય જો. સાંભળ. ૨૪
એમજ થઇ નિવૃત્તિ જે કાર્યો તણી,
તેની ઇચ્છા કદી નહિ મન માંહ જો;
તેવો જે પુરુષ તે ગુણાતીત છે,
તેનાં લક્ષણ તેનાથીજ જણાય જો. સાંભળ. ૨૫
ઉદાસીનની જેમજ કાર્યો સહુ કરે,
ગુણોથી ચલિત કદી ન થાય જો;
ગુણજ પોતે પોતામાં વર્તે સદા,
તે નિશ્ચયથી સ્થિત થઇ ચિત્તમાંયજો. સાંભળ. ૨૬
નિર્વિકારી હું છું એવા જ્ઞાનથી,
નિજ સ્વરૂપમાં આનંદથી થઇ સ્થિત જો;
કોઇ પણ કર્યાં પછી એ તો કરતો નથી,
એવા જનને કહે છે ગુણાતીત જો. સાંભાળ. ૨૭
જેને સુખ દુઃખાદિ સર્વ સમાન છે,
સ્વસ્વરૂપમાં સ્થિતિવાળો નિત્ય જો;
માટીનું ઢેફું પથ્થર સોનું વળી,
જે જાણે છે સરખાં પોતે ચિત્ત જો. સાંભળ. ૨૮
પ્રિય અને અપ્રિય જેને સમતુલ્ય છે,
એવો જન જે રાગ ને દ્વેષ રહિત જો;
સ્વનિંદા ને સ્તુતિ જેને તુલ્ય છે,
એવા જનને કહે છે ગુણાતીત જો. સાંભળ. ૨૯
માન અને અપમાન વળી સમતુલ્ય છે,
શત્રુને મિત્રમાં પક્ષ રહિત જો;

સર્વારંભ પરિત્યાગી પુરૂષ જે,
એવા તે કહેવાય ગુણાતીત જો. સાંભળ ૩૦
એકાન્તિક જે ભક્તિયોગવડે મને,
સેવે છે તે મારો ભક્ત ગણાય જો;
ગુણોને ઓળંગી જઇને એ વળી,
બ્રહ્મ થવાને શક્તિમાન જણાય જો. સાંભળ. ૩૧
તેમજ હું અવ્યય ને અમૃતરૂપ છું,
ધર્મજ રૂપે શાશ્વત સુખ સ્વરૂપ જો,
એકાન્તિક મૂર્તિ હું છું પરબ્રહ્મની,
તેથી હુંમાં થાશે ને તદ્રુપ જો;
તે તો પામે અવિચળ પદતો સહજમાં,
થઇને ત્રણે ગુણ થકી જ અતીત જો. સાંભળ. ૩૨

इति श्री कस्तुराविरचिते संगीत गीतायां गुणत्रय
विभागयोगो नाम चतुर्दशोऽध्यायः समाप्तः ॥

ॐ

अध्याय १५ मो.

पुरुषोत्तमयोग.

દોહરા.

શ્રી ભગવાન્ ઉવાચ.

પ્રભુ કહે છે પાર્થને, સાંભળ દઇને ધ્યાન,
આ ભવરૂપી પીપળો, તેનું કહું છું જ્ઞાન.

શ્રુતિઓને સ્મૃતિઓ કહે, ઊંચાં તેનાં મૂળ,
શાખાઓ નીચે વળી, એવું જેનું સ્થૂળ.
વેદો જેનાં પાંદડાં અવ્યય કહે છે એજ;
વેદવિત્ છે તે ખરો, આને જાણે તેજ. ૧
નીચે ઉંચે તેમની, શાખાઓ પ્રસરેલ;
ગુણોથી અત્યંત એ, વૃદ્ધિ છે પામેલ.
પલ્લવવાળી છે વળી, વિષયોરૂપી એજ;
મૂળો નીચે ઉપરે, પરોવાયલાં છેજ.
મનુષ્યને આ લોકમાં, ઉત્તરોત્તર નિરધાર;
કર્મોરૂપી બંધનો, ઉત્પન્ન છે કરનાર. ૨
આ ભવમાં જે પ્રાણીઓ, તેથી આનું રૂપ;
નથી શકાતું જોઇ તે, એવું આજ અનુપ.
અંતાદિ કે મધ્યને, નહિ જાણીજ શકાય;
દૃઢ મૂળવાળો પીપળો, અતિ એજ કહેવાય.
એ ભવરૂપી વૃક્ષ જે, દુઃખરૂપી કહેવાય,
તે દૃઢ વિરતિ રૂપ જે, શસ્ત્રોથી છેદાય. ૩
ત્યાર પછી પદ વિષ્ણુનું, અતિ શોધવા યોગ્ય;
તે પદમાં રહી નહિ પછી, જન્મ તણો સયોગ.
આ ભવરૂપી વૃક્ષની, માયાને આધાર;
પ્રસરેલી છે પ્રવૃત્તિ, ચિરકાળથી ધાર.
આદિ એજ પુરૂષનો, આશ્રય મારે એક;
એવું જાણી શોધવું, ઉત્તમ પદને નેક. ૪
રહિત માનને મોહથી, જીતીને સંગદોષ;
સ્વસ્વરૂપ વિચારમાં, નિત્ય રહે નિર્દોષ.

ઈચ્છાઓ જેની વળી, અતિ થયેલી નાશ;
એવા જે પુરુષો હશે, આ ભવથી ઉદાસ.
સુખ દુઃખાદિ દ્વંદ્વથી, મુક્ત અતિ જે થાય;
એવા જ્ઞાની તો પછી, શાન્તિમાંજ સમાય. ૫
જેને પામીને પછી, પુનર્જન્મ ન થાય;
એવું જાણે પાર્થ જે, તે જ્ઞાની કહેવાય.
તેને સૂર્ય ને ચંદ્રમા, અગ્નિ પણ કો વાર;
પ્રકાશતાં કદી એ નથી, તે તું નિશ્ચય ધાર.
કાંજે સર્વોત્કૃષ્ટ જે, મારું પદ કહેવાય;
સ્વયંપ્રકાશીત રૂપ તો, મારું નિત્ય ગણાય. ૬
અંશ અનાદિ મુજનો, જીવરૂપ કહેવાય;
સંસારી રૂપે સદા, રહે છે આ ભવમાંય.
માયા સ્થાની ઇંદ્રિયો, તેમાં છઠ્ઠું મન;
તેને ખેંચી જાય છે, જીવજ હે અર્જુન!. ૭
જીવાત્મા શરીરથી, બહાર જાય જે વાર;
સાથે ખેંચી જાય છે, ઇંદ્રિયો એ વાર.
પામે અન્ય શરીરને, જીવાત્મા જે વાર;
તેમાં પણ લઈ જાય છે, ઇંદ્રિયો એ વાર.
પુષ્પ વગેરે સ્થાનથી, પવન જેમ લઈ જાય;
ગંધો ને તેવી રીતે, જીવથકી પણ થાય. ૮
આંખો નાક ત્વચા અને, જીભ તથા જે કાન,
મન તેમાં છઠ્ઠું મળી, પાંચેંદ્રિયનું જ્ઞાન.
આ જીવાત્મા તેમનો, આશ્રય કરી નિરધાર;
વિષય ભોગો ભોગવે, પામીને વિકાર. ૯

અન્ય ધરીને દેહ કે, આજ દેહ મોઝાર;
ગુણવડે જે યુક્ત છે, વિષય ભોગવનાર.
મૂઢ મતિ અત્યંત જે, અજ્ઞાની છે જન;
તે નહિ જાણે આત્મા, દેહાદિથી ભિન્ન.
પણ જે જ્ઞાની હોય છે, વિવેક દ્રષ્ટિજન્ય;
તે જાણે નિજ આતમા, દેહાદિકથી ભિન્ન. ૧૦
યત્ન કરીને યોગીઓ, ચિત્ત શુદ્ધિ કરનાર;
ને નિજ બુદ્ધિ સ્થિત જે, આત્મા છે જોનાર.
અશુદ્ધ અંતઃકરણ જે, યત્ન નહિ કરનાર;
તેને કદીએ થાય ના, સ્વરૂપ સાક્ષાત્કાર. ૧૧
તેજ રહ્યું છે સૂર્યમાં, અને ચંદ્ર મોઝાર;
અગ્નિમાં પણ તેજ જે, વ્યાપિને રહેનાર.
સર્વ જગત્ ને તેજ જે, પ્રકાશ છે કરનાર;
આજ તેજ તુ જાણજે, સ્વરૂપ મમ નિરધાર. ૧૨
પ્રવેશ પૃથ્વિમાં કરી, નિજ શક્તિ આધાર;
હુંજ સર્વ આ લોકને, ધારણ છું કરનાર.
રસમય ચંદ્રસ્વરૂપને, ધારી ખે[1] મોઝાર;
સર્વે ઔષધિઓ વિષે, પુષ્ટિ હું કરનાર. ૧૩
રહીને સર્વે જીવના, દેહોને આધાર;
હુ જઠરાગ્નિરૂપ થઈ, સર્વેમાં રહેનાર.
પ્રાણ અપાનવડે વળી, પ્રજ્વલિત થઇ હુંજ;
ચાર વિધિના અન્નને, પાચન કર્તા છુંજ. ૧૪

[1] આકાશ.

હું સર્વના હૃદયમાં, પેઠેલો છું નિત્ય;
જીવાત્મારૂપે વળી, હું છું ક્લેશરહિત.
વિસ્મૃતિ અજ્ઞાનને, સ્મૃતિ અને જે જ્ઞાન;
ઉદ્‌ભવ એનો થાય છે, હુજથકી તું માન.
(સર્વ) વેદવડે હુ જાણવા, લાયક છુ હે તાત!
પ્રેરક હું વેદાન્તના, સંપ્રદાયનો ભ્રાત.
સર્વને હું જ્ઞાનનો, દેનારો છું જાણ;
વેદોનો જ્ઞાતા મને, કુન્તાસુત પ્રમાણ. ૧૫
આ ભવમાં પુરુષ એ, ક્ષર ને અક્ષર જાણ;
તેમાં જે ક્ષરરૂપ તે, ભૂતો સર્વ પ્રમાણ.
કારણરૂપે જે વળી, માયા છે અર્જુન;
તે અક્ષર કહેવાય છે, હે કુન્તાના તન. ૧૬
ક્ષર અક્ષર એ બેઉથી, વિલક્ષણ જે રૂપ;
પરમાત્મા કહેવાય તે, ઉત્તમ એજ સ્વરૂપ.
પ્રવેશ ત્રણે લોકમાં, કર્તા ઇશ્વરરૂપ;
ધારણ સહુને તે કરે, નિર્વિકાર સ્વરૂપ. ૧૭
ક્ષરને ઓળંગી ગયો, જે કારણથી હુજ;
અક્ષરથી પણ હુ વળી, ઉત્તમરૂપે છુંજ.
એ કારણ આ લોકમાં, અને વેદમાં સિદ્ધ;
પુરૂષોત્તમ એ નામથી, થયો છું હુજ પ્રસિદ્ધ. ૧૮
થઇને મોહરહિત જે, હે કુંતાના તન?;
પુરૂષોત્તમરૂપે મને, જાણે જ્ઞાની જન.
અનન્ય ભક્તિયોગથી, મુજને જે ભજનાર,
તે તો થઇ સર્વજ્ઞને, પામે ભવનો પાર. ૧૯

એજ પ્રમાણે આ કહ્યું, શાસ્ત્રરૂપ હે તાત ?
છાનામાં છાનું તને, તત્ત્વજ આ સાક્ષાત્
જાણી આને થાય છે, મેધાવી તે જન;
અને થાય કૃત કૃત્ય એ, હે કુન્તાના તન ! ૨૦

इति श्रीकस्तुरविरचिते संगीत गीतायां पुरुषोत्तमयोगो नाम पंचदशोऽध्यायः समाप्तः ॥

ॐ

॥ अध्याय १६ मो.

दैवासुरसंपद्विभागयोग.

શ્રી ભગવાન્ ઉવાચ.

(વૈદરભી વનમાં વલવલે એ રાહ.)

યોગસ્થને [૧]તપ [૨]અભયને, [૩]ચિત્તશુદ્ધિ ને [૪]જ્ઞાન,
[૫]યજ્ઞ ને [૬]દમ વળી [૭]સરળતા [૮]સ્વાધ્યાય ને [૯]દાન;
દૈવી છે સર્વ આ સંપત્તિ. ૧
[૧૦]સત્ય [૧૧]અહિંસા [૧૨]અક્રોધને સૌના [૧૩]ગુણમાં રાગ,
[૧૪]ભૂતદયા ને [૧૫]નિર્લોભ ને વળી [૧૬]શાન્તિ ને [૧૭]ત્યાગ. દૈવી છે.
[૧૮]લોકની લાજ અકાર્યમાં [૧૯]ક્રૂરભાવરહિત,
[૨૦]કાર્યવિનાનું ચપળપણું કદી થાય ન ચિત્ત; દૈવી છે. ૨
[૨૧]ધીરજ [૨૨]તેજ [૨૩]ક્ષમા અને [૨૪]પવિત્રાઇસહિત,
[૨૫]પૂજ્યપણાની ન ભાવના અને દ્રોહ રહિત; દૈવી છે.

દૈવી સંપત્તિને મેળવી [૨૬]જન્મેલા જે જન,
તેનેજ પ્રાપ્ત આ થાય છે હે કુંતાજીના તન ! દૈવી છે. ૩
ધર્મનો ડોળ દેખાડવો ગર્વ ને અભિમાન,
કઠણ વચન કહેવું કોઇને ક્રોધ ને જે અજ્ઞાન;
આસુરી સર્વ આ સંપત્તિ.
તેવી સંપત્તિને મેળવી જન્મેલ જે જન,
તેનેજ પ્રાપ્ત આ થાય છે હે કુંતાજીના તન ! આસુરી. ૪
મોક્ષ દેનારી તે સંપત્તિ દૈવી જે કહેવાય,
સર્વ મનુષ્યને જેવડે નક્કી બંધન થાય; આસુરી.
શોક નહિ કર તું હવે હે કુંતાજીના તન !
જન્મેલ છો તુ તો મેળવી કહું સત્ય વચન; દૈવી છે. ૫
સૃષ્ટિ છે બેજ પ્રકારની આ સંસારની માંહ્ય,
એક આસુરી ને અન્ય તો દૈવી જે કહેવાય; દૈવી છે.
તેમાં વિસ્તારથી મેં કહ્યો દૈવી સૃષ્ટિનો સાર,
સાંભળ પાર્થ મારા થકી કહું જે હું વિસ્તાર; આસુરી. ૬
ધર્મ અધર્મ જાણે નહિ એતો અસુર જન,
જાણે ન સત્ય આચાર કે કહું કુંતાના તન; આસુરી. ૭
સૃષ્ટિના કર્તા ઇશ્વર નથી એવુ માની તે જન,
સ્ત્રીને પુરુષના યોગથી સૃષ્ટિ થાય ઉત્પન્ન;
એમ કહે છે અસુર જનો.
[1]કામજ હેતુ છે સૃષ્ટિની ઉત્પત્તિમાં-એક,
કારણ બીજું કંઇએ નથી દુષ્ટબુદ્ધિ દરેક; એમ કહે છે. ૮

---

[1] ઇચ્છા.

એજ દષ્ટિના આશ્રિતને જેનાં મેલાં છે મન,
અલ્પ મતિ વળી એમની ઉગ્ર કર્મી જે જન;
આસુરી સંપત્તિ મેળવી.
શત્રુઓ સર્વના નાશને માટે આ જગમાંહ્ય,
વ્યાઘ્ર સર્પાદિરૂપે પછી એતો ઉત્પન્ન થાય;
આસુરી સર્વ આ સંપતિ. ૯
આશ્રય અતૃપ્ત કામનો જે કરીજ રહેલ,
માન અને દંભ મદવડે જે કો યુક્ત થયેલ; આસુરી.
અપવિત્ર વ્રત કરનાર તે અવિવેકી અસત્ય,
નિશ્ચયો ગ્રહણ કરી કરે વેદ વિરૂદ્ધ કૃત્ય; આસુરી. ૧૦
મૂવે આવે અંત જેહનો એવી ચિંતા અપાર,
તેને આધારે વિષયતણા ભોગ ભોગવનાર; આસુરી.
વિષયજન્ય જે સુખ છે તેજ એ માનનાર,
પરમ પુરુષાર્થ તેઓ વળી નિશ્ચય કરનાર; આસુરી. ૧૧
અનેક આશારૂપી પાશથી બંધાએલા જે દીન,
થઇને પરાયણ કામને વળી ક્રોધ આધીન; આસુરી.
વિષય ભોગને કારણે હે કુન્તાજીના તન ?
અન્યાયથી દ્રવ્ય મેળવું એવી ઇચ્છાઓ મન; આસુરી. ૧૨
આજ મેં આ ધન મેળવ્યું એવું માની ને મન,
શીઘ્ર મનોરથ પુરા કરું આ છે મારુંજ ધન; આસુરી.
આવતે વર્ષે વળી ઘણું હું તો પામીશ ધન,
મનના વિચારો કરે ઘણા એવા અસુર જન; આસુરી. ૧૩
શત્રુ હણ્યા ને હણીશ હવે બીજા હું બળવાન્,
સુખી હું ભોગી ને સિદ્ધ હું હુંજ એશ્વર્યવાન્; આસુરી. ૧૪

હુ કુળવાન્ છું ને વળી હુજ છું ધનવાન્,
ઉત્તમ કુલીન કોણુ છે બીજો મુજ સમાન; આસુરી.
હર્ષ પામીશ હુ તેવડે કરી ત્યાગને દાન,
મોહ પામેલા તેઓ કહે એવી રીતે અજ્ઞાન, આસુરી. ૧૫
નાના પ્રકારના ચિત્તમાં કરે દુષ્ટ વિચાર,
નાના પ્રકારની ભ્રાન્તિને પામેલા નિરધાર; આસુરી.
વીટાયેલા મોહ જાળમાં પ્રીતિ (વિષય) ભોગનીમાંય,
અપવિત્ર નર્ક કહેવાય જે પછી પડશે તે માંહ્ય; આસુરી ૧૬
પોતે પોતાની મેળે વળી પૂજ્ય થઇને પૂજાય,
વિનયરહિત ધનમાનને મદથી યુક્ત કહેવાય; આસુરી.
નામજ માત્ર યજ્ઞોવડે તેઓ વિધિ રહિત,
દંભથી યજન કરેજ છે મદ માનસહિત; આસુરી. ૧૭
ગર્વ અહંકાર બળ અને કામ ક્રોધ આશ્રિત,
ગુણમાં દોષ આરોપતાં પડે નર્કમાં નિત્ય; આસુરી.
કાંજે સ્વ પરના હું દેહમાં હે અર્જુન છું રહેનાર,
તો પણ મારો અતિશય દ્વેષ છે કરનાર; આસુરી ૧૮
ક્રુર ને નરમાં કનિષ્ઠ જે દ્વેશ છે કરનાર,
નિત્ય અશુભ કર્મો વળી તેઓ આચરનાર; આસુરી.
તેને હું નર્કના માર્ગમાં ફેંકું છું નિરધાર,
આપું અધમ યોનિઓવિષે પછી હું અવતાર; આસુરી. ૧૯
પામીને આસુરી યોનિઓ જન્મોજન્મ તે જન,
મૂઢ થઇને તે અવતરે હે કુંતાજીના તન ! આસુરી.
પામે નહિ કદી મુજને હું જે વેદસ્વરૂપ,
પામે પરંતુ અધમગતિ વાઘ સર્પાદિરૂપ; આસુરી. ૨૦

એવાને અધમગતિતણી પ્રાપ્તિ છે કરનાર,
ત્રણ પ્રકારના નર્કનાં આ હે પાર્થ ! છે દ્વાર, આસુરી.
કામ ને ક્રોધ અને વળી લોભ જે કહેવાય,
એજ કારણ ત્યાગ ત્રણનો એ ઉચિત ગણાય, આસુરી ૨૧
નર્કના સાધનભૂત જે એ ત્રણેથી જે જન,
અત્યત છુટો થયેલ તે હે કુંતાજીના તન !
દૈવી છે સર્વ તે સંપત્તિ
આચરી નિજના શ્રેયને પામી મુજને તે જન,
પરમ ગતિનેજ પામશે હે કુંતાજીના તન ! દૈવી છે. ૨૨
શાસ્ત્ર વિધિનો પુરુષ જે કરીને પરિત્યાગ,
થઇને સ્વચ્છંદી જે વિચરે રાખી કામમાં રાગ: આસુરી.
ચિત્તશુદ્ધિ તેની થાય ન તેમ પામે ન સુખ,
શ્રેષ્ઠ ગતિ નહિ પામતા એતો પામે છે દુ:ખ, આસુરી.૨૩
તેથી તારે કાર્યાકાર્યની વ્યવસ્થાની મોઝાર,
કેવલ શાસ્ત્ર પ્રમાણ છે એમ નિશ્ચય ધાર;
આ બે કહી તને સંપત્તિ.
શાસ્ત્રે વિધાન કરેલ જે અહિં જાણીને કર્મ,
યુદ્ધાદિ કરવાને યોગ્ય છે હવે તારોજ ધર્મ.
મેં કહી આ તને સંપત્તિ. ૨૪

इति श्रीकल्याणविरचिते संगीत गीतायां दैवासुर-
संपद्विभागयोगो नाम षोडशोऽध्यायः समाप्तः ॥

ॐ

॥ अध्याय १७ मो ॥

श्र[illegible]त्रयाविभागयोग.

રાગ રૂક્ષ્મણી વિવાહનો.

અર્જુનઉવાચ.

કહે અર્જુન હે અવિનાશી રે, જે કોઇ શાસ્ત્ર વિધિના વિનાશી રે;
યુક્ત થઇને જે શ્રદ્ધાથી પુજે રે, (તેઓની) કયા પ્રકારની નિષ્ઠા એ કીજે રે;
સત્વગુણીએ શ્રદ્ધા કહેવાયરે, કે તે રાજસી તામસી થાય રે. ૧
હવે બોલ્યા છે શ્રી ભગવાન્ રે, જે જનોને છે દેહાભિમાનરે;
તે પ્રકૃતિજન્ય તું ધાર રે, કહુ શ્રદ્ધાના ત્રણુ પ્રકારરે;
સત્વગુણીને રાજસી એમ રે. વળી સાંભળ તામસી તેમ રે. ૨
સૌની અંત કરણુ અનુસાર રે, શ્રદ્ધા થાય છે પાર્થ તુ ધાર રે,
જેજે શ્રદ્ધાવાળો જન થાય રે, તે તે શ્રદ્ધાવાળો કહેવાય રે. ૩
જે કોઇ દેવોને છે પુજનાર રે, તેને સાત્વિકી શ્રદ્ધા પાર્થ તું ધાર રે:
યક્ષ રાક્ષસો જે પૂજનાર રે, તેને રાજસી (શ્રદ્ધા) પાર્થ તું ધાર રે;
ભૂત પ્રેતના ગણુ પુજનાર રે, તેને તામસી (શ્રદ્ધા)પાર્થ તું ધાર રે. ૪
દંભ ને અહંકાર સંયુક્ત રે, કામ રાગ ને બળવડે યુક્ત રે;
એવા જે જનો શાસ્ત્રનિષિદ્ધ રે, કરે ઘોર એ તપને પ્રસિદ્ધ રે. ૫
અને દેહમાં જે રહેનાર રે, ભૂતગણુને (શરીરના અવયવો) તે કૃષ કરનાર રે;
અને દેહ અંદર હું રહેનાર રે, તેને પણુ છે એ કૃષ કરનાર રે;
અને જે જનો છે અવિવેકી રે, જાણુ દુષ્ટ નિશ્ચયવાળા નકકી રે. ૬
હવે સર્વનો પ્રિય આહાર રે, તેના સાંભળ ત્રણુ પ્રકાર રે;

તથા તપ યજ્ઞ ને દાનના ધાર રે, તેના પણ કહું ત્રણ પ્રકાર રે;
ભેદ સાત્વિક આદિ હું તેના રે, કહું સાંભળ અન્ન છે એના રે. ૭
સત્વ બળ ને આયુષ્ય છે જેમાં રે, અને આરોગ્યને સુખ તેમાં રે;
અને રુચિ વધારે છે એવા રે, અને સ્વાદિષ્ટ પણ વળી તેવા રે.
જે છે સ્નિગ્ધને સ્થિર રહેનાર રે, અને હૃદય પ્રસન્ન કરનાર રે;
એવા આહારો કહ્યા છે જેહ રે, પ્રિય સાત્વિકનેજ છે તેહ રે. ૮
અતિ કડવા ખાટા અને ખારા રે, અતિ ઊના જે દુઃખ દેનારા રે;
અતિ તીખા લુખા ને દાહ કરનારા રે, દુઃખ શોકને રોગ થનારા રે;
એવા આહારો કહ્યા છે જે જે રે, પ્રિય રાજસનેજ છે તેહ રે. ૯
અર્ધપક્વિને રસરહિત રે, અને દુર્ગંધવાળુંજ નિત્ય રે;
ટાઢું એઠું યજ્ઞોને અયોગ્ય રે, એવું ભોજન તામસજોગ રે. ૧૦
જે કોઈ ફળની ઇચ્છાથી રહિત રે, (તેને) કરવુ યજન જરૂર ઉચિત રે;
એમ નિશ્ચય મનને કરીને રે, શાસ્ત્ર આજ્ઞાને ચિત્ત ધરીને રે;
અનુષ્ઠાન યજ્ઞોનું કરાય રે, એજ સાત્વિક યજ્ઞ કહેવાય રે. ૧૧
વળી ફળને ઉદ્દેશે કરીને રે, અને દંભાર્થે જે આદરીને રે,
પણ જે અનુષ્ઠાન કરાય રે, તેતો (હે પાર્થ!) રાજસયજ્ઞ ગણાય રે. ૧૨
વેદ વિધિથી પણ જે રહિત રે, વળી અન્નના દાનથી રહિત રે;
મંત્રને જે દક્ષિણારહિત રે, અને શ્રદ્ધાથી અત્યંત રહિત રે;
એવા યજ્ઞને વેદના જ્ઞાતા રે, કહે તામસ યજ્ઞ ગણાતા રે. ૧૩
દેવ દ્વિજ ગુરુને ધીમાન રે, તેને પૂજીને દેવું જે માન રે;
પવિત્રાઇને વિનયસહિત રે, બ્રહ્મચર્યને હિંસા રહિત રે;
જે જે દેહ સબંધી થાય રે, શારિરીક તે તપ કહેવાય રે. ૧૪
અને ઉદ્વેગ નહિ કરનારું રે, સત્ય પ્રિય ને હિત થનારું રે;
એવું વાક્ય ને વેદ ભણાય રે, તેતો વાચિક તપ કહેવાય રે. ૧૫

રહે પ્રસન્નતા ભર્યું મન રે, વળી સૌમ્યપણું ને જે મૌનરે,
મનોનિગ્રહને ચિત્તશુદ્ધિ રે, તપ માનસ કહે છે પ્રબુદ્ધિ રે. ૧૬
ફળાઇચ્છાથી જે છે રહિત રે, હોય જેનું એકાગ્રજ ચિત્ત રે,
એવા પુરુષ એ જે છે કરેલ રે, શ્રેષ્ઠ શ્રદ્ધાવડે આદરેલ રે,
તપ ત્રણ પ્રકારનું જે છે રે, તેને સાત્વિક તપ એમ કહે છે રે. ૧૭
માન સત્કાર પૂજાવામાટે રે, કરે તે તપ દાંભિક સાટે રે;
તપ રાજસ તે કહેવાય રે, ફળ આપે છે આ લોકમાય રે;
એવું ફળ તે ચલિત કહેવાય રે, તેથી નાશ એ ફળનો તો થાય રે. ૧૮
દુરાગ્રહથી જે જે તપ કરતા રે, નિજ દેહાદિને પીડા ધરતા રે;
અન્યના નાશઅર્થે કરાય રે, તેતો તામસી તપ કહેવાય રે. ૧૯
દાન અવશ્ય કરવું ઉચિત રે, એવી રીતનો નિશ્ચય ચિત્ત રે,
દેશ ઉત્તમ કાળમાં દાન રે, કરે નિસ્પૃહીને દઇ માન રે,
સત્પાત્રને દાન અપાય રે, તે તો સાત્વિકી એમ કહેવાય રે ૨૦
સામા આભાર મટે અપાયરે, કાંતો ફળને ઉદ્દેશીને થાયરે,
ક્લેશયુક્ત અતિ જે દેવાયરે, તે તો રાજસી દાન કહેવાય રે, ૨૧
અપવિત્ર જે કાળ ને દેશરે, જેમાં પાત્રપણું નહિ લેશ રે,
તેવા જનનું કરે અપમાન રે, અવજ્ઞા કરી આપવું દાન રે,
એવું દાન તમોગુણી જેછે રે, તેને જ્ઞાનીઓ તામસી કહે છે રે ૨૨
ૐ તત્સત્ એવીજ રીતે રે, ત્રણ અવયવ વાળું જે નિત્ય રે,
એવું બ્રહ્મનું નામ સ્મરીને રે, પ્રજાપતિએ તો તેણે કરીને રે,
પૂર્વે બ્રાહ્મણો વેદો ને યજ્ઞ રે, કર્યા ઉત્પન્ન હે સ્થિતપ્રજ્ઞ રે. ૨૩
માટે એજ શબ્દ ઉચ્ચારી રે, વેદવેત્તાઓ વેદ વિચારી રે,
વિધિ પૂર્વક યજ્ઞ ને દાન રે, તેમાં પ્રવૃત્તિ કરતા ધીમાન રે,
તપરૂપ ક્રિયાઓ તો નિત્ય રે, કરે તે પછી પ્રેમસહિત રે. ૨૪

જે કોઇ મોક્ષને છે ઇચ્છનાર રે, તત્ એ શબ્દોનો કરતા ઉચ્ચાર રે;
ફળ ઇચ્છા નહિ મનમાંય રે, તપ યજ્ઞ ને દાન કરાય રે;
વિધ વિધ ક્રિયાના પ્રકારરે, એજ વર્ણવ્યા છે આ વિસ્તાર રે ૨૫
સાધુભાવ ને સદ્‌ભાવમાંયરે, (હેપાર્થ) સત્ એ રીતનો શબ્દ જોડાયરે,
અને શ્રેષ્ઠ જે કર્મ કહેવાય રે, તેમાં પણ સત્ એ શબ્દ જોડાય રે. ૨૬
યજ્ઞ દાન અને તપમાંય રે, સ્થિતિ તે પણ સત્ એ કહેવાય રે;
શ્રદ્ધા રહિત કર્યાં હોમ દાન રે, અને આદર્યું તપ હે ધીમાન રે, ૨૭
અને જે જે શ્રદ્ધાથી રહિત રે, કર્યાં કર્મ ભોગવે સહિત રે;
પરલોક ને આ લોકમાંય રે, ફળ પ્રાપ્તિ તેને નહિ થાય રે;
એવાં કર્મ હે પાર્થજ હોય રે, તે અસત્ છે એમ ન કહેવાય રે, ૨૮

**इति श्री कस्तुर विरचिते संगीत गीतायां श्रद्धात्रय-
विभागयोगो नाम सप्तदशोऽध्यायः समाप्तः ॥**

ॐ

अध्याय १८ मो.

संन्यासयोग.

નારદ સ્વર્ગભૂમિથી આવ્યા. એ રાહ.

કહે અર્જુન હે શ્રીમોરારી ! હે શ્રીકૃષ્ણ હે કેશિ હેતારી !
હવે સંન્યાસનો જે ત્યાગ; (અને) તેનાં તત્વને ભિન્ન ભિન્ન ભાગ
ઇચ્છું જાણવા હું ભગવાન, માટે કહેશો કૃપાનિધાન. ૧
હવે બોલ્યા છે શ્રીભગવાન, હોય પાર્થ જેઓ વિદ્વાન;
તેઓ કામ્ય કર્મોનો જે ત્યાગ, તેને જાણે છે નિત્ય વિરાગ;

ને વિચારમાં કુશળ જેહ, સહુ કર્મતણાં ફળ તેહ;
તેવાં ફળનો કરે છે જે ત્યાગ, તેને જ્ઞાની કહે છે વિરાગ. ૨
જે જે દોષિત કર્મ જણાય, તે તો ત્યાગવાયોગ્ય ગણાય;
એમ કંઈક બુદ્ધિમાનો કહે છે, દાન યજ્ઞને તપ રૂપ જે છે;
કર્મ ત્યાગવાં યોગ્ય નથી તે, એમ બીજા બુદ્ધિમાનો કહે છે. ૩
એજ ત્યાગમાં મારા હે પાર્થ, કહું નિશ્ચય સુણ તું સત્યાર્થ,
કહ્યા ત્યાગના ત્રણ પ્રકાર, તારા મનમાંહે પાર્થ તું ધાર. ૪
દાન યજ્ઞ ને તપ રૂપ જેહ, કર્મ ત્યાગવા યોગ્ય ન તેહ;
પણ કરવાજ યોગ્ય છે એહ, દાન યજ્ઞને જે તપ તેહ;
કાંજે ફળની ઇચ્છાથી રહિત, એવા જનને તે કરતા પવિત્ર. ૫
વળી કર્તાપણાનો જે ગર્વ, અને ઇચ્છાઓ ફળની તો સર્વ;
તેને ત્યાગીને કર્મો તો કરવાં, ફળ ઇચ્છાથી નહિ એ આદરવાં,
એમ નિશ્ચિત મત છે મારો, અતિ શ્રેષ્ઠ હેપાર્થ! વિચારો. ૬
ફરી નિત્ય કર્મોનો તો ત્યાગ, નથી સંભવનો હે મહાભાગ!,
કરે મોહથી જો પરિત્યાગ, કહ્યો તામસ તેતો વિરાગ. ૭
દુઃખરૂપ આ કર્મોને જાણી, દેહમાં કલેશનો ભય આણી;
ત્યાગ કર્મોનો જેથી કરાય, એ તો રાજસત્યાગ ગણાય;
એવો ત્યાગ કરે કોઇવાર, ફળ ત્યાગનું નહિ મળનાર. ૮
કરવા યોગ્ય છે માનીને એમ, ત્યાગી સંગ ને ફળનેજ તેમ;
નિત્ય કર્મ જો પાંડવ થાય, ત્યાગ સાત્વિક એ કહેવાય. ૯
ત્યાગી સત્વગુણેથી જ્યારે, સારી રીતે વ્યાપ્ત થાય ત્યારે;
તત્ત્વજ્ઞાની જે પુરુષ થાય, તેના સંશયો સર્વ છેદાય;
એવો થાય છે જ્ઞાની તો જ્યારે, કર્મ નિષિદ્ધ નિંદે ન ત્યારે;
તેમ વિહિત કર્મમાં પ્રીતિ, નથી રાખતો એવીજ રીતિ. ૧૦

દેહના અભિમાનીથી નિશ્ચે, અવશેષ ન રહે એવી રીતે;
ત્યાગ કર્મતણો જે કરવો, એતો શક્ય નથી એમ ગુણવો;
માટે કર્મના ફળનો જે ત્યાગ, કહ્યો નિશ્ચય એજ વિરાગ. ૧૧
ગૌણ સંન્યાસીઓ હોય ત્યારે, તેતો [1]પંચત્વ પામે છે ત્યારે;
ઇષ્ટ નિષ્ટ ને મિશ્ર કહેવાય, ત્રિધ. કર્મનું ફળ તેને થાય;
મુખ્ય સંન્યાસીઓને કો વાર, ફળ ત્રિધા નથી મળનાર. ૧૨
(હે પાર્થ!) સર્વ કર્મોની સિદ્ધિને કાજ, હવે કહું છું તે સાંભળ આજ,
જે છે કર્મોનાં કારણ પાંચ, કર નિશ્ચય હુંથી તું ખાસ;
જેને વેદાંત શાસ્ત્રો કહેલ, (જે કારણો) સર્વ કર્મ સમાપ્ત થયેલ. ૧૩
અધિષ્ઠાન ને કર્તા જેહ, નાનાવિધિના કર્ણ છે તેહ;
અને નાના પ્રકારની એમ, ભિન્ન ભિન્નજ ચેષ્ટાઓ તેમ,
માંહે પાંચમુ દૈવ ગણાય, (આ) પાંચ કર્મનાં કારણ થાય. ૧૪
મન વાણી શરીરથી કર્મ, કરે ધર્મ કે કરતા અધર્મ;
એવાં કર્મ જે જનથી કરાય, તેનાં પાંચ હેતુ આ ગણાય. ૧૫
એમ કરતાં સૌ કર્મો મોઝાર, એક આત્માનેજ કર્તા જોનાર,
એવો વિવેક બુદ્ધિજ્ઞાન, તેને કર્તા પણાનું ન માન;
પણ દુર્મતિવાળો જે કોય, શાસ્ત્રજન્ય વિવેક ન હોય,
તેતો જાણે પોતાનેજ કર્તા, પણદેખે ન આત્મા અકર્તા. ૧૬
હુંજ કર્તા એવી નથી વૃત્તિ, તેની બુદ્ધિ નથીજ લેપાતી;
હણે લોકને પણ નથી હણતો, નથી પાપવડે એ બંધાતો. ૧૭
જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાતા એજ, પ્રવર્તક ત્રણ કર્મના છેજ;
કર્મ કર્ણ ને કર્તા ગણાય, ત્રણ કર્મનો આશ્રય જણાય. ૧૮

---

૧ પાંચ ભુતરૂપી સ્થૂળ શરીર છોડયા પછી.

સાંખ્યશાસ્ત્રમાં વર્ણવ્યા જેહ, જ્ઞાન કર્મને કર્તા તેહ,
ગુણ ભેદે કરી નિરધાર, કહેવાય છે ત્રણ પ્રકાર,
એને પણ તું બરાબર સુણ, (ત્રણ–જ્ઞાન) કહુ ભેદે કરીને હું ગુણ. ૧૯

પરસ્પરમાં જે છે ભેદવાન, સર્વ ભૂતોમાં વ્યાપ્ત સમાન;
એક અવ્યયભાવને જેહ, જુવે જ્ઞાનીઓ જે હોય તેહ,
એવું જ્ઞાન તે સાત્વિક જાણ, પૃથા પુત્ર તું સત્ય પ્રમાણ. ૨૦

સર્વ દેહમાં સ્થિત જે એક, તેને જુવે જે રૂપે અનેક,
જેમાં સુખ ને દુઃખ જણાય, તેનો રાજસ જ્ઞાન ગણાય. ૨૧

એક દેહ કે મૂર્તિની માંય, આજ આત્મા છે એમ મનાય;
કાં તો આજ છે ઇશ્વર આવું, એકમાંજ સંપૂર્ણ મનાવું,
યુક્તિહીન પરમાર્થરહિત, હોય જ્ઞાન જે આગ્રહસહિત,
એવું જ્ઞાન જ્યાં ઉત્પન્ન થાય, તે તો રાજસ જ્ઞાન કહેવાય. ૨૨

(ત્રણ–કર્મ) ફળ ઇચ્છાવિના સંગરહિત, રાગદ્વેષવિના રૂડી રીત;
નિત્ય કર્મ તો જેથી કરાય, તેતો સાત્વિક કર્મો કહેવાય. ૨૩

સકામી જે જનો અહંકારી, ફળનીજ ઇચ્છા મન ધારી;
કર્મ કરતાં બહુ ક્લેશ થાય, તે તો રાજસ કર્મ કહેવાય. ૨૪

પરિણામનો નહિ જ્યાં વિચાર, નાશ દ્રવ્યને બળનો થનાર;
અને હિંસા જેઓ કરનાર, એનો કરતા ન કદી એ વિચાર·
મોહથી જે કર્મારંભ થાય, તે તો તામસી કર્મ કહેવાય. ૨૫

(ત્રણ–કર્તા) ફળેચ્છા મન નહિ ધરનાર, હું છું કર્તા કદી ન કહેનાર,
ધરી ધીરજ ઉત્સાહસહિત, સિદ્ધાસિદ્ધમાં વિકારરહિત,
એવો કર્મનો કર્તા જે હોય, તે તો સાત્વિક કર્તા કહેવાય. ૨૬

જેનું કર્મના ફળમાં છે ચિત્ત, અને લોભી ન હિંસામાં પ્રીત;
પવિત્રાઇપણેથી રહિત, વળી હર્ષ ને શોકસહિત;
એવો કર્તા જે કોઇ કહેવાય, એનો રાજસ કર્તા ગણાય. ૨૭

અવિવેકી ને ગાફલ જેહ, વળી ઉદ્ધત ને શઠ તેહ;
પૂજ્ય સામું વળી બોલનાર, બીજાનું અપમાન કરનાર;
દીર્ઘસૂત્ર ને આળસુ જેહ, કહ્યો તામસ કર્તા છે તેહ. ૨૮

(ધૃતિ બુદ્ધિ) કહું બુદ્ધિ (ને) ધૃતિના આચાર, ગણી ગુણથી ત્રણ પ્રકાર.
તેના ભેદ જુદા જુદા થાય, તે તો સર્વ મારાથી કહેવાય;
માટે આવા જે સત્ય વચન, સુણ જે હે કુંતાજીના તન ! ૨૯

જાણે પાર્થ જે બુદ્ધિની વૃત્તિ, આ છે પ્રવૃત્તિ ને આ નિવૃત્તિ;
અને કાર્ય અકાર્યને તેમ, જાણે ભય ને અભય પણ એમ;
જેથી બંધ ને મોક્ષ જણાય, એ તો સાત્વિક બુદ્ધિ જણાય. ૩૦

આ તે ધર્મજ છે કે અધર્મ, જેની બુદ્ધિ ન જાણે આ મર્મ;
અને કાર્ય અકાર્ય ને એમ, વાસ્તવિક ન જાણેજ તેમ;
એવી બુદ્ધિ હે કુંતાના તન ! જાણે રાજસ હોય જે જન. ૩૧

થઇ અજ્ઞાને આચ્છાદિત, જેની બુદ્ધિ હે પાર્થ ? તો નિત્ય;
તે તો માની અધર્મ ને ધર્મ, કરે સર્વ તે અવળાં જ કર્મ,
માને બીજા જે અર્થો વિપરીત, એ તો તામસી બુદ્ધિની રીત. ૩૨

પ્રાણ ઇંદ્રિયો ને વળી મન, તેની ક્રિયાઓ હે અર્જુન !
વ્યભિચારવિનાની ધૃતિથી, કરે રુધન એજ રીતીથી;
એવી ધીરજ જે કહેવાય, ધૃતિ સાત્વિકી તે તો ગણાય. ૩૩

ધર્મ અર્થ ને કામ પ્રધાન, જેમાં એવા જે ધીરજવાન;
અને ધર્મ પ્રસંગમાં જેહ, રાખે આશાઓ ફળનીજ તેહ;
ધૃતિ એવી હે પાર્થ જણાય, તે તો રાજસી એમ ગણાય. ૩૪

દુષ્ટ બુદ્ધિવાળો જે જન, જે ધૃતિથી હે કુંતાના તન !
ભય નિદ્રા ને શોક છે જેહ, ને વિષાદ અને મદ તેહ;
નથી ત્યાગતો કોઇ પણ વાર, ધૃતિ તામસી એ તું ધાર. ૩૫
(ત્રણ–સુખ) હવે અભ્યાસથી જન જેહ, સુખ માંહેજ રમતા તેહ;
અને દુઃખના અંતને પામે, જેમાં શાન્તિ કરીને વિરામે.
એવા સુખના ત્રણ પ્રકાર, સુણ મારા થકી નિરધાર;
કહું હાલ હે કુન્તાના તન ! પામે સુખ જેમાં સહુ જન. ૩૬
(જે) સુખ આરંભમાં વિષ જેવું, લાગે અંતે સુધા હોય તેવું;
સુખ આત્મ બુદ્ધિજન્ય જેહ, અતિ નિર્મળતા ભર્યું તેહ,
એવા સુખનો ઉદ્ભવ થાય, તેતો સાત્વિકી સુખ કહેવાય. ૩૭
અને વિષય ઇંદ્રિયોને સંગે, સુખ જે ઉપજેલ તે અંગે;
તે આરંભમાં અમૃત જેવું, અંતે લાગે હોયજ વિષ તેવું,
તેવું સુખ તે દુ.ખદ જણાય, તે તો રાજસી એમ ગણાય. ૩૮
સુખ આરંભને પરિણામે, નિજ બુદ્ધિમાં જે મોહ પામે;
જેમાં નિંદ્રા ને આળસ રહેલ, ને પ્રમાદથી ઉત્પન્ન થયેલ;
એવું સુખ તામસ તે ગણાય, જેમાં દુ.ખ અત્યંત જણાય. ૩૯
માયાજન્ય પદાર્થ જે કોય, ત્રણ ગુણ વિનાના તે ન હોય;
ભૂ કે સ્વર્ગમાં દેવને વિષે, ગુણાતીત પદાર્થ ના દિસે. ૪૦
હવે બ્રાહ્મણ ક્ષત્રિય તેના, અને વૈશ્ય ને શૂદ્રો છે એના;
ઉપજેલા સ્વભાવથી કર્મો, તેના ગુણોથી જુદા છે ધર્મો;
તેને કહું છું હે કુન્તાના તન ! તે તુ સાંભળજે દઇ મન. ૪૧
મન ઇંદ્રિય નિગ્રહ જેહ, ક્ષમા તપ ને પવિત્રતા તેહ,
અને *આર્જવ તેમજ જ્ઞાન, અને આસ્તિકતા વિજ્ઞાન;
નવ સ્વભાવથી એ થયેલ, બ્રાહ્મણોનાં એ કર્મ કહેલ. ૪૨

* કુટિલતાથી રહિતપણું.

(ક્ષત્રિ) શૌર્ય તેજ ધૃતિ ચતુરાઇ, યુદ્ધથીજ પાછું ન હઠાય;
દાન ઈશ્વરભાવ એ સાત, એ સ્વભાવથી થયેલાં હે તાત !
એ તો ક્ષત્રિયનાં કહ્યાં કર્મ, હવે વૈશ્ય ને શૂદ્રોના ધર્મ. ૪૩
ખેતી ગૌની રક્ષા ને વેપાર, એ સ્વાભાવિક વૈશ્યના (કર્મ) ધાર;
અને શૂદ્રો ને દ્વિજોની સેવા, એ સ્વાભાવિક કર્મો છે તેવા. ૪૪
પોતપોતાના કર્મમાં જેહ, થાય નિષ્ઠાવાળો જન જેહ;
તે તો પામે છે સિદ્ધિ જ્ઞાન, નિજ કર્મમાં નિષ્ઠાવાન,
જ્ઞાન સિદ્ધિ પામ્યાનો પ્રકાર, કહું સાંભળ તું નિરધાર. ૪૫
જેથી ભૂતોની ઉત્પત્તિ થાય, જેથી સર્વ આ વ્યાપ્ત કરાય;
તેને પોતાના કર્મથી જેહ, કરે સંતુષ્ટ જે જન તેહ;
તેથી પામે છે ચિત્તની શુદ્ધિ, ત્યારે નિર્મળ થાય છે બુદ્ધિ. ૪૬
ગુણવાળો હોય પરધર્મ, તેના કરતાં છે શ્રેષ્ઠ સ્વધર્મ;
જે સ્વભાવથી ઉત્પન્ન થાય, તેવા કર્મને કરતો છતાંય;
નથી પાપને પામતો જન, તે તું જાણને સત્ય વચન. ૪૭
ઉપજેલાં સ્વભાવથી જેહ, ભલે દોષવાળાં હોય તેહ;
પણ કર્મ ન ત્યાગવાં તોય, અધિકારીઓ જે જન હોય;
કાંજે સ્વધર્મ અગ્નિની જેમ, ધૂમાડાથી ઢંકાએલ તેમ;
તે તો સામાન્ય દોષવડેજ, ઢંકાયેલાં હે કૌંતેય ! છે જ. ૪૮
સર્વત્ર આસક્તિરહિત, મન બુદ્ધિ કર્યાં જેણે સ્થિત;
જેની ઇચ્છા પામી વળી નાશ, એવો શુદ્ધ જેનો છે સંન્યાસ;
તેથી પામે છે બુદ્ધિમાન્, અતિ ઉત્તમ આત્માનું જ્ઞાન. ૪૯
સિદ્ધિ જ્ઞાનને પામેલો જેહ, પામે બ્રહ્મ તે રીતે તેહ;
કહું સંક્ષેપથી એ પ્રકાર, કર હે પૃથાસુત નિરધાર;
અને નિષ્ઠા જે જ્ઞાનની શ્રેષ્ઠ, કર નિશ્ચય તુજને છે ઇષ્ટ. ૫૦

અતિ શુદ્ધ બુદ્ધિવડે યુક્ત, અને જે જન ધૈર્ય સંયુક્ત;
શરીરાદિ નિયમમાં હે સ્થિર ! શબ્દાદિક વિષયમાં ન પ્રીત;
કરી રાગ ને દ્વેષનો ત્યાગ, રાખે નિજ સ્વરૂપમાં રાગ;
તે સ્વરૂપના સાક્ષાત્કાર, માટે શક્તિનો છે ધરનાર ૫૧
દેશ એકાન્તને સેવનાર, અલ્પ આહાર ઉત્તમ કરનાર;
જેણે જીત્યાં કાયા મનવાણી, ધ્યાન યોગ પરાયણ પ્રાણી;
સારી રીતે વૈરાગનો નિત્ય, હોય પુરૂષ જે કોઇ આશ્રિત;
બ્રહ્મ સાક્ષાત્કારને અર્થ, થાય છે પૃથાસૂત સમર્થ. ૫૨
અહંકાર ને બળનોજ તેમ, મદ કામ ને ક્રોધ એમ;
પરિગ્રહનો કરી પરિત્યાગ, અને મમતારહિત વિરાગ,
થઇ શાન્ત પુરુષ નિષ્કામે, બ્રહ્મસાક્ષાત્કારને પામે. ૫૩
બ્રહ્મરૂપ થયેલો જે જન, તેનું ચિત્ત સદાય પ્રસન્ન;
શોક ઇચ્છા કદી નથી કરતો, સર્વ ભૂતમાં સમભાવ ધરતો,
તેવો પુરુષ ઉત્તમચારી, પામે ભક્તિને લઉં હું ઉદ્ધારી. ૫૪
સત્યજ્ઞાન સ્વરૂપ હું જેહ, ભજે મુજને જે પુરુષ તેહ;
મારી ભક્તિવડે યથાસ્થિત, કરે સાક્ષાત્કાર એ રીત,
મને તત્વથી જાણી યથાર્થ, દેહપાત થયા પછી પાર્થ;
મારે વિષે પ્રવેશ કરે છે, તેથી જન્મને મર્ણ ટળે છે. ૫૫
સર્વ કર્મોને કરતો સદાય, પણ મારો જે આશ્રિત થાય;
એવો જન તે કૃપાથીજ મારી, પામે નિત્ય અવ્યય ગતિ સારી. ૫૬
સર્વ કર્મોને ચિત્તથી જેમ, કર હુમાં સમર્પણ તેમ;
અને મારે પરાયણ થઇ તું, બુદ્ધિયોગનો સ્વીકાર કર તું;
સદા મારેવિષે મન ધારી, હવે અર્જુન ચિત્ત વિચારી;
મારેવિષે તું થઇ મનવાળો, કદી લાવીશ નહિ એ કંટાળો. ૫૭

તો તું મારી કૃપાથી નિરધાર, તરી જઈશ દુસ્તર આ સંસાર;
અને જો કદી થઇ અહંકારી, હું તો પંડિત છું એમ ધારી;
તું જો મારા વચનમાં વિશ્વાસ, નહિ રાખનો પામીશ નાશ. ૫૮

અહંકારનો આશ્રયકારી, નહિ યુદ્ધ કરૂં એમ ધારી;
એવો નિશ્ચય હોય જો તારો, તો એ કેવળ મિથ્યા થનારો;
કાંજે નક્કી સ્વભાવ એ તારો, તને યુદ્ધમાં છે જોડનારો. ૫૯

ઉપજેલા સ્વભાવથી કર્મ, તેના બંધનથી થયો ભ્રમ;
તેણે મોહથી કરવાને યુદ્ધ, નથી ઇચ્છતો લઇને આયુદ્ધ;
પણ પરવશ થઇને હે પાર્થ ! તુંજ યુદ્ધ કરીશ સત્યાર્થ. ૬૦

બેસાડેલાં યંત્રોપર જેમ, જેવાં કાષ્ટનાં પૂતળાં તેમ,
સર્વ ભૂતોને માયાથી એમ, જ્યાં ત્યાં ભ્રમણ કરાવતા તેમ;
રહ્યા ઇશ્વર હે પાર્થ ! નિત્ય, સર્વ ભૂતના હૃદયમાં સ્થિત. ૬૧

હવે સર્વ પ્રકારે હે પાર્થ ! પામ પ્રભુના શરણને સત્યાર્થ;
તેની કૃપાવડે થશે જ્ઞાન, અને પામીશ શાશ્વત સ્થાન. ૬૨

તને આજ પ્રમાણે ધીમાન, કહ્યું ગુહ્યમાં ગુહ્ય મેં જ્ઞાન,
માટે આદિથી અંતસુધીમાં, તે વિચારી જો તારી બુદ્ધિમાં;
પછી તારી ઇચ્છા હોય જેમ, કરજે કુન્તાપુત્ર તું તેમ. ૬૩

વળી કહું છું હું તો ફરી વાર, અતિ સર્વથી જે ગુહ્ય સાર;
મારાં સાંભળ શ્રેષ્ઠ વચન, કાંજે તું અતિ પ્રિય છો મન;
તેથી તારાજ હિતને કાજ, હું તો કહું છું હે અર્જુન! આજ. ૬૪

રાખી મુજમાં તારું જે મન. મારું ભક્તિથી કર તું પૂજન,
અને કર તું મનેજ પ્રમાણ, તેથી પામીશ મારુંજ ધામ;
કરું સત્ય પ્રતિજ્ઞા તું પાસ, કાંજે તું મને પ્રિય છો ખાસ. ૬૫

સર્વ ધર્મને તું પરિત્યાગી, એક હુંમાંજ થા અનુરાગી;
કરું સર્વ પાપોથી હું મુક્ત, માટે થઇશ માં તું શોકયુક્ત. ૬૬

તારું હિત આમાંજ રહેલ, તેથી આ ગીતા શાસ્ત્ર કહેલ;
(પણ જે) ઇંદ્રિયોના નિગ્રહથી રહિત, જેને પરમાર્થમાં નહિ પ્રીત,
તેને બોધ ન કરવો ઉચિત, જે છે મારી ભક્તિથી રહિત;
નથી કરતો ગુરુની જે સેવા, નથી યોગ્ય એ ઉપદેશ દેવા;
અને [1]અસૂયા કરે છે જે મારી, નથી તે પણ બોધાધિકારી. ૬૭

કરે ઉત્તમ ભકિત જે મારી, ગુહ્ય શ્રેષ્ઠ આ શાસ્ત્ર વિચારી,
મારા ભકતોમાં સ્થાપન કરશે, તેવા જન તો ભવાબ્ધિ આ તરશે,
અને પામશે મુજને તેહ, નથી તેમાં કિંચિત્ સંદેહ ૬૮

વળી કોઇ પણ કુંતાના તન, મનુષ્યોમાં તે પુરુષોથી અન્ય;
મારે વિષે અતિ પ્રીતિવાળો, નથી કોઇ થવાનો શ્રદ્ધાળો;
અને મુજને પ્રિયમાં પ્રિય, બીજો એથી પૃથ્વિમાં ન હોય. ૬૯

એના આપણા સંવાદરૂપ, આજે ગીતાનું શાસ્ત્ર અનુપ;
આનો પાઠ પ્રીતેથી જે કરશે, તેતો જ્ઞાન રસ્તે અનુસરશે;
એવા જ્ઞાન યજ્ઞે કરી નિત્ય, હું તો થાઉં છું પૂજીત સપ્રીત;
જે કો પુરુષ છે પૂજનારો, તેમાં નિશ્ચય એજ છે મારો. ૭૦

જે કોઇ પુરુષ શ્રદ્ધાસહિત, અને થઇને અસૂયારહિત,
સુણે શાસ્ત્ર આ થઇ પ્રેમયુકત, તેતો સહજમાં થાય છે મુકત;
પછી પામે છે તે પુણ્યલોક, શુભ સર્વદા જ્યાં નથી શોક. ૭૧

તેં આ ગીતાનું શાસ્ત્ર હે પાર્થ!, એક ચિત્તે કરીને સત્યાર્થ;
પ્રીતે સાંભળ્યું કે નહિ તેમ, કહેજે તું હે ધનંજય ! તેમ;

---

૧ ગુણમાં દોષનો આરોપ.

મોહ અજ્ઞાનજન્ય જે તારો, દુઃખ નિત્ય હતો જે દેનારો;
પામ્યો સંપૂર્ણ નાશ કે કેમ ?, તે તું સત્ય કહે મને તેમ. ૭૨
કહે અર્જુન નમ્રપણાથી, હે અચ્યુત! મેં આપ કૃપાથી;
આવી આત્માના જ્ઞાન સ્વરૂપ, સ્મૃતિ પ્રાપ્ત કરી છે અનુપ.
તેથી મોહ પામ્યો નાશ મારો, હતો જે અતિ દુઃખ દેનારો,
માટે થઇને હું સંશય રહિત, આપ આજ્ઞામાં રહીને હું નિત્ય,
હવે પાળીશ આપ વચન, કહે અર્જુન હે ભગવન્! ૭૩
હવે સંજય કહે છે આ વાર, ધૃતરાષ્ટ્ર પ્રત્યે નિરધાર;
એમ કૃષ્ણ અર્જુનનો આજ, સુણી અદ્ભુત આવો સંવાદ;
ઉભાં થાય રૂંવાડાં તો મારાં, એવાં વાક્યો વિસ્મય કરનારાં. ૭૪
મે શ્રીવ્યાસ કૃપાથી આ પર્મ, ગુહ્યયોગનો નિશ્ચય મર્મ;
કહેતા શ્રી મુખથી ભગવાન્, હવે સાંભળ્યું સાક્ષાત્ જ્ઞાન. ૭૫
પ્રભુ પ્રાર્થના આ પુણ્યરૂપ, અદ્ભુત સંવાદ હે ભુપ !;
વારંવાર સભારી સભારી, હું તો પામું છું હર્ષજ ભારી. ૭૬
વળી કૃષ્ણ પ્રભુનું હે ભૂપ!, અતિ અદ્ભુત વિશ્વસ્વરૂપ;
હવે તેને સંભારી સંભારી, મને વિસ્મય થાય છે ભારી;
તેથી પાછો હું વારંવાર, પામું હર્ષ હું અપરંપાર. ૭૭
જે યોગેશ્વર કૃષ્ણ મોરાર, અને પાર્થ ધનુષ્ય ધરનાર;
તે જે પક્ષમાં છે હે રાજન્!, તેજ પક્ષમાં ધરજે તું મન.
રાજ્ય લક્ષ્મી વિજય ને વિભૂતી, અને થાશે અવશ્યજ નીતિ,
એમ નિશ્ચય રાય છે મારો, સામોપક્ષ પરાજ્ય થનારો. ૭૮

इति श्री कस्तुरविरचित संगीत [illegible] मोक्ष योगो-
नामाष्टादशोऽध्यायः समाप्तः ॥

સાખી.

સદ્‌ગુરૂ નાથ કૃપાવડે, થયા પૂર્ણ અધ્યાય;
અષ્ટાદશમે આત્મના, જ્ઞાનતણો મહિમાય.
ગીતા આ સંગીતના, કર્તા શ્રીભગવાન્;
તેને પ્રણમી પ્રેમથી, ધરૂ નિરંતર ધ્યાન.
વૃત્તિનો જે વેગ તે, થયો અતિશય શાન્ત,
કરી સમાપ્તિ સર્વની, હવે રહું એકાન્ત.

સમાપ્ત.

ૐ

શ્રી દાક્ષિણામૂર્તિ સ્તોત્ર સંગીત ભાષાંતર.

શ્રીકૃષ્ણનાં દર્શન કરવા આવ્યા સદાશિવ ગોકુળમાં—એ રાગ.

૧ દર્પણમાં દેખાતી નગરીની પેઠે નિજાંતરમાંહ્ય,
સ્થિત વિશ્વને જ્યમ નિદ્રાએ કરી બહાર જેવું દેખાય. ૧
તેમ આત્મામાં સ્થિત જગતને માયાને લીધે આ બહાર,
ઉદ્‌ભવની પેઠે દેખાતાં છતાં પરંતુ જે આ વાર. ૨
વિશેષ જ્ઞાન સમયમાં અદ્વયરૂપ અખંડિત નિર્વિકાર,
પોતાનો આત્મા જે તેનો કરાવતા જે સાક્ષાત્કાર. ૩
તે શ્રીગુરૂની મૂર્તિરૂપ શ્રીદક્ષિણા મૂર્તિ સાક્ષાત્,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૪
૨ જેમ રહેલું કારણરૂપે બીજકની અંદર અંકુર,
તેમજ પૂર્વે નિર્વિકલ્પ હતું આ દસ્ય જગતનું નુર. ૫
(પછી) માયાથી કલ્પિત દેશને કાળતણી કલ્પના વડે,
વિચિત્રતાએ કરી વિલક્ષણની પેઠે ઉત્પન્ન કરે (છે). ૬

જે માયાવીની પેઠે ને મહાયોગીની પેરે તે,
નિજ ઇચ્છાએ કરી કરે છે વિલાસને ઉત્પન્ન પોતે. ૭
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત્,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૮
૩ જેનું સ્ફુરણ સત્યરૂપ છે છતાં અસત્‌ના જેવાં જે,
પદાર્થ સર્વમાં એ તત્ત્વજ પરોવાયલું ભાસે છે. ૯
અને વળી જે તત્ત્વમસિ એ વેદતણાં વાક્યોજ વડે,
આશ્રીતો જે શરણે આવે તેને સાક્ષાત્ બોધ કરે. ૧૦
કે જેના સાક્ષાત્કારથી આ ભવરૂપી સાગર માંહ્ય,
લીંગ દેહનો નાશ થવાથી પુનર્જન્મ કદીએ નવ થાય. ૧૧
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૧૨
૪ અનેક છિદ્રાળા ઘટના ઉદરમાં રહેલો દીવો મ્હાન્,
તે દીવાના પ્રકાશ જેવું પ્રકાશ વાળું જેનું જ્ઞાન. ૧૩
ચક્ષુરાદિકરણોદ્વારા સ્ફુરેછે અંદરથી બ્હાર,
હું જાણું છું એવી રીતે અભિમાન જે છે ધરનાર. ૧૪
ભાસમાન તેનાજ થયે આ સહુ જગ પાછળ ભાસે છે,
એક છતાં જે અનેક રૂપે વિશ્વ બધે વિલાસે છે. ૧૫
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત્,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૧૬
૫ સ્ત્રી બાળક ને અંધ વળી જડની ઉપમા વાળાઓ જે,
અનેક એવા ભ્રાંતવાદિઓ અસત્યમાં સત્ય કલ્પે તે. ૧૭
શૂન્ય દેહ મે પ્રાણ ઇંદ્રિયો ચંચળ બુદ્ધિ એ સર્વે, '(ને)
"હું છુ" એવું તે તો નિશ્ચય માને છે મિથ્યા ગર્વે. ૧૮

તે માયા શક્તિના આ જે કાર્યરૂપ કલ્પિત સંસાર,
તેનો મોહ મહા આત્યંતિક આપજ છો કર્તા સંહાર. ૧૯
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૨૦
૬ રાહુથી ઘેરાયેલા જે સૂર્ય અને ઇંદુના જેમ,
આત્મા પણ માયાજ વડે સારી રીતે છુપાયો તેમ ૨૧
એજ પુરૂષ ચૈતન્યમાત્ર મન બુદ્ધિ વિલય પામ્યાથી,
સુષુપ્ત થયેલો સ્થૂલ કાર્યની વૃત્તિના વિરામ્યાથી. ૨૨
અને વળી જાગ્રતને સમયે હું તો પૂર્વે સૂપ્ત હતો,
એ રીતે જે સ્વાનુભવની સ્મૃતિનો વિષય કરતો. ૨૩
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત ૨૪
૭ બાલ્યાદિક અવસ્થામાં ને જાગ્રદ આદિકમાં જે જ્ઞાન,
ભિન્ન પરસ્પર સર્વ અવસ્થામાં પાછળ છે એક સમાન. ૨૫
હું છું એમ સર્વદા અંતર સ્ફુરણ વાળા જે કહાવે,
એવો જે પોતાનો આત્મા તેને ભજતા જે ભાવે. ૨૬
તેના હૃદય કમળની મધ્યે જે ભદ્રા મુદ્રા ધારી,
પ્રકટ કરે છે સ્વસંવેદ જે સુખ તે આપે અવિકારી. ૨૭
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૨૮
૮ ચો ગમથી જે આ જીવાત્મા માયાથી ભ્રાંતિ પામી,
સ્વપ્નવિષે અથવા જાગ્રતમાં અજ્ઞપણે થઇ બહુનામી. ૨૯
કાર્ય અને કારણ ભાવેથી ભિન્ન પરસ્પર થઇ આપે,
સ્વસ્વામી સંબંધ વડે તે પોતે પોતાને કલ્પે. ૩૦

શિષ્યાચાર્ય પિતાપુત્રાદિ ભાવ વડે નિજને પેખે,
સ્વરૂપથી આ ભેદવડે જે સઘળી સૃષ્ટિને દેખે (છે). ૩૧
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત્;
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૩૨

૯ પુરૂષ પૃથ્વિ જળ તેજ વાત ને સૂર્ય ચંદ્ર આકાશ વિષે,
એમ ચરાચર સ્વરૂપ જેની મૂર્તિનું અષ્ટક ભાસે. (છે) ૩૩
વિચારવાળા જે પુરૂષો તે વિભુરૂપ પરમાત્માથી,
વિશેષ બીજું કંઇ પણ ક્યારે વિદ્યમાન જોતાજ નથી. ૩૪
તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રી દક્ષિણા મૂર્તિ સાક્ષાત્,
આપ ચરણમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૩૫

૧૦ જે કારણથી આ સ્તોત્રમાં સર્વેમાં આત્માનો ભાવ,
સ્પષ્ટ કર્યો છે એ કારણથી જાણી તેનો મ્હાન્ પ્રભાવ. ૩૬
શ્રવણ કરી આના અર્થોનું મનન કરીને ધરતાં ધ્યાન,
અને નિરંતર ગદ ગદ કંઠે સારી રીતે કરતાં ગાન. ૩૭
મહાવિભૂતિ સહીત સર્વાત્મા ભાવે ઈશ્વર બુદ્ધિ,
પોતાની મેળેજ થાય છે સ્વરૂપના સુખની સિદ્ધિ. ૩૮
વળી તેમનું આઠ પ્રકારે પરિણામને જે પામી,
અભંગ જે ઐશ્વર્ય થાય છે પ્રણમુ તેને શિરનામી. ૩૯

૧૧ શ્લોક. ક્ષેપક. રાગ—સાહરે.

બેઠેલા વડવૃક્ષ સમીપે ભૂમીના ભાગોપર જે,
સર્વે મુનિજનોની સન્મુખ જ્ઞાનદાન દેનારા તે. ૪૦
જન્મ મરણ દુઃખ હરવામાં વિચક્ષણ ત્રિભુવન ગુરૂસ્વામી,
શ્રી દક્ષિણા મૂર્તિ દેવને નમસ્કાર હો શિરનામી. ૪૧

૧૨ મૂળ વિષે વડ વૃક્ષતણા છે શિષ્યો વૃદ્ધ ને ગુરૂ યુવાન,
શિષ્યો સંશયહીન અને છે ગુરૂતણું મૌનજ વ્યાખ્યાન.
(એ આશ્ચર્ય છે.) ૪૨

૧૩ શુદ્ધજ્ઞાન અદ્વય મૂર્તિ ઓંકાર અર્થ રૂપે સ્વામી,
નમસ્કાર હો આપ ચરણુમાં સર્વના અંતર્યામી. ૪૩
પ્રશાંત ને નિર્મળ શ્રીદક્ષિણા રૂપે સાક્ષાત્,
આપ ચરણુમાં સાષ્ટાંગે આ નમસ્કાર હો હે જગતાત. ૪૪
૧૪ વિદ્યાઓ સર્વના નિધિ ભવરોગીનો વૈદ્ય ગુરૂ,
સર્વ લોકના શ્રીદક્ષિણા મૂર્તિને પ્રણામ કરૂં. ૪૫
૧૫ શિષ્યોના અંતરમાં જેણે ભદ્રામુદ્રા ધારીને,
બ્રહ્મતત્ત્વને પ્રકટ કર્યું છે મૌન જ્ઞાન વિસ્તારીને. ૪૬
એવા જે યુવાવસ્થાને ધારી સન્મુખ જે રહેલા,
અતિ વૃદ્ધ ને બ્રહ્મનિષ્ઠ જે ઋષિઓથી ઘેરાએલા. ૪૭
હાથવડે જે કરેલ ભદ્રા મુદ્રાને ધારણ કરતા,
મોદરૂપ નિજાત્મારામ પ્રસન્ન વદન ભવ ભય હરતા. ૪૮
અને વળી આચાર્યોમાં જે ઇંદ્ર રૂપ કહાવે નિત્યે,
તે શ્રીદક્ષિણા મૂર્તિની સ્તુતિ કરૂં છું હું પ્રીતે. ૪૯

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ગીતા આ સંગીતના કર્તા શ્રી ભગવાન,
તેને પ્રણમી પ્રેમથી ધરૂં નિરંતર ધ્યાન. ૧
નામ, રૂપ, ગુણ, નાશ છે ચોથું પદ અવિનાશ;
સ્વસંવેદને સુખમાં કરતાં સતત વિલાસ ૨
વૃત્તિનો જે વેગ તે થયો અતિશય શાંત;
જય જય હો શ્રીનાથની હે કરુણાકર કાન્ત. ૩

ૐ

શ્રીમદ્ ભગવદ્ગીતાનાં સંગીતભાષાંતરનાં અગાઉથી ગ્રાહક થનાર સ્ત્રી વર્ગનાં નામો.

નામ.	ગામ.	નકલ.
શ્રીમતિ ઉજમલક્ષ્મી. હરિદાસ છત્રભુજ સોનીનાં ધર્મપત્નિ	જુનાગઢ.	૪૧
" જકલબાઇ. ગીરધરલાલ મોનજી સોનીનાં ધર્મપત્નિ	"	૨૧
સૌ. ઝબક બહેન. કન્યાશાળાનાં હેડ મિસ્ટ્રેસ	"	૫
" મુક્તાગૌરી. દવે મૂળશંકરનાં પુત્રી.	"	૫
શ્રીમતિ સાંકળીબાઇ. પોપટલાલ તારાચંદ વકીલનાં ભગીનિ.	"	૫
સૌ. બહેન સંતોક. રા. ગોવિંદજી ઠકરનાં પુત્રી	"	૨
શ્રીમતિ બહેન દસરા.	"	૧
" " રેવાબાઈ.	"	૧
" " ગંગાબાઇ.	"	૧
" " રાધાબાઇ.	"	૧
" " માણેકબાઇ.	"	૧
" " વીરૂબાઇ.	"	૧
સૌ. દીવાળી. નાગરદાસનાં ધર્મપત્નિ.	"	૧
" નર્મદા બહેન.	"	૧
" શાંતિદા બહેન.	"	૧
" જયકુંવર વલ્લભજી.	"	૧
" જડી. ગોવિંદજી વકીલનાં પુત્રી.	"	૧
" હરિ. શામજી વલ્લભજીનાં ધર્મપત્નિ.	"	૧

નામ.	ગામ. નકલ.
" શિવકુંવર. શ્રીમાન્ પાનાચદ જયચંદ મહેતાનાં ધર્મપત્નિ."	વઢવાણ શહેર ૧૦
શ્રીમતિ દીવાળી બહેન. શ્રીયુત્ ગગાદાસ શેઠનાં ભગીનિ. "	કેમ્પ. ૫
સૌ. મણિ. શ્રીયુત્ ગગાદાસ શેઠના. ધર્મપત્નિ	" ૫
સૌ. કાશીગૌરી. શ્રીયુત્ મગનલાલ ગોપીનાથ યાજ્ઞિકનાં ધર્મપત્નિ.	ઉસરડ. ૧૦
" અન્નપૂર્ણા. શ્રીયુત્ ઇચ્છાશકર કાશીરામ યાજ્ઞિકનાં ધર્મપત્નિ.	" ૧૦
" મણિકુંવર. " નંદલાલ વૈજનાથ યાજ્ઞિકનાં ધર્મપત્નિ.	" ૧૦
" ગંગાલક્ષ્મી. " કાનજી કલ્યાણજી યાજ્ઞિકનાં ધર્મપત્નિ	" ૧૦
" હરિકુંવર. " નરભેરામ વૈજનાથ યાજ્ઞિકનાં ધર્મપત્નિ.	" ૩
" ઉજમલક્ષ્મી. " ભગવાનલાલ વૈજનાથ યાજ્ઞિકનાં ધર્મપત્નિ	" ૩
" નર્મદા. " માધવજી નારણજી યાજ્ઞિકનાં ધર્મપત્નિ	" ૪
" ત્રિવેણી " હરગોવિંદદાસ અજરામર પંડ્યાનાં ધર્મપત્નિ. "	ભાવનગર. ૧૦
સૌ० અર્વિંદા. શ્રીયુત્ નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટનાં ધર્મપત્નિ	ભાવનગર. ૧૦
શ્રીમતિ બહેન મોંઘી શ્રીયુત્ દામોદર હીરાચંદનાં પુત્રી.	" ૧૦
,, દીવાળી શ્રીયુત્ મહાશંકર વકીલનાં ધર્મપત્નિ.	" ૩
સૌ० મોંઘી. શ્રીયુત્ પરમાનંદદાસ વિઠ્ઠલદાસનાં ધર્મપત્નિ.	" ૨
શ્રીમતિ ઉજમબાઇ.	" ૧
" અમૃતબાઇ.	તલાજા. ૨
" દૂધીબાઇ.	" ૧
" પ્રેમકુંવરબાઇ. નાગર ગૃહસ્થ.	પોરબંદર. ૧૫

નામ.	ગામ.	નકલ.
સૌ૦ મોધી. શ્રીયુત્ ગોવિંદજી અલ્લાભાઇ વકીલનાં ધર્મપત્નિ.	”	૫
સૌ૦ મોતી. શ્રીયુત્ પુરુષોત્તમદાસ રવજી કંટ્રાકટરનાં ધર્મપત્નિ.	રાજકોટ.	૧૦
સૌ૦ ગિરીજાલક્ષ્મી. શ્રીયુત્ જટાશંકર કેશવજીનાં ધર્મપત્નિ	વળા	૧૦
શ્રીમતિ 'બ્હેન કુંવર. ,, પાનાચંદ જયચંદ મહેતાનાં ભગીનિ	”	૫
સૌ૦ મુક્તાગૌરી કર્તાનાં પુત્રી.	મુંબઈ.	૫
,, કસુંબા. શ્રીયુત વત્સરાજ ભવાનનાં ધર્મપત્નિ,	ભીંગરાડ	૫
,, પ્રેમકુવર. ,, વ્રજલાલ ભવાનનાં ધર્મપત્નિ.	”	૫
શ્રીમતિ રામ. ભટ્ટ છગન રૂગનાથનાં ધર્મપત્નિ.	ટાણા.	૧૦
સૌ૦ માનકુવર. શ્રીયુત્ માધવજી મહાશંકર રાજ્યગુરુનાં ધર્મપત્નિ.	”	૨
શ્રીમતિ ધનકોર. દયારામ ગંગારામ ડૉકટરનાં ધર્મપત્નિ.	બાડેલી.	૧
શ્રીમતિ રંભાબાઇ. ચુનીલાલ શેઠના ધર્મપત્નિ	મહુવા.	૫

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ	પંક્તિ.	વિષય.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૨	નામ.	શ્રીમદ્ભગદ્ગીતા.	શ્રીમદ્ભગવદ્ગીતા
૨	૧	ધ્યાન	દેનાર	દેનારા
૩	૨	”	મુલ	મળ
૩	૩	”	અર્વિંદ	અર્વિંદ
૩	૫	”	થયા	થ્યા
૫	૧૪	માહાત્મ્ય.	નવ અધ્યાય	નવાધ્યાય
૫	૧૬	”	તેના	તેનો
૭	૭	અ૦ ૧ લો	સુણોઆત્રાર	સુણોહેરાયઆવાર
૭	૧૩	”	આજે	આ જે
૮	૧૦	”	સયુક્ત	સંયુક્ત
૮	૧૬	”	આજે	આ જે
૧૦	૨૪	”	દ્રપદ	દ્રુપદ
૧૧	૧૮	”	મુજરથને	મુજ આ રથને
૧૩	૨૩	”	દ્રૂવ્યનો	દ્રવ્યનો
૧૪	૩	”	મહિ	મહિં
૧૪	૯	”	મારીને	મારી અને
૧૬	૧૨	”	(એવાહું)	(એવો હું)
૧૭	૫	અ૦ ૨ જો	હવેકૃષ્ણુ કહે	હવે કહે કૃષ્ણુ
૨૩	૨૩	”	જુઓ	જુઓ
૨૪	૨૧	”	કીર્ત	કીર્તિ
૩૪	૧૧	અ૦ ૩ જો	કુંતાજીના	કુંતાજીના
૩૫	૭	”	મુંઢ	મૂઢ

પૃષ્ઠ.	પંક્તિ.	વિષય.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૫	૧૨	,,	દૂર—નાંખે	દૂર—નાંખે
૩૭	૨	,,	ઉદર	ઉદરે
૩૭	૧૬	,,	મળીયું	મળ્યું
૩૭	૧૭	,,	જાણીતું	જાણી તું
૩૯	૫	,,	મંદ અધિકારી	મદાધિકારી
૩૯	૯	,,	કર પ્રીતિ	કરપ્રીત
૪૧	૧૨	,,	હણે	હણુ
૪૪	૧૯	અ૦ ૪ થો.	આવા તે	આ વાતે
૪૮	૨૩	,,	સ શય	સંશયી
		અ૦ ૫ મો.	રાગ—રસગીતા	સરસગીતાને
૧૦૧	૭	અ૦ ૧૨ મો.	ઉપાસક એવા	ઉપાસક જે એવા
,,	,,	,,	તેઆ	તેઓ
૧૦૧	૯	,,	અવ્યક્તમાં આશક્તિ.	અવ્યક્તમાં જે આસક્તિ
૧૦૧	૧૫	,,	યોગવડે	યોગવડેજ
,	,,	,,	મને	મનેજ
૧૦૧	૧૯	,,	મૃત્યુ	મૃત્યુથી
૧૦૧	૨૦	,,	મારૂં	માહરું
૧૦૧	૨૧	,,	તારૂં	તાહરુ
૧૦૨	૫	,	તારી	તાહરી
૧૦૨	૬	,,	મારી	માહરી
૧૦૪	૫	,, સમાપ્તિમાં.	} : ક્રિયાગો.	ભક્તિયોગો.
,,	૧૨	અધ્યાય ૧૩ મો.	છેજજાણુનાર.	છે જે જાણુનાર
૧૦૫	૯	,,	અને ક્ષેત્રજ્ઞનું જે	અને જે ક્ષેત્રજ્ઞનું

પૃષ્ઠ	પંક્તિ.	વિષય.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૦૬	૨૪	”	શરીર	શિર
૧૦૮	૧૮	’	નિજના	નિજનો
૧૦૮	૨૧	”	વિનાશ	નાશ
૧૧૧	૧૦	અધ્યાય ૧૪ મો.	તેના	તેમા
૧૧૧	૧૪	”	હે કોંતેય ?	હે કાંતેય ? હું
’	૧૫	”	તણો છે	તણો છું
’	૧૯	’	બધ	બંધન
૧૧૨	૬	”	મોહ	મોહજ
”	૧૦	”	કર્મોથાય જો	કર્મોમાંય જો
૧૧૩	૧૧	”	પ્રમાદ બહુ	પ્રમાદ વળી બહુ
”	૨૪	”	ઋષિરાય	ઋષિઓરાય
૧૧૪	૧	”	સત્વગુણોથી	સત્વગુણોથી
૧૧૫	૪	’	મનમાંહ	મનમાંહ્ય
”	૧૩	”	કર્યાં	કાર્યો
”	૨૪	”	મિત્રમાં	મિત્રોમાં
૧૧૬	૨	’	કહેવાય	કહેવાયજ
”	૧૦	”	થાશે ને તદ્રૂપ	થાશે જે તદ્રૂપ
૧૧૮	૪	અધ્યાય ૧૫ મો.	જેવા જ્ઞાની	એવા જ્ઞાની
૧૨૧	૫	અધ્યાય ૧૫ મો	પુરુષાત્તમયોગો.	પુરુષોત્તમયોગો.
”	૮	” ૧૬ મો.	પૂન્યપણાની	પૂજ્યપણાની
૧૨૪	૧૭	” ”	ક્રૂરને	ક્રૂર તે
૧૨૬	૭	” ૧૭ મો.	સોની	સૌના
”	૯	” ”	પાર્થ !	(હે પાર્થ !)
૧૨૭	૧	અધ્યાય ૧૭ મો.	નથા	(તથા)

પૃષ્ઠ	પંક્તિ.	વિષય.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	૮	,,	અતિ	(અતિ)
,,	૯	,,	જેજેરે	જે જેહરે
,,	૧૦	,,	ચુર્ગંધવાળુ	દુર્ગંધવાળુ
,,	૨૩	,,	ઉદ્ગ્ગ	ઉદ્વેગ
૧૨૮	૪	,,	પુરુષ એ	પુરુષોએ
૧૨૯	૮	,,	કર્યા	કરે
,,	,,	,,	ભોગવે	જો ગર્વ
,,	૧૦	,,	પાર્થજ	પ્રાર્થ જે
,,	૧૨	,,	એમન	એમજ
,,	૧	અધ્યાય. ૧૮ મો.	ભૂમિથી	ભવનથી
૧૩૦	૪	,,	કઇક	કઇક
૧૩૧	૫	,,	ધષ્ટનિષ્ટ	ઇષ્ટાનિષ્ટ
,,	,,	,,	ત્રિધ	ત્રિધા
૧૩૩	૧	,,	લોભી ન	લોભીને
૧૩૬	૪	,,	શક્તિનો	શક્તિ તો
,,	૯	,,	ક્રોધ	ક્રોધજ
,,	૧૪	,,	ઉત્તમચારી	ઉત્તમાચારી
૧૩૭	૨૩	,,	પ્રમાણુ	પ્રણામ
૧૩૮	૬	,,	દેવા	લેવા
૧૩૮	૧૬	,,	પૂજિત	પૂજ્ય
,,	૨૪	,,	નહિ તેમ	નહિ કેમ
૧૪૨	૧૮	શ્રી૦ ૬૦ સ્તોત્ર	સ્વસંવેદ	સ્વસંવેદ્ય
૧૪૪	૧૦	,,	ધ્યક્ષનિષ્ટ	ધ્યક્ષસિદ્ધ
૧૪૪	૪	ઉપસંહાર.	સ્વસંવેદ	સ્વસંવેદ્ય

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

ભાવનગરઃ—શ્રીયુત્ મગનલાલ ગોપીનાથ
યાજ્ઞીક. ઠે. વડવા.

જુનાગઢઃ—સૌ૦ જબકબેહેન હેડમીસ્ટ્રેસ.

બીલખાઃ—વ્યવસ્થાપક આનંદાશ્રમ.

આ પુસ્તકના કર્તા તરફથી પ્રકટ થયેલ શ્રી વિજ્ઞાનચંદ્ર નામનું પુસ્તક ભાગ ૧ લો કીંમત રૂ. ૦-૪-૦ બીજી આવૃત્તિ તૈયાર છે. ઇચ્છા થાય તેમણે રા૦ રા૦ ગોપીનાથ વૈજનાથ કંટ્રાકટર ઑડીગયાર્ડ બીલ્ડીંગ જુનાગઢ અથવા મણિલાલ મગનલાલ ત્રિવેદી રાયપુર અમદાવાદ એ સરનામાથી પત્ર લખીને વિ. પિ. થી મંગાવી લેવું.

શ્રી સનાતનધર્મ પુસ્તક પ્રસારક કાર્યાલય.

હેડ ઑફીસ, રાયપુર—અમદાવાદ.

આ મંડળ તરફથી જનસેવાર્થે પ્રગટ થતાં પૂજ્યપાદ મહાત્મ શ્રી નથુરામ શર્મા પ્રણીત સનાતન ધર્મનાં બહુજ ઉપયોગી નીચેના પુસ્તકો મુમુક્ષુએ અવશ્ય વાચવાં જોઇએ

શ્રીમદ્ ભગવદ્‌ગીતાદિ પંચરત્નો—પૃષ્ઠ ૬૦૦ મૂલ્ય રૂ. ૦–૬– તૈયાર છે.

શ્રી શંકરાચાર્યકૃત અષ્ટાદશ (૧૮) રત્નોઃ—(૧ સાધનપંચક, ૨ સદાચારસ્તોત્ર, ૩ ષટ્પદી, ૪ વિજ્ઞાનનૌકા, ૫ વાક્યસુધા, ૬ હરિમીડે, ૭ યોગતારાવલિ, ૮ આત્મબોધ, ૯ તત્ત્વબોધ, ૧૦ સ્વાત્મનિરૂપણ, ૧૧ ચર્પટપંજરિકા, ૧૨ મોહમુદ્‌ગર, (દ્વાદશપંજરિકા,) ૧૩ સિદ્ધાંતબિંદુ, (નિર્વાણદસક,) ૧૪ વાક્યવૃત્તિ, ૧૫ અપરોક્ષાનુભૂતિ, ૧૬ વિવેકચૂડામણિ, ૧૭ શતશ્લોકી, (વેદાંત કેસરી,) ને ૧૮ ઉપદેશ સહસ્રી. (ગદ્યભાગ) મૂળ અર્થ અને વિવેચન સાથે. તે ઉપરાંત તેમાં શ્રી શંકરાચાર્યનું જીવનવૃત્તાંત પણ આવશે તેમજ ચાર સુંદર ચિત્રો પણ આવશે. પાંચ સોનેરી નામવાળું પાકું પુઠું થશે તે છતા આગળથી ગ્રાહક થનાર પાસેથી મૂલ્ય ફક્ત રૂ. ૧–૪–૦ લેવામાં આવશે. પછીથી મૂલ્ય રૂ. ૧–૬–૦ રખાશે. છપાય છે.

શ્રીરાસપંચાધ્યાયી—મૂળગ્રંથ, તેનો ભક્તિપક્ષનો અર્થ વિવેચન, જ્ઞાનપક્ષનો અર્થ અને વિવેચન બે સોનેરી નામવાળુ પાકુ પુઠું, મૂલ્ય રૂ. ૦–૭–૦ તૈયાર છે

અષ્ટાદશ રત્નનાં આગળથી ગ્રાહક થનાર ગૃહસ્થે પોતાનું નામ વગેરે લખી નીચે સહી કરનારને પત્રથી જણાવવું,